વર્ષ : 9 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2019
સળંગ અંક : 52

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

કવિતા રચતા કોઈ પણ માણસને, કવિતા શા માટે, કઈ રીતે અથવા કેવી રચવી એ વિશે બીજો કોઈ માણસ કે બીજું કોઈ સત્તામંડળ આજ્ઞા કરવા લાગે કે લલચાવવા લાગે, અને જ્યારે રચનાર એને ચુપ ન કરતાં પોતે ચુપ થઈ સાંભળવા લાગે, ત્યારે સાચા કવિકર્મનો અંત આવવા લાગે છે. ખરું સર્જનાત્મક કવિકર્મ ત્યારે જ સંભવે અને વિકસે જ્યારે માણસ આપસૂઝે, પોતાની મહેનતથી અને જવાબદારીથી, પોતાની મથામણ શરૂ કરે અને જાતે જાણવા લાગે કે કલાસર્જક તરીકે એનું કામ શું છે. કવિએ શું કરવું એનો હુકમ કરનારાઓ અથવા પોતે ધારે એ કવિ પાસે કરાવવા એને લલચાવનારાઓ તો એની આસપાસ મંડરાતા રહેવાના.

જે રાજ્યસત્તા (ધર્મસત્તા, આર્થિક સત્તા) પોતાની ભાષાના સાહિત્યકારો ઉપર ન વિશ્વાસ રાખી એમને વૈયક્તિક રીતે અને સંસ્થાકીય રીતે પોતાનો માર્ગ શોધવા, એ માર્ગે ચાલવા ન દેતાં, પોતે એમને દોરવણી આપવા નીકળી પડે, સાહિત્યકારો અને સાહિત્યિક સંસ્થાઓનું નિયમન પોતાના હાથમાં (સીધી કે આડકતરી રીતે) રાખવાનું યોગ્ય સમજે, એણે સોવિયેટ યુનિયનના સત્તાવાળાઓને હાથે રશિયન (આદિ) સાહિત્યની જે દુર્દશા થઈ હતી, એનો ઇતિહાસ જાણી લેવો જોઈએ. સોવિયેટ 'રાઇટર્સ યુનિયન' પરની ત્યાંની રાજ્યસત્તાની મડાપકડ જેનો એક અંશ હતી એવું સોવિયેટી શાસન, સરવાળે આખી રશિયન પ્રજાનેયે (અને યુનિયનની અન્ય પ્રજાઓને) ભારે નુકસાન કરીને જંપ્યું. આમ, વિશેષ મુદ્દો એ છે કે પોતાના સાહિત્યકારો ઉપર વિશ્વાસ રાખીને દેશના રાજ્યકર્તાઓએ (અને ધર્મ-અર્થકારણ-વહીવટ આદિ અધિકાર-સ્થાને બેઠેલા બીજાઓએ) પોતાની પ્રજાનું અહિત ન કરવું હોય તો એ પ્રજાની સર્જકતા પર, એના સાહિત્યસર્જકો પર વિશ્વાસ રાખવો જોઈએ, એમનું અને એમની સંસ્થાઓનું સંચાલન પોતાના હાથમાં લેવાની ભૂલ કરવી ન જોઈએ. સાહિત્યકારોએ આવી ભૂલ જ્યાં થતી હોય ત્યાં પોતે એ ભૂલનો ભાગ ન બને એની ખાસ ચોંપ (નિઃસ્વાર્થ અને નિર્ભયપણે તેમજ વ્યાપક શુભેચ્છાપૂર્વક) રાખવી જોઈએ, એવું મને જણાય છે અને પ્રગટપણે કહેવું જરૂરી લાગે છે. આ વાત જેટલી સૈદ્ધાન્તિક સ્તરે તેટલી જ વાસ્તવિક સ્તરે હંમેશાં પ્રસ્તુત છે; આજે પણ.

**– સિતાંશુ યશશ્ચંદ્ર**





શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થી વંદન રાવલ લિખિત નવલકથાનું વિમોચન રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજી દ્વારા કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.



ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની કોલેજો દ્વારા આયોજિત આવકારોત્સવ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટશ્રી ડૉ. કનુભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે.



રાષ્ટ્રના ૭૩મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી અંતર્ગત કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના મંત્રીશ્રી ડૉ. જયંતીભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ તે પ્રસંગનું દ્રશ્ય.



મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી રહયા છે તે દ્રશ્ય.





શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા રાષ્ટ્રના ૭૩મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી અંતર્ગત કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ તે પ્રસંગનાં બે દ્રશ્યો.



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત વાર્તાલાપ 'કેન્દ્રિય બેજટ ૨૦૧૯' સંદર્ભે વક્તવ્ય આપી રહેલા ટેક્ષ કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી મહેશભાઈ પટેલ.




કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત ૪૮મી 'સર્વ નેતૃત્વ તાલીમ શિબિર'ના શિબિરાર્થીઓ...

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૯, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૯; સળંગ અંક : ૫૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : Public Intellectual ગિરીશ કારનાડ (૧૯૩૮-૨૦૧૯) — મણિભાઈ પ્રજાપતિ — ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી એ સૌ પાયાના સેવકો હતા — વકીલ ધનાભાઈ હ. પટેલ — ૪

૨. પુરાણોમાં ઇતિહાસ — મોહનલાલ પટેલ — ૬

૩. શિક્ષણ કઈ દિશામાં ? — સ્વાતિ જોશી — ૮

૪. સરસ્વતીનું વસ્ત્રહરણ — તુલસીભાઈ પટેલ — ૧૩

૫. શિક્ષણ ગુણવત્તાની કઈ સંકલ્પના સાચી ? માનવીય કે ભૌતિક — પ્રિ. ડૉ. ગંગાધર પ્રજાપતિ — ૧૬

૬. કર્મ-સિદ્ધાંત અને જિનેટિક્સ — પ્રિ. ડાહ્યાભાઈ જ. પટેલ — ૧૮

૭. તડકાનાં તીખાં ઝરણાં — ભગીરથ બ્રહ્મભટ્ટ — ૨૫

૮. પિયેર્રી ડી ફર્મા — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૭

૯. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૩
- કુલપતિની કલમે (આદિવચન સંગ્રહ) / પ્રો. બી. એ. પ્રજાપતિ
- અભિષેક : રમેશ ત્રિવેદીની લઘુકથાઓ અને આસ્વાદ / સંપા. રમેશ ત્રિવેદી
- પ્રકાશ ન. શાહ : માતબર મુલાકાતો સ્વરૂપે વ્યક્તિવિશેષના જીવન-સર્જનનું અંતરંગ આલેખન / ઉર્વીશ કોઠારી

૧૦. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૪૦
- શાળા વિભાગ — ૪૫


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### Public Intellectual ગિરીશ કારનાડ (૧૯૩૮-૨૦૧૯)

કન્નડ ભારતીય સાહિત્યના પ્રબુદ્ધ સર્જક – નાટ્યકાર, ફિલ્મ અભિનેતા – દિગ્દર્શક – પટકથા લેખક, કર્મશીલ (activist), સ્વસ્થ અને નિર્ભીક વિચારક અને સવિશેષતઃ સામાજિક સૌહાર્દના સમર્થક ગિરીશ કારનાડનું ૮૧ વર્ષની વયે બેંગ્લોરમાં તા. ૧૦, જૂન, ૨૦૧૯ના રોજ અવસાન થયું. આ એ ગિરીશ કારનાડ હતા કે જેઓ આજીવન અંતરાત્માના અવાજ અનુસાર ચાલતા રહેવા ઉપરાંત વાણીસ્વાતંત્ર્ય અને બહુસંસ્કૃતિવાદના પુરસ્કર્તા રહ્યા હતા. અને આ સાથે જ ધાર્મિક રૂઢિવાદ અને જમણેરી વિચારધારાના નિર્ભીક આલોચક રહ્યા હતા. તેમણે તેમની આ ઓળખ જિંદગીના અંત સમય સુધી બરકરાર રાખી હતી. તેમના આ વ્યક્તિત્વને ઉજાગર કરતી કેટલીક નોંધપાત્ર ઘટનાઓ પૈકી ત્રણેક જોઈએ : વર્ષ ૧૯૭૫માં ઇંદિરા ગાંધીએ રાષ્ટ્રમાં કટોકટી જાહેર કરતાં, કટોકટીના સમર્થનમાં ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર પદેથી રાજીનામું આપી છૂટા થયાનું મુનાસિબ ગણ્યું હતું. કર્ણાટકના પ્રગતિશીલ લિંગાયત, વચન સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન અને પ્રખર બૌદ્ધિક એમ. એમ. કલબુર્ગી (૧૯૩૮)ની ધારવાડમાં તેમના નિવાસસ્થાને તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ હત્યા કરવામાં આવી હતી ત્યારે, અને બેંગ્લોરથી કન્નડમાં પ્રગટ થતા 'ગૌરી લંકેશ પત્રિકે'નાં તંત્રી, સુપ્રસિદ્ધ પત્રકાર અને હિંદુ રાજનીતિનાં કટ્ટર ટીકાકાર ગૌરી લંકેશ (૧૯૬૨)ની તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ તેમના નિવાસસ્થાને હત્યા કરવામાં આવી હતી ત્યારે કારનાડે આ બંને ઘટનાઓની કડક શબ્દોમાં

ભર્ત્સના કરવા ઉપરાંત ગૌરીની હત્યાની પ્રથમ વરસીએ કાઢવામાં આવેલી મૌન રેલી સમયે તેમનું સ્વાસ્થ્ય ખરાબ હોવા છતાં પણ પોતાના ગળામાં **'Me Too Urban Naxal'** = 'હું પણ શહેરી નક્સલ'નું પ્લેકાર્ડ પહેરીને તેનો વિરોધ નોંધાવા ઉપસ્થિત રહ્યા હતા અને મીડિયાને દો ટૂક શબ્દોમાં જણાવ્યું હતું કે "ભયાવહ એ નથી કે નક્સલ અથવા આતંકવાદીઓ શું કરી રહ્યા છે, પરંતુ પોલીસ જે કરી રહી છે તે ભયાવહ છે. બૌદ્ધિકો ઉપર બેબુનિયાદ આરોપો મૂકવામાં આવી રહ્યા છે. આ તાર્કિક રીત નથી. આ રીત ભયજનક છે કેમ કે તેમને એમ છે કે તેઓ જે ઇચ્છે તે કરી શકે છે. કોઈ વ્યક્તિ પૂનામાં કોઈ કેસની તપાસ કરી રહી છે અને દિલ્હીથી તેને નિર્દેશ આપવામાં આવે છે. આ દુઃખદ બાબત છે. **જો વિરોધ કરવાનો અર્થ નક્સલ જ હોય તો 'હું પણ અર્બન નક્સલ છું.' મને ગર્વ છે કે મારું નામ આ યાદીમાં છે."** વધુમાં, તેમણે એક અન્ય પ્રસંગે આક્રોશપૂર્વક કહ્યું હતું કે 'I really feel that secularism is the great legacy that we have and we need to fight for it. There are forces that have eaten away it and made the country a dangerous place.' આ ઉપરાંત નોબેલ પુરસ્કાર વિજેતા વી. એસ. નાયપોલ દ્વારા તેમની કૃતિઓ ઉદા. તરીકે 'India : A Wounded Civilization' વગેરેમાં અભિવ્યક્ત કરેલ ભારત વિરોધી વલણ, મુસલમાનોની કરવામાં આવેલ ટીકા વગેરે સંબંધી વિચારોને ધ્યાને લઈ મુંબઈના સાહિત્ય સંમેલનના આયોજકો દ્વારા નાયપોલને 'લાઈફટાઈમ એચિવમેન્ટ અવૉર્ડ'થી સન્માનિત કરવાના અવસરે તેમણે આયોજકોની સાથે નાયપોલની પણ ભારે ટીકા કરી હતી. આમ, તેઓ ખરા અર્થમાં એક Public Intellectual અને ધર્મનિરપેક્ષ તરીકે સ્વધર્મના પાલન અર્થે શાસન કે રૂઢિવાદી માનસ ધરાવનારાઓ સામે જીવના જોખમે ઝઝૂમતા રહ્યા હતા. તેમની આ પ્રકૃતિ તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ હતી.

કારનાડ ૨૦મી સદીના ઉત્તરાર્ધના આધુનિક ભારતીય નાટ્યસાહિત્યના શીર્ષસ્થ સર્જકો સર્વશ્રી બાદલ સરકાર, વિજય તેંડુલકર, મોહન રાકેશ વગેરેની હરોળમાં સ્થાન ધરાવનાર પ્રતિભાસંપન્ન નાટ્યકાર હતા. તેમણે તખ્તાલાયક નાટકોની રચના કન્નડ ભાષામાં કરી હતી, જેના અંગ્રેજી અનુવાદો તેમણે સ્વયં કર્યા છે. વધુમાં, તેમણે પોતાનાં નાટકોનું વિષયવસ્તુ પ્રાચીન / મધ્યકાલીન ભારતનો ઇતિહાસ, પુરાકથા, લોકકથા, દંતકથા વગેરેમાંથી પસંદ કરીને અને તેમાં સમયોચિત પરિવર્તનો કરીને પ્રવર્તમાન સમયની સામાજિક – રાજકીય સમસ્યાઓ અને પ્રશ્નોને વાચા આપવા પ્રયાસ કર્યો છે. તેમણે ફક્ત ૨૪ વર્ષની વયે રચેલ સીમાચિહ્નરૂપ નાટક, 'તઘલક' (૧૯૬૪) એ તેમને ભારતીય નાટ્યસાહિત્યના એક પ્રતિભાશાળી નાટ્યકાર તરીકે પ્રસ્થાપિત કરી દીધા હતા. આ નાટકની સર્વપ્રથમ ભજવણી ઈ. સ. ૧૯૭૦માં નેશનલ સ્કૂલ ઑફ ડ્રામાના ઉપક્રમે તેના ડાયરેક્ટર અને વિખ્યાત દિગ્દર્શક ઇબ્રાહીમ અલકાઝીના દિગ્દર્શન હેઠળ તેની ઐતિહાસિક પ્રશ્ચાદભૂમિકાને ધ્યાને લઈને દિલ્હીના પુરાના કિલ્લામાં કરવામાં આવી હતી. ભારતના ૧૩મી સદીના શાસક મહમ્મદ બિન તઘલકની રીતિ-નીતિની જાતમાહિતી મેળવવા માટે ઈશ્વરીપ્રસાદ વગેરે ઇતિહાસકારોના ગ્રંથોનું સઘન અધ્યયન કરીને 'તઘલક'ના માધ્યમથી સ્વાતંત્ર્યોત્તર ભારતની અવદશાને કલાત્મક ઉજાગર કરી આપી છે. આ સંદર્ભે કારનાડે સ્વયં કહ્યું છે કે 'the play certainty reflects the disillusionment that my generation felt with new politics of independent India, the realpolitik, the cynicism, the gradual erosion of ethical norms.' આ ઉપરાંત 'હયવદન' (૧૯૭૧) પણ તેમનાં શ્રેષ્ઠ નાટકો પૈકીનું એક વિશિષ્ટ નાટક છે કે જે પુરાકથા આધારિત છે, કે જેમાં વ્યક્તિ ઓળખની સાથે સામાજિક બંધનોમાંથી સ્ત્રી વિમુક્તિની વાત કરવામાં આવી છે. અહીં કર્ણાટકમાં પરંપરાગત / લોકનાટ્ય – યક્ષગાનમાં પ્રચલિત કેટલાંક જીવંત રંગતત્ત્વોનો વિનિયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમણે યયાતિ (૧૯૬૧), અંજુમલ્લિગે (૧૯૭૭), હિટ્ટીના હૂંજા (૧૯૮૦), નાગમંડળ (૧૯૮૮), અગ્નિ મટ્ટુ માલે – The Fire and the Rain (૧૯૯૮), તલેદંડ (૧૯૯૦), The Dreams of Tipu Sultan (૨૦૦૦), Two Monologues : Flowers and Broken Images (૨૦૦૫), Bali : The Sacrifice, Wedding Album (૨૦૦૮) વગેરે સફળ નાટકોની રચના કરી છે. આ પૈકીનાં ઘણાં ખરાં નાટકો અપર્ણા ભાર્ગવ દ્વારા સંપાદિત 'Collected Plays of Karnard', 2 vols.માં

ગ્રંથસ્થ છે. આ બંને ગ્રંથો અને બાકીનાં નાટકો ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત છે. તેમનાં આ બધાં નાટકો વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદિત થવા ઉપરાંત ભારતીય નાટકોના શ્રેષ્ઠ દિગ્દર્શકો એવા ઇબ્રાહીમ અલ્કાઝી, બી. વી. કારંથ, એલિક પદમસી, પ્રસન્ના, અરવિંદ ગૌર, સત્યદેવ દુબે, વિજયા મેહતા, શ્યામનંદન જાલાન, જફર મોહિયુદ્દીન, પી. એસ. ચારી વગેરેના દિગ્દર્શન હેઠળ અનેકવાર ભજવાયાં પણ છે.

આપણા પ્રતિભાશીલ નાટ્યવિદ અને નાટ્યકર્મી મહેશ ચંપકલાલે ગિરીશ કારનાડ સાથેનાં સંસ્મરણો (''ગિરીશ કારનાડ અને હું : એક સ્મરણકથા.'' *શબ્દસૃષ્ટિ* ૩૬.૭ (૨૦૧૯) : ૧૮-૨૦) વર્ણવતાં નોંધ્યું છે કે 'મારી દૃષ્ટિએ ગિરીશ કારનાડ સાચા અર્થમાં ભારતીય નાટ્યકાર છે. ઇતિહાસ, પુરાણ, મહાકાવ્ય, લોકકથા વગેરેમાંથી ખ્યાત વસ્તુ લઈ તથા સંસ્કૃત નાટ્યપ્રણાલી અને પારંપરિક રંગમંચનાં વિભિન્ન તત્ત્વોનો સર્જનાત્મક વિનિયોગ કરી, પૂર્ણપણે ભારતીય કહી શકાય તેવાં નાટકો તેમણે લખ્યાં છે... તેમણે ભારતીય રંગભૂમિને સમૃદ્ધ કરી છે.' વધુમાં, તેમણે કારનાડનાં નાટકોના ગુજરાતી અનુવાદો વિશે જણાવ્યું છે કે ચિનુ મોદી અને જગદીશ ભટ્ટે પોતપોતાની રીતે 'હયવદન'ના અનુવાદો કર્યા છે, પરંતુ અપ્રગટ છે. તેમણે સ્વયં 'અગ્નિ મત્તુ મલે' = The Fire and the Rainનો કરેલ ગુજરાતી અનુવાદ 'અગ્નિ અને વરસાદ' શીર્ષક હેઠળ પ્રકાશિત છે. ઉષા ઉપાધ્યાય દ્વારા 'નાગમંડલ'નો અનુવાદ કરવામાં આવ્યો છે. આ ત્રણેય નાટકોની ભજવણી અનુક્રમે અમદાવાદ, વડોદરા અને બેંગ્લોરમાં કરવામાં આવી હતી.

ગિરીશ કારનાડે નાટ્યક્ષેત્ર ઉપરાંત ફિલ્મ – સવિશેષતઃ કન્નડ અને હિંદી – ક્ષેત્રને પણ રળિયાત કર્યું છે. તેમણે પ્રથમ કન્નડ ફિલ્મ 'સંસ્કાર' (૧૯૭૦)થી શરૂ કરી અંતિમ હિંદી ફિલ્મ 'ટાઈગર જિન્દા હૈ' (૨૦૧૮) સુધીમાં ૧૨૦થી અધિક ફિલ્મોમાં અભિનેતા યા પટકથા લેખક યા દિગ્દર્શક યા નિર્માતા તરીકેની ભૂમિકા અદા કરી હતી. પ્રથમ ફિલ્મ 'સંસ્કાર'ના પટકથા લેખક અને અભિનેતા તરીકે તેમને કન્નડ સિનેમાનો પ્રથમ 'પ્રેસિડેન્ટ ગોલ્ડન લોટસ અવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. કારનાડને નેશનલ ફિલ્મ અવૉર્ડ્સ, ફિલ્મફેયર અવૉર્ડ્સ, કર્ણાટક સ્ટેટ ફિલ્મ અવૉર્ડ્સ વગેરે અવૉર્ડ્સ વિવિધ ફિલ્મોમાં શ્રેષ્ઠ પ્રદાન માટે એકાધિક વખત અર્પણ કરવામાં આવ્યા છે. ડૉ. કુરિઅનના નેતૃત્વ હેઠળ ગુજરાતની 'અમૂલ ડેરી' દ્વારા શ્વેતક્રાંતિ હાંસલ કરતાં આ વિશેની ફિલ્મ 'મંથન'માં કારનાડની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. આ ફિલ્મ નેશનલ અવૉર્ડથી વિભૂષિત કરવામાં આવી હતી. તેમણે ફિલ્મ ઉપરાંત દસ્તાવેજી ફિલ્મો ડી. આર. બેન્દ્રે (૧૯૭૨), કનક પુરંદર (૧૯૮૮) The Lamp in the Nitch (૧૯૮૯) વગેરેનું નિર્માણ કર્યું છે. ટી.વી. ધારાવાહિકો 'માલગુડી ડેઝ (૧૯૮૭), ઇન્દ્રધનુષ (૧૯૮૯), સુરાજનામા, Turning Point (૧૯૯૦) વગેરેમાં યશસ્વી યોગદાન આપ્યું હતું.

કન્નડ ભાષામાં નાટ્યલેખન અને તેના અંગ્રેજી અનુવાદો ઉપરાંત કન્નડ ભાષામાં આત્મકથા 'અદાદત આયુષ્ય' = 'A Life Spent Playfully' (૨૦૧૧)નું સર્જન કર્યું છે. આ ઉપરાંત વિખ્યાત નાટ્યકાર બાદલ સરકાર કૃત નાટક 'એવં ઇન્દ્રજિત' (૧૯૭૪)નો અંગ્રેજી અનુવાદ પણ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ગિરીશ કારનાડનો જન્મ કોંકણી ભાષી મેંગ્લોરના સારસ્વત બ્રાહ્મણ પરિવારમાં માથેરાન (મહારાષ્ટ્ર)માં ૧૯ મે, ૧૯૩૮ના રોજ થયો હતો. પિતા ડૉ. રઘુનાથ વ્યવસાયે તબીબ અને માતા કૃષ્ણાબાઈ નર્સ હતાં. તેમના પરિવારમાં તેમનાં પત્ની ડૉ. સરસ્વતી ગણપતિ, પુત્રી ડૉ. શાલ્મલિ રાધા અને પત્રકાર પુત્ર રઘુ છે. તેમનો પરિવાર બેંગ્લોરમાં સ્થાયી થયેલ છે. તેમનું પ્રારંભિક જીવન સિરસિ અને ધારવાડમાં વીત્યું હતું. તેમણે ધારવાડની કર્ણાટક કૉલેજ ઑફ આર્ટ્સ (યુનિવર્સિટી ઑફ કર્ણાટક)માંથી બી.એ. (૧૯૫૮)ની ડિગ્રી ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સાથે મેળવી હતી. સ્નાતક થયા બાદ Rhodes Scholarship (૧૯૬૦-૬૩) એનાયત થતાં Magdalan College, Oxford University, Oxfordમાંથી એમ.એ.ની ડિગ્રી તત્ત્વજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં મેળવી હતી. આ અભ્યાસ દરમિયાન વર્ષ ૧૯૬૨-૬૩માં ઑક્સફર્ડ યુનિઅનના પ્રેસિડેન્ટ તરીકે પણ ચૂંટાઈ આવ્યા હતા. તેમણે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તૂર્ત જ ૧૯૬૩-૭૦ સુધી ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની ચેન્નઈ શાખામાં પ્રારંભમાં આસિસ્ટન્ટ મૅનેજર અને ત્યારબાદ મૅનેજર તરીકે સેવાઓ આપીને લેખનપ્રવૃત્તિ માટે વિશેષ

સમય ફાળવવાના હેતુસર સેવાનિવૃત્ત થયા હતા. આ દરમિયાન સુપ્રસિદ્ધ નાટ્યકાર, ફિલ્મ દિગ્દર્શક અને અભિનેતા તરીકે ખ્યાતિપ્રાપ્ત થતાં ૧૯૭૪-૭૫ દરમિયાન પૂનાની વિખ્યાત ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના ડાયરેક્ટર, ૧૯૮૭-૮૮માં યુનિવર્સિટી ઑફ શિકાગોમાં વિઝિટિંગ પ્રોફેસર અને ફુલબ્રાઈ પ્લેરાઈટ – ઈન – રેસિડેન્ટ, ૧૯૮૮-૯૩ સુધી 'સંગીત – નાટક અકાદમી', નવી દિલ્હીના ચેરમેન, ૨૦૦૦-૦૩ દરમિયાન ડાયરેક્ટર, નહેરુ સેન્ટર અને મિનિસ્ટર ઑફ કલ્ચર, ઇન્ડિયન હાઈકમિશન, લંડન તરીકે સેવાઓ આપી હતી.

**પ્રાપ્ત પુરસ્કારો પ્રાપ્ત ગણમાન્ય પુરસ્કારો પૈકી કેટલાક**

* 'પદ્મશ્રી', ભારતના રાષ્ટ્રપતિ દ્વારા, ૧૯૭૪
* 'પદ્મભૂષણ', ભારતના રાષ્ટ્રપતિ દ્વારા, ૧૯૯૨
* 'જ્ઞાનપીઠ અવૉર્ડ', ૧૯૯૮
* 'સાહિત્ય અકાદેમી અવૉર્ડ', ૧૯૯૪
* 'કાલિદાસ સમ્માન', ૧૯૯૪
* 'હોમી ભાભા ફેલોશિપ', ૧૯૭૦-૭૧
* 'સંગીત નાટક અકાદમી અવૉર્ડ', ૧૯૭૨
* 'કન્નડ સાહિત્ય પરિષદ અવૉર્ડ', ૧૯૯૨
* D. Litt.-University of Suthern California, Los Angeles, ૨૦૧૧.
* 'ગુબ્બી વીરન્ના અવૉર્ડ' નાટ્યલેખન માટે
* ડૉ. ડી. એમ. એ. પાઈ ડિસ્ટિંગ્વિશ એચિવમેન્ટ અવૉર્ડ ફોર પરફોર્મિંગ આર્ટ્સ. ૧૯૯૬
* કન્નડ ફિલ્મો, 'વંશવૃક્ષ', 'કાડુ', 'ભૂમિકા', 'કનક', 'પુરંદર', 'આનંદ ભૈરવી' વગેરે અને હિંદી ફિલ્મો 'ગોધૂલી', 'આશા', 'તિસરી કસમ' વગેરેના દિગ્દર્શક યા અભિનેતા – સહઅભિનેતા યા પટકથા લેખક વગેરે પૈકીની શ્રેષ્ઠ કામગીરી માટે 'નેશનલ ફિલ્મ અવૉર્ડ્સ, 'ફિલ્મફેર અવૉર્ડ્સ સાઉથ', 'કર્ણાટક સ્ટેટ ફિલ્મ અવૉર્ડ્સ' અને 'ફિલ્મફેર અવૉર્ડ્સ હિંદી' પુરસ્કારોથી અનેકવાર પુરસ્કૃત થયા છે.

આવા, ખરા અર્થમાં રાષ્ટ્રના ગૌરવપુરુષ એવા બહુમુખી અને બહુશ્રુત વ્યક્તિત્વથી સંપન્ન તથા ધર્મનિરપેક્ષ public intellectual ગિરીશ કારનાડને સર્વ વિદ્યાલય પરિવારની સો-સો સલામ !

**– મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી

# એ સૌ પાયાના સેવકો હતા

**વકીલ ધનાભાઈ હ. પટેલ**

સને ૧૯૩૨-૩૩ની સાલમાં હું વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે અને સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયો. નવા આવનાર વિદ્યાર્થીઓના મનપારખુ એવા અમારા નાના વિદ્યાર્થીઓના ગૃહપતિ હતા શ્રી રતિભાઈ અમીન સાહેબ. અમારી સાથે રમે, અમોને રમાડે. ખાવામાં, પીવામાં, વાંચવામાં, સૂવામાં નિયમિતતા લાવતા જાય. પ્રશ્નપેટી રાખે. અમો બધા જે મુશ્કેલીઓ કહી ના શકીએ તે લખી તેમાં નાખીએ. તે પ્રશ્નોના ખુલાસા કરે. ચર્ચા સભાઓ, હસ્તલિખિત માસિકો, ગામડાંની મુસાફરીઓ વગેરે પ્રવૃત્તિઓ પ્રેરતા રહે પગાર તરફ લક્ષ જ નહિ. એ નોકર નહિ પણ પાયાના સેવક હતા. બાળકોના અમે ઘડવૈયા છીએ તેવી ફોરમ તેમની ફોરતી.

ગૌશાળામાં તેવા પાયાના સેવક બિરાજેલા હતા શ્રી શંકરભાઈ જેશીંગદાસ પટેલ લાંઘણજના. સવા બસો વીઘા જમીનના ખૂણે ખૂણે તેમની નજર ફરતી અને પગ ફરતા. હાથમાં લાકડી – કોદાળી કે ખભે ધારિયું લઈ ફરવા નીકળે. નકામો છોડ દેખે એટલે મૅનેજરપણું ભૂલી જઈ ખેડૂત બની જઈ તેને ખોદી નાંખતા. બીજાને હુકમ કરે નહિ. તેમનું જોઈ બીજા પણ તેમ જ કરતા. તેમની

લાડલી દીકરી ઇચ્છાબહેન. ગૌશાળામાં શકરિયાં વાવેલાં. બેત્રણ શકરિયાં ખોદી લાવી. શંકરભાઈએ તે જોયું. ત્રણચાર તમાચા મારી દીધા. શકરિયાં આશ્રમના રસોડે મોકલી આપ્યાં. ગૌશાળામાં રહેતો કર્મચારી વર્ગ પડેલા કેરીના મરવા પણ ના વાપરતો. એ પાયાના સેવકની ફોરમ ગૌશાળામાંથી ફોરતી. આજે પણ વાત કરીએ છીએ તો ગૌશાળા પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ ઊભરાવા લાગે છે.

સર્વ વિદ્યાલય અને આશ્રમને પોતાની સેવાની ફોરમથી ભરી દેતી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવી ત્રિપુટી સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ. ઋષિ જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો અને સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સૌને ખેંચતો. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલ્યે ચાલ્યા જતાં જતાં પણ આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. જ્ઞાન-વિદ્યા તમે ગ્રહણ નહિ કરો તો તે તમને ગ્રહણ કરી દેશે તેવા અભ્યાસી વાતાવરણને સદા સ્થપાયેલું રાખવાનું અનોખું વ્યક્તિત્વ ધરાવતા શ્રી છગનભાઈ વિદ્યાર્થીઓનાં ટીખળી અને તોફાની તત્ત્વોને વીણી કાઢતા અને ઠોઠ નિશાળિયો પણ તેમના હાથે ઘડાઈ જતો. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સીંચનારા તે ઋષિવર્યો હતા. સ્વ. શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલ સાહેબની ત્રિપુટી વિદ્યાર્થીઓમાં હાજરજવાબીપણું, સાહિત્ય તરફની અભિરુચિ કેળવતી. આનંદી વાતાવરણ સદા ખડું કરતી. કડિયાના લેલા માફક ઘડતરનું કામ કર્યા કરતી.

સુથારી વર્ગ અને શિવણ વર્ગ ચલાવતા શ્રી સોમાભાઈ, ખડતલપણું અને ખુમારીનાં તત્ત્વો ખીલવતા શ્રી ઈનામદાર, જીવંત વિજ્ઞાનધારી શ્રી સદાશિવ મહેતા, ઘુઘવાટા કરતી સરિતા જેવા શ્રી અંજારિયા આજે પણ માનસ પટ ઉપર આ સંસ્થાના પાયાના સેવકો તરીકે નજર સમક્ષ આવી ઊભા રહે છે. પગારની રકમો તો આજે મોંઘવારી ભથ્થું મળે છે તેટલી પણ નહિ હોય પણ સંસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક સદા તત્પર રહેતા અને કામ કરતા આ બધા પાયાના સેવકો હતા. સને ૧૯૪૦માં આ જ્ઞાનની ગંગાનાં નીર પીવાય તેટલાં પી અમે કૉલેજો તરફ ગયા. સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓની શિસ્ત, અભ્યાસ કરવાની તમન્ના અને કસરતી શરીરના બાંધા કૉલેજોમાં પણ સન્માનનીય વાતાવરણ ઊભું કરતા.

જ્યારે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ બની ત્યારે પૂ. સ્વ. જેઠાલાલ સ્વામીનારાયણ પ્રોફેસર સાહેબે પોતાની સેવાઓ તેના પાયામાં નાખી હાઈસ્કૂલનો પાયો મજબૂત બનાવેલો. છેક અમદાવાદથી ગણિત શિખવાડવા માનદપણે તે પધારતા. અને પછી તો સંસ્થા ફલક ઉપર પોતપોતાના આગવા વ્યક્તિત્વથી ઘણા શિક્ષકો આવ્યા અને ગયા અને સંસ્થાની તેમજ વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ સાહેબ આચાર્ય તરીકે આ સંસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર કાયમી છાપ મૂકવામાં અગ્રેસર રહેલા છે. તેમના પગલે આજના આચાર્ય શ્રી મોહનભાઈ અને શિક્ષકો પાયાના સેવકો તરીકે સેવાઓ આપી રહેલા છે.

સંસ્થાની સુવર્ણ જયંતીને મહાન સફળ પ્રસંગ બનાવવા સૌ હયાત વિદ્યાર્થીઓ અને સેવકો પોતાની શક્તિઓ કામે લગાડે. ગરીબ વિદ્યાર્થીઓને ભોજન ખર્ચમાં મદદ આપી શકાય તેવું ભંડોળ ઊભું કરવા તેમજ સંસ્થાનાં ચાલુ કામો પૂરાં કરવા પણ મોટું ફંડ થાય તેવી પ્રવૃત્તિઓ ઉપાડવા અને અમલ કરવામાં આ સૌ પાયાના સેવકો આપણી પ્રેરણા બની રહો તે અભ્યર્થના.

**(સૌજન્ય : સુવર્ણ જયંતી : સર્વવિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ ૧, અંક ૧૮, તા. ૨૨ જાન્યુઆરી, ૧૯૭૦ પૃ. ૩)**

*કવિ સમાજની કોઈ નૈતિક સત્તા કે રાજ્યની કોઈ ભૌતિક સત્તાને આધીન નથી. કવિ એના અંતરાત્માને આધીન છે. કવિના સર્વાધિકાર સ્વાધીન છે. પ્રતિભા સમક્ષ કવિની એક મનુષ્ય તરીકેની કોઈ સત્તા કે મહત્તા નથી, તો અન્યની ક્યાંથી જ હોય ? કવિ એની પ્રતિભામાં પ્રતિબદ્ધ છે.*

*– નિરંજન ભગત*

# પુરાણોમાં ઈતિહાસ

**મોહનલાલ પટેલ**

મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસની ઘણી ઘટનાઓ કાં તો શોધાયા વગર જ રહી ગઈ છે અથવા તો એ સંદિગ્ધરૂપે રજૂ થઈ છે. આપણા મધ્યકાલીન ઇતિહાસ માટે આપણે મુસલમાની સલ્તનત સાથે સંકળાયેલા ઇતિહાસકારો અને એમણે કરેલાં વર્ણન ઉપર ઘણો આધાર રાખવો પડ્યો છે અથવા પરદેશીઓએ જે કંઈ કહ્યું એને લક્ષમાં લેવું પડ્યું છે.

આ ઊણપ પૂરી કરવા માટે આપણા વર્તમાન ઇતિહાસવિદોએ અને સંશોધકોએ ક્ષીરનીરવિવેક દાખવીને ગુજરાતનો પ્રમાણભૂત ઇતિહાસ પ્રકાશમાં લાવવા પ્રયત્ન કર્યો છે. આ પુરુષાર્થમાં તત્કાલીન કાવ્યો, પ્રબંધો, નાટકો, શિલાલેખો, દાનપત્રો વગેરે ખૂબ ઉપયોગી નીવડ્યાં છે. ઉદાહરણ તરીકે દ્વયાશ્રય, કીર્તિકૌમુદી, પ્રબંધચિંતામણિ, વિચારશ્રેણી, કુમારપાળ રાસ, કુમારપાળ પ્રતિબોધ, વસંતવિલાસ કાવ્ય, કર્ણસુંદરી નાટક, મોહરાજ પરાજય નાટક, કાન્હડદે પ્રબંધ વગેરે ગણાવી શકાય.

આશ્ચર્યની વાત તો એ છે કે ગુજરાતના ઇતિહાસની કેટલીક રાજકીય ઘટનાઓ અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ખરાઈ માટે અત્યંત મહત્ત્વનાં સિદ્ધ થયાં હોય એવાં બે પુરાણો છે. એક ધર્મારણ્ય અને બીજું સરસ્વતી પુરાણ.

ધર્મારણ્ય મોઢ (વણિક અને બ્રાહ્મણ) જ્ઞાતિનું પુરાણ છે. એની રચના સં. ૧૩૫૬ પછીના અને ૧૫૦૦ અગાઉના કોઈ વર્ષમાં થયેલી છે. સરસ્વતી પુરાણની રચના સિદ્ધરાજ જયસિંહના રાજ્યના અંતકાળમાં થયેલી છે. એમાં ૧૮ સર્ગ છે અને એના કુલ મળીને ૨૮૯૦ શ્લોકો છે. મોટે ભાગે સ્કંદપુરાણને અનુસરે છે. બ્રહ્માના આદેશથી સરસ્વતી દેવતાઓને ત્રાસ આપનાર વડવાનળને સમુદ્રમાં પધરાવી દેવા હિમાલયના ઔર્વંગાશ્રમમાંથી નીકળીને પ્રભાસ પાટણના સમુદ્ર સુધી પહોંચે છે અને વડવાનળને સમુદ્રમાં પધરાવી દે છે. આ સારાયે માર્ગનું અને તેના ઉપર આવતાં તીર્થોનું વિશદતાથી વર્ણન કરેલું છે પુરાણના સર્ગ ૧૫ અને ૧૬માં પાટણના સહસ્રલિંગ સરોવરનું અત્યંત ઝીણવટભર્યું વર્ણન છે.

ધર્મારણ્યમાં પાટણની સ્થાપનાનાં વર્ષ, તિથિ અને વારનો સ્પષ્ટ ઉલ્લેખ છે. પાટણની સ્થાપનાનાં તિથિ અને વારના જુદા જુદા ગ્રંથોમાં તફાવત જોવા મળે છે. પ્રબંધ ચિંતામણિ, વિચાર શ્રેણી, રાજવંશાવલિ વગેરેમાં આ તફાવત જોવા મળ્યો છે. એ બધી નોંધોની શાસ્ત્રીય પંચાંગો સાથેની ચકાસણીમાં ધર્મારણ્યની નોંધ વિશ્વસનીય ગણી શકાઈ છે.

આ પુરાણમાં ચાવડા વંશની વંશાવળી આપી છે. એમાં સંવત ૮૦૨ (પાટણનું સ્થાપનાવર્ષ)થી સં. ૯૯૮ સુધીના સમયગાળાના સાત રાજાઓના રાજ્યકાળની હકીકત છે. કયો રાજા કયા વર્ષમાં ગાદી પર આવ્યો અને કયા વર્ષમાં એનો રાજ્યકાળ પૂરો થયો એ ધર્મારણ્યમાં આપેલી માહિતી ઇતિહાસની વિગત તરીકે બહુ મહત્ત્વની બની રહી છે.

સરસ્વતી પુરાણમાં ચાવડાઓ સંબંધમાં કેટલીક હકીકત નોંધાયેલી છે. એમાં જણાવ્યું છે કે ચાવડાઓ આબુ તરફથી આવ્યા હતા. એ દારૂ પીનારા હતા અને એમણે સરસ્વતીનાં તીર્થોનો નાશ કર્યો હતો.

ધર્મારણ્યમાં કર્ણદેવ બીજા (કરણ ઘેલો) અને તેના મહામાત્ય માધવ વિશેની વિગતોએ ઇતિહાસની હકીકત ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડ્યો છે. જુદી જુદી આખ્યાયિકાઓ, અનુશ્રુતિઓ તેમજ કાન્હડદે પ્રબંધમાં રાજા કર્ણના ચારિત્ર્ય વિશે ઘણું હીણું કહેવાયેલું અને લખાયેલું છે. જેમ કે, કરણ વછનાગનું સેવન કરતો હતો. ઘણો ક્રોધી હતો, એણે માધવના ભાઈ કેશવની પત્નીનું (કોઈકમાં માધવની સ્ત્રીનું, તો વળી કોઈકમાં માધવની પુત્રીનું) અપહરણ કર્યું હતું. અને કેશવની હત્યા કરી હતી વગેરે... ધર્મારણ્યમાં કર્ણના ચારિત્ર્ય વિશે આપેલી હકીકત ચાલી આવતી આખ્યાયિકાઓ, કિંવદન્તીઓ અને કથાઓને મૂળમાંથી જ બદલી નાખે છે. ધર્મારણ્યમાં કર્ણને 'પ્રતાપવાન' કહીને બિરદાવ્યો છે, ધર્મારણ્યના આ કથનનું ઈડરમાંથી મળી આવેલો લેખ પૂરેપૂરું સમર્થન કરે છે. એ લેખમાં કર્ણને વેદ અને શાસ્ત્ર અનુસાર પ્રજાનું પાલન કરતો

રાજા જણાવ્યો છે.

માધવની બાબતમાં ધર્મારણ્યમાં કેટલીક બાબતો અત્યંત સ્પષ્ટપણે લખી છે. એટલું જ નહીં, પણ એવી કેટલીક ઘટનાઓ એમાં દર્શાવી છે જે અન્યત્ર નોંધાયેલી જોવા મળતી નથી. માધવ માટે આ પુરાણમાં દુષ્ટ, નગુણો, દેશદ્રોહકર (દેશદ્રોહી), પાપી, દુષ્ટાત્મા, કુલાધમ જેવા છેલ્લી કોટિના શબ્દો વાપર્યા છે.

પાટણનો ધ્વંસ કર્યા પછી ઉલુઘખાનનું લશ્કર મોઢેરા પહોંચ્યું ત્યારે માધવ પણ એ લશ્કર સાથે હતો. મુસલમાન લશ્કરે મોઢેરાને ઘેરો ઘાલ્યો એ વખતે મોઢેરાને તારાજીમાંથી બચાવવા માટે સમાધાનની ભૂમિકા માધવે ભજવી હતી. સમાધાન માટેની શરત એ હતી કે મોઢેરા ૫૦૦૦ સોનામહોરો આપે તો ઉલુઘખાન મોઢેરાનો ઘેરો ઉઠાવી લે. મોઢેરાની પ્રજાએ આ શરત ખુશીથી સ્વીકારી લીધી અને ઉત્સાહના અતિરેકમાં મોઢેરાના બ્રાહ્મણોએ સોનામહોરોની જે થેલી આપી એમાં પાંચ હજારને બદલે સાત હજાર નીકળી. મોઢેરામાં અઢળક સમૃદ્ધિ છે એવું માનીને ઉલુઘખાને મોઢેરાને પણ તારાજ કર્યું. ઉલુઘખાનના આ વિશ્વાસભંગ માટે પણ ત્યાંના લોકોએ માધવને કારણરૂપ ગણ્યો હતો.

સરસ્વતી પુરાણમાંથી પ્રાચીન પાટણના સહસ્રલિંગ સરોવરની રચનાની અઢળક માહિતી આપણને મળી છે. એ દ્વારા ગુજરાતના શિલ્પસ્થાપત્ય અને તત્કાલીન સાંસ્કૃતિક અને ધાર્મિક વલણોની ભરપૂર માહિતી પણ સાંપડે છે. ઉપર કહ્યું તેમ પુરાણના સર્ગ ૧૫ અને ૧૬માં પાટણના એ તળાવ, એના કાંઠા ઉપર આવેલાં તીર્થો, મંદિર, પીઠો, શિક્ષા અને સત્રશાળાઓ વગેરેનું બારીકાઈભર્યું વર્ણન કર્યું છે. દશાવતાર તીર્થ, જાંગલ તીર્થ, દશાશ્વમેધ તીર્થ, ભૂત તીર્થ, કાપાલીશ તીર્થ, કોલ્લા તીર્થ, સૂર્ય તીર્થ, પિશાચમોચન તીર્થ, વિનાયક તીર્થ, રેવા તીર્થ, પ્રભાસ તીર્થ વગેરે ધર્મસ્થાનોનાં એમાં વિગતે વર્ણન છે. આ બધા વર્ણનના આધારે સહસ્રલિંગ સરોવરના આયોજન, એના સ્થાન, એની ચોતરફનાં સ્થાનોનાં વર્ણનને લીધે પ્રગટતી પાટણની સમૃદ્ધિ ગુજરાતના ઇતિહાસ માટે સારી એવી માહિતી પૂરી પાડે છે. નદીમાંથી નહેર દ્વારા કયા વર્ષમાં અને કયે દિવસે સરોવરમાં જળપ્રવેશ થયો એની વિગત એ પુરાણમાં આપી છે. વળી, સરોવરમાં થયેલા ઉત્ખનન પછી નીકળેલા નહેરના ટોડાનો એક અંશ જે ચાર પાંચ દાયકા પહેલાં જોઈ શકાતો હતો તે નહેરમાંથી આવતા વેગીલા જલપ્રવાહને શાંત કરવા અને કાંપકચરાને ઠરવા માટેનો રુદ્રકૂપ, પાણીને સરોવરમાં નિયંત્રિત કરીને મોકલનારાં ત્રણ ગરનાળાં (સંગમ તીર્થ) નિશ્ચિતપણે સિદ્ધ કરે છે કે સરોવરમાં નદીના પાણીની આવક હતી.

સરસ્વતી પુરાણમાં કાંઠા પરનાં ધાર્મિક સ્થળો ઉપરાંત બીજાં કેટલાંક સ્થાનોનાં વર્ણન પણ છે. સરોવરની પશ્ચિમે આવેલા મહાવનનું એમાં વર્ણન છે. એ મહાવન નગરવાસીઓ માટેનું વિહારસ્થાન હતું. એમાં સર્વ ઋતુઓમાં થતાં ફળોને ધારણ કરનાર મનોહર વૃક્ષ હતાં. સરોવરની મધ્યમાં વિન્ધ્યવાસિની દેવીનું મંદિર હતું અને એની બાજુમાં એક ઊંચા ટેકરા પર બકસ્થળ હતું. જ્યાં વિવિધ પ્રકારનાં પક્ષીઓ વિશ્રામ કરતાં.

સરોવરના દક્ષિણ કાંઠા ઉપર બ્રહ્મકુંડ અને વિષ્ણુકુંડ તેમ જ ઉત્તરકાંઠે પુષ્કરતીર્થનો કુંડ એમ ત્રણ કુંડ હતા. સરોવરના નૈઋત્ય ખૂણે રાજપ્રાસાદ હતો. આ ઉપરાંત સરોવરના કાંઠાના પગથારો પર ધર્મશાળાઓ પણ હતી.

પ્રશ્ન એ થાય કે પુરાણોમાં સામાન્ય રીતે અતિશયોક્તિભર્યાં વર્ણન હોય છે. આ પુરાણમાં જે જે વર્ણવાયું છે એનું નિર્માણ આટલા વિપુલ પ્રમાણમાં શક્ય ખરું ? આ શંકાનું નિવારણ બે રીતે થાય એમ છે. એક તો ખોદકામ પછી સહસ્રલિંગના જે જે અવશેષો બહાર આવ્યા છે એનું યથાતથ વર્ણન આ પુરાણમાં હતું જ એટલે બીજું જે જે વર્ણવાયું છે એ હોવાનો પૂરો સંભવ છે. બીજું, દ્વયાશ્રય, કીર્તિકૌમુદી વગેરે ગ્રંથોમાં પાટણના વર્ણનમાં સહસ્રલિંગ વિષયક જે વર્ણન છે એનો સમાવેશ આ પુરાણમાં થયેલો છે. પેલા ગ્રંથોમાં લક્ષ્ય સમગ્ર પાટણના વર્ણનનું હોઈ સહસ્રલિંગના વર્ણનને મર્યાદિત સ્થાન મળેલું છે. સરસ્વતી પુરાણમાં મુખ્ય લક્ષ્ય સહસ્રલિંગનું વર્ણન હોઈ એનું વર્ણન ઝીણવટપૂર્વક થયું છે.

આજે સહસ્રલિંગ સરોવરના આકાર કે સ્થાપત્યની પૂરી કલ્પના પણ કરી શકાય એવી કોઈ સ્થિતિ નથી ત્યારે સરસ્વતી પુરાણ તળાવના તસુએ તસુનું વર્ણન કરી આપણી નજર સમક્ષ પાટણના એ સરોવરનું અદ્ભુત દૃશ્ય ખડું કરી આપે છે એ પાટણના ઇતિહાસ વિષયક કોઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી.

**૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ,**
**ભાવનિર્ઝર પાસે, અમદાવાદ-૬૮૦૦૧૫**
**મો. ૯૯૦૪૪૮૦૫૨૨**

# શિક્ષણ કઈ દિશામાં ?

સ્વાતિ જોશી

નવી શિક્ષણ નીતિ ૨૦૧૯નો ખરડો દાવો કરે છે તે મુજબ આ નીતિ આખા શિક્ષણતંત્રને સંપૂર્ણ રીતે ફરીથી ઘડવાનો પ્રયત્ન છે. એનો હેતુ નવી શિક્ષણ વ્યવસ્થા દ્વારા 'અભિગમ અને માનસિકતામાં સંપૂર્ણ પરિવર્તન' [paradigm shift, w. ૩૧] લાવવાનો છે, જેથી નીતિનો સફળતાપૂર્વક અમલ થઈ શકે. આ ખરડાને આજના બહોળા પરિપ્રેક્ષ્યમાં જોવો જરૂરી છે. આજે એક એવી શિક્ષણનીતિ રજૂ થઈ રહી છે, જેમાં માત્ર શિક્ષણના માળખામાં જ ફેરફાર કરવામાં નથી આવ્યો, પરંતુ શિક્ષણ વિશેનો ખ્યાલ, એનું ધ્યેય વગેરે પાયામાંથી બદલવામાં આવ્યા છે. શિક્ષણ વિશેના લોકશાહીની જરૂરિયાતોથી પ્રેરિત વિચારો સૌપ્રથમ ૧૯૬૪માં કોઠારી કમિશને રજૂ કર્યા હતા જેમાં સૌને સમાન શિક્ષણ મળે એની હિમાયત કરી હતી અને એ વાત પર ભાર મુકાયો હતો કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહભાગી ધ્યેય સાથે વિદ્યાનો સમાજ બનાવે છે, જે એ શૈક્ષણિક સ્વતંત્રતા સાથે અનુસરી શકે એ માટે મુક્ત હોવા જોઈએ. એમની સ્વતંત્રતા રાજકીય અને બજારુ હસ્તક્ષેપથી અને સામાજિક-ધાર્મિક વિચારધારાઓથી મુક્ત હોવી જોઈએ. આ નવી નીતિમાં એનાથી તદ્દન વિપરીત શિક્ષણની વ્યાખ્યા વૈશ્વિકીકરણના બજારને અનુરૂપ અને દેશનાં જમણેરી વિચારધારાનાં તત્ત્વોને અનુકૂળ હોય એ રીતે સંપૂર્ણ રાજકીય નિયંત્રણ હેઠળ રજૂ થઈ છે. ૨૦૧૯ની નીતિ સંપૂર્ણ રીતે આજના વૈશ્વિકીકરણની આવશ્યકતાઓથી પ્રેરાઈને ઘડાઈ છે અને એને કારણે શિક્ષણનો હેતુ પૂરેપૂરો બદલાયો છે. આ સાથે એક ખાસ ભારતની પરિકલ્પના અને એનું સર્જન એ એનો પ્રેરણાસ્રોત છે.

આ નીતિનું મુખ્ય દર્શન આ રીતે વર્ણવવામાં આવ્યું છે : *''રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૧૯ એ ભારતકેન્દ્રી શિક્ષણપદ્ધતિની કલ્પના કરે છે, જે બધાને ઉચ્ચ ગુણવત્તાના શિક્ષણ દ્વારા આપણા દેશને ન્યાયસંગત અને ગતિશીલ જ્ઞાનસમાજ [knowledge society]માં કાયમી રીતે પરિવર્તિત કરવામાં પોતાનું યોગદાન આપે.''* [પ્રુ. ૪૧, આ ઇટાલિક્સ મૂળ લખાણમાં છે.]

આમ, આ શિક્ષણ ૧. ભારતકેન્દ્રી છે; ૨. એ ઉચ્ચ ગુણવત્તા પર ભાર મૂકે છે; અને ૩. એનો હેતુ દેશને વૈશ્વિકીકરણના સમયમાં એક 'જ્ઞાન સમાજ'માં અને સાથે સાથે 'જ્ઞાન અર્થવ્યવસ્થા'માં, પરિવર્તિત કરવાનો છે. 'જ્ઞાનસમાજ' કે નૉલેજ સોસાયટી એટલે માનવપરિસ્થિતિમાં સુધારો કરવામાં ઉપયોગી થાય એવું જ્ઞાન પેદા કરે એ સમાજ. 'જ્ઞાનઅર્થવ્યવસ્થા' કે નૉલેજ ઇકોનૉમી એટલે એવી અર્થવ્યવસ્થા, જેમાં વૃદ્ધિ ઉત્પાદનનાં સાધનો પર નહીં પરંતુ વધુ પ્રમાણમાં, ગુણવત્તાની અને સરળતાથી મળી શકે એવી માહિતી પર નિર્ભર હોય. વૈશ્વિકીકરણના આજના સમયમાં જ્ઞાન આમ એક ઉપયોગી ચીજવસ્તુ બની ગયું છે જે ફાયદો કે લાભ પહોંચાડી શકે. જ્ઞાન જાણે વેપારની જણસ હોય એમ એનો ઉપયોગ આર્થિક સમૃદ્ધિ માટે થઈ શકે છે.

૨૦૧૯ની શિક્ષણનીતિમાં આ પ્રકારનું જ્ઞાન પેદા કરવાનું ધ્યેય છે. એના મતે શિક્ષણનું અંતિમ ધ્યેય દેશના આર્થિક વિકાસને સરળ બનાવવાનું છે. ખરડાની પ્રસ્તાવનામાં અધ્યક્ષ નોંધે છે કે ભારત ૨૦૩૦-૨૦૩૨ સુધીમાં અમેરિકા અને ચીન સાથે વિશ્વની ત્રીજી સૌથી વિશાળ અર્થવ્યવસ્થા બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવે છે. 'આપણી દસ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા [તાજેતરમાં બજેટની રજૂઆત વખતે વડાપ્રધાને આગામી પાંચ વર્ષમાં ૫ ટ્રિલિયન અર્થવ્યવસ્થાનો આંક સિદ્ધ કરવાનું લક્ષ્ય જણાવ્યું હતું.] એ કુદરતી સંસાધનો દ્વારા નહીં, પરંતુ જ્ઞાન સંસાધનો દ્વારા ચલાવવામાં આવશે... એ સંપૂર્ણ રીતે જુદી પરિસ્થિતિ હશે... ઇકોસિસ્ટમ આપણને જુદી રીતે વિચારવાની ફરજ પાડશે અને આ સીમાચિહ્ન સિદ્ધ કરવાથી દેશભરમાં અનેકવિધ પરિણામો આવશે. આ કરવા માટે આપણને જ્ઞાનસમાજની જરૂર પડશે જે મજબૂત શિક્ષણતંત્ર પર રચાયેલો હોય. આ સંદર્ભમાં વડાપ્રધાને ભારતને નવી ઊંચાઈએ લઈ જવા માટે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનો હેતુ પાર પાડવા માટે કરેલી હાકલ ખૂબ જ યોગ્ય છે. [પૃ. ૩૩]

અહીં શિક્ષણ અને જ્ઞાનનાં અર્થ અને વ્યાખ્યા સ્પષ્ટ રીતે વૈશ્વિકીકરણના સંદર્ભમાં કર્યાં છે. શિક્ષણનો તમામ

હેતુ આ મૂડીવાદની જરૂરિયાતોને પૂરી પાડવાનો અને એને માટે જરૂરી સમાજ ઊભો કરવાનો છે. શિક્ષણ અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ, આવતાં ૨૫ વર્ષ અને તે પછી પણ સમાજને જે નિપુણતાની જરૂર હોય તે પૂરી પાડે એ વાત પર આ નીતિ ભાર મૂકે છે. ભવિષ્યનું કામકાજનું સ્થળ નિર્ણાયક વિચારશક્તિ, સંચાર-વ્યવહાર [કોમ્યુનિકેશન], પ્રશ્નોના ઉકેલ લાવવા, સર્જકશક્તિ અને વિવિધ શાખાઓના અભ્યાસની ક્ષમતા માગે છે. એક જ કૌશલ્ય (સ્કિલ) કે એક જ વિષયનું જ્ઞાન આ નવી પરિસ્થિતિમાં વખત જતાં નીકળી જશે [પૃ. ૨૦૨]. એની જગ્યાએ વૈશ્વિક અભિગમ, સમૂહમાં કામ કરવું, નૈતિક વિચારશક્તિ અને સામાજિક જવાબદારી જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે. શિક્ષણ વિશેનો આ ખ્યાલ જે વિદ્યાર્થીઓને ઝડપથી બદલાતી આર્થિક વ્યવસ્થામાં કામ કરવા માટે તૈયાર કરવાનો, ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે શિક્ષિત કામદારો પેદા કરવાનો છે, એ વર્લ્ડ ઇકોનૉમિક ફોરમના પ્રચલિત વિમર્શ જે મલ્ટિ-ડૉલર કૉર્પોરેશનોનાં હિતોને પોષે છે, એનાથી પ્રેરિત છે. 'ચોથી ઔદ્યોગિક ક્રાંતિ' જેવા વિચારો પણ આવા ફોરમના વિકસાવેલા છે. આવાં વૈશ્વિક કૉર્પોરેટ હિતોના વિચારો અને ભાષાનો કોઈ ખચકાટ કે ટીકા-ટિપ્પણી વગર ઉપયોગ કરવો અને માની લીધેલી હકીકત તરીકે આપણા દેશનાં પણ ધ્યેય તરીકે સ્વીકારવાં – આપણી પોતાની જરૂરિયાતો પર ધ્યાન આપ્યા વગર – એ કેવળ વિચિત્ર અને વાંધાજનક જ નહીં, પરંતુ દેશની સાર્વભૌમિકતા અને અખંડિતતા માટે પણ જોખમભરેલું છે. કોઈ સાર્વભૌમ દેશની શિક્ષણનીતિ આટલી ઉઘાડી રીતે આંતરરાષ્ટ્રીય કૉર્પોરેશનોનાં હિતોની ભાષામાં રચાય એવું ક્યાંય બન્યું સાંભળ્યું નથી.

આ હેતુ પાર પાડવા નવી શિક્ષણનીતિ 'ગુણવત્તાના શિક્ષણ' [quality education] પર ભાર મૂકે છે. ગુણવત્તાનું શિક્ષણ એ જ્ઞાન અર્થવ્યવસ્થા તરફના સંક્રમણનો મુખ્ય, ચાવીરૂપ ભાગ છે. શરૂઆતમાં જ પોતાનો પક્ષ રજૂ કરતાં સમિતિના અધ્યક્ષ કહે છે કે 'અત્યાર સુધીની નીતિઓ મોટા ભાગે શિક્ષણમાં પ્રવેશનો હક અને ન્યાયસંગતતા [એક્સેસ અને ઇક્વિટી] પર ભાર મૂકતી હતી. દુર્ભાગ્યે શિક્ષણની ગુણવત્તા માટે તેમણે પ્રયત્ન જ ન કર્યો. [પૃ. ૨૫] આ સ્પષ્ટ કરે છે કે નવી શિક્ષણનીતિનો ઝોક શિક્ષણ પ્રાપ્તિનો બધાને સમાન હક મળે એ નહીં, પરંતુ ગુણવત્તા તરફ છે. જેનો પણ ખૂબ સીમિત અર્થ કરવામાં આવ્યો છે. સ્વાભાવિક રીતે આ નીતિ સમાજના ઘણા સમૂહોને શિક્ષણના લાભથી વંચિત રાખશે. આ નીતિમાં વિદ્યાર્થીને પ્રવેશની અને બહાર નીકળવાની અનેક શક્યતાઓ છેક માધ્યમિક શિક્ષણ (પ્રાથમિક શિક્ષણ તો આર.ટી.ઈ. મુજબ હવે ફરજિયાત છે.) માંડીને સંશોધનના સ્તર સુધી આપવામાં આવી છે. આ વ્યવસ્થા શિક્ષણમાં ચડતા-ઊતરતા દરજ્જાઓ ઊભા કરશે, જેમાં વંચિત સમૂહનાં બાળકો, છોકરીઓ વગેરે વચ્ચેથી જ નીકળી જશે અને સમૃદ્ધ વર્ગના યુવાનો છેક સુધી પહોંચશે. જે નીતિનું ધ્યેય કેવળ દેશના આર્થિક વિકાસને વધારવાનું હોય અને વિશ્વમાં નેતાગીરી પૂરી પાડવાનું હોય એમાં દેખીતી રીતે સમાજના વંચિત સમૂહો બહાર રહી જશે. આજે વધુ અને વધુ યુવાનોને ગુણવત્તાનું ઉચ્ચશિક્ષણ મળે એ માટે પ્રયત્ન હોવો જોઈએ. ગુણવત્તાવાળા વિશ્વવિદ્યાલયો અને કૉલેજોનું શિક્ષણ, આ નીતિ કહે છે તેમ બધા જ નાગરિકો *'જો એ ઇચ્છે તો મેળવી શકે.'* (પૃ. ૩૨, આ ઇટાલિક્સ મારા ઉમેરેલા છે.) આનો અર્થ એ થયો કે ઉચ્ચ શિક્ષણની જવાબદારી દરેક નાગરિકની પોતાની છે, સરકારની નહીં. જો એની ઇચ્છા હોય અને એ સાધનસંપન્ન હોય તો એને માટે એ સરળ છે. સરકાર પોતે એ ખાતરી નહીં આપે કે જવાબદારી નહીં લે કે દરેક વ્યક્તિને ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ થાય. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણથી શરૂ કરીને દરેક સ્તરે પ્રવેશ માટે, શિષ્યવૃત્તિ માટે, શિક્ષકના ચયન અને નિમણૂક માટે 'મેરિટ'ના માપદંડ પર ભાર છે. વળી, ખરડામાં અનામતનો ક્યાંય ઉલ્લેખ નથી. સદીઓથી શિક્ષણ વ્યવસ્થાની બહાર રહેલા વંચિત સમૂહોને ગંભીર રીતે ધ્યાનમાં લીધા વગર 'જ્ઞાન સમાજ'ની વાત કેવી રીતે કરી શકાય ? રોહિત વેમુલા અને ડૉ. પાયલ તડવી જેવાં દલિત વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણના ક્ષેત્રમાં ભેદભાવના વાતાવરણનો ભોગ બન્યાં છે. ખરડામાં બિનલાભદાયી સમૂહોને ઉચ્ચશિક્ષણની સરળતા થાય એ માટે પ્રોત્સાહન અને મદદનો સાફસુથરો પ્રસ્તાવ જરૂર છે પરંતુ એમને માટે કોઈ ખાસ જોગવાઈ નથી અને જાતિગત અસમાનતા જેવા પ્રશ્નો વિશે કોઈ સંવેદનશીલતા નથી.

આ નીતિમાં વપરાયેલો 'ગુણવત્તાના શિક્ષણ'નો ખ્યાલ એ એજંડા ફોર સસ્ટેનેબલ ડેવેલપમૅન્ટ ગોલ-૪ [એસ.ડી.જી.૪]માંથી આવ્યો છે, જેનું મુખ્ય ધ્યાન ગુણવત્તાના શિક્ષણ પર કેન્દ્રિત થયેલું છે. એસ.ડી.જી. ૪ મુજબ દરેક રાષ્ટ્રનો પ્રયત્ન પોતાના નાગરિકોના જીવનમાં ટકાઉ ગુણવત્તા લાવવી એ હોવો જોઈએ. એના મતે

ભવિષ્યના શિક્ષણનું બીજું મહત્ત્વનું પરિમાણ એ છે કે જ્ઞાન એ બધા જ વિસ્તારો સાથે સંકળાયેલું હોવાથી પરિવર્તનશીલ હશે. આમ, એસ.ડી.જી.૪નો બધાને આવરી લેતો શિક્ષણનો ખ્યાલ એ જ્ઞાન વ્યાપક હોય અને ગુણવત્તાવાળું હોય એ છે. ખરડાએ આ વિચારને સ્વીકાર્યો છે અને શિક્ષણપદ્ધતિને પૂરેપૂરી બદલવાના પોતાના પ્રયત્નને વાજબી ઠેરવ્યું છે : 'આટલો ઊંચો આદર્શ આખી શૈક્ષણિક વ્યવસ્થાને ફરીથી યોજવાની જરૂર પર ભાર મૂકે છે. કેવળ અભ્યાસક્રમ બદલવાથી કે અધ્યાપનમાં ફેરફાર કે સુધારા કરવાથી આ આદર્શ સફળ બની શકે નહીં. [પૃ. ૨૮]'

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૪૮માં કરેલી જાહેરાત [declaration] મુજબ 'શિક્ષણ મનુષ્યના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે અને માનવઅધિકારો અને પાયાની સ્વતંત્રતાઓ માટેના સન્માનને વરેલું હોવું જોઈએ.' ૨૦૧૯ની નીતિમાં માનવઅધિકારો અને સ્વતંત્રતા માટે શિક્ષણના પ્રયોજનનો ક્યાંય ઉલ્લેખ નથી. 'મનુષ્યના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ' એ આ નીતિનો મુખ્ય સૂર છે. પરંતુ એની વ્યાખ્યા પણ ખૂબ સીમિત છે, જેમાં વિશ્લેષણની વિચારશક્તિ [જેના ઉદાહરણ તરીકે ડેટા-એનાલિસિસ કે સ્ટેટિસ્ટિક્સ પર અભ્યાસક્રમનું સૂચન છે !], પ્રશ્નો ઉકેલવાનું કૌશલ્ય, સામાજિક તેમજ સંવેદનશીલતાનું કૌશલ્ય, સાંસ્કૃતિક જાગરૂકતા અને સદ્ભાવ વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષણ દ્વારા સ્વતંત્ર વિચારશક્તિ ખીલે, પ્રશ્નો કરવાની વૃત્તિ વધે અને એ દ્વારા નવું અને જુદું જ્ઞાન પેદા કરવાની સજ્જતા જે વ્યક્તિને તેમજ સમાજને બદલવાની અને વિકસવાની ક્ષમતા ધરાવે એ ખ્યાલ આ નીતિમાં સંપૂર્ણપણે અનુપસ્થિત છે.

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે આ નીતિ 'લિબરલ આર્ટ્સ એજ્યુકેશન' એટલે કે 'ઊદાર કલાઓના શિક્ષણ'નો ખ્યાલ રજૂ કરે છે, જેનો હેતુ 'બધા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પાયા તરીકે વધુ કલ્પનાપૂર્ણ અને વ્યાપક ભૂમિકાવાળું અને એની સાથે એમની પસંદગીના વિષયમાં સખત નિપુણતાવાળું શિક્ષણ' [પૃ. ૨૨૦] મળે એ છે.

લિબરલ આર્ટ્સ અને લિબરલ એજ્યુકેશન એ પશ્ચિમી વિચાર છે, જે સ્વતંત્ર વિચારશક્તિ ધરાવનાર, હઠાગ્રહી મતોથી મુક્ત, પોતાની પરંપરા અને મેળવેલા પ્રચલિત જ્ઞાન વિશે હંમેશાં સંદિગ્ધ અને એ પ્રત્યે ખુલ્લું માનસ ધરાવનાર, બીજા, ભિન્ન વિચાર ધરાવનાર માટે માન રાખનાર, ઉચ્ચ સત્તાનું આંધળું અનુમોદન કરવા કરતાં પોતાની વિચારશક્તિ પર ભરોસો રાખનાર વ્યક્તિઓ પેદા કરે છે. શિક્ષણનો આ પાયાનો વિચાર છે. આ નીતિમાં 'લિબરલ આર્ટ્સ' કે 'ઉદાર શિક્ષણ' અને 'ઉદાર કળા'નો ઉપયોગ સિફતથી ચોથી ઔદ્યોગિક ક્રાંતિની પ્રચલિત ભાષાના ભાગ તરીકે કર્યો છે, જેથી એનો વૈશ્વિક મૂડીવાદનો સંદર્ભ જળવાઈ રહે. સાથે સાથે એની વ્યાખ્યા ભારતીય સંદર્ભમાં કરી છે અને એને મૂળ ભારતીય વિચાર તરીકે રજૂ કરવામાં આવ્યો છે : 'ઉદાર કળાઓનો શબ્દશઃ અર્થ કળાઓનો ઉદાર ખ્યાલ એવો થાય છે. એ વિચાર કે મનુષ્યના સર્જનાત્મક પ્રયત્નની બધી શાખાઓ [ગણિત અને વિજ્ઞાન સુધ્ધાં] 'કળા' કહેવાય એ ખાસ ભારતીય મૂળનો છે' [પૃ. ૨૨૩]. બાણભટ્ટના 'કાદંબરી'માં ૬૪ કળાઓનો ઉલ્લેખ છે, જેમાં સંગીત, ચિત્રકળા, ભાષા અને સાહિત્ય ઉપરાંત ઇજનેરી અને ગણિત તેમજ સુથારીકામ જેવા વ્યવસાયિક વિષયોનો સમાવેશ થાય છે. 'લલિતવિસ્તાર'માં ૮૬ અને યશોધરના 'જયમંગલા'માં ૫૧૨ કળાઓનો ઉલ્લેખ છે. ભારતીય સાહિત્યમાં આંતરશાખાકીય / વિવિધ વિદ્યાશાખાઓને સાંકળતી કૃતિઓનાં ઘણાં ઉદાહરણો છે. [જેમકે ભરતનું 'નાટ્યશાસ્ત્ર'] ભારતનાં તક્ષશિલા અને નાલંદા એ દુનિયાનાં સૌથી જૂનાં વિશ્વવિદ્યાલયો છે, જે ઉદાર કળાઓ અને ઉદાર શિક્ષણની પરંપરા પર ભાર મૂકતાં જ્યાં વિદ્યાર્થીઓ વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, રાજકારણ, ગણિત, વેપાર, સંગીત, નૃત્ય, તબીબી શાસ્ત્ર અને ઘણું બધું શીખવા આવતા (પ્રૃ. ૨૨૩) ? *'ઉદાર કળાઓના શિક્ષણનો આ ભારતીય વિવેચનાત્મક ખ્યાલ આજે ૨૧મી સદીના રોજગારીના ક્ષેત્રમાં ઘણો જ મહત્ત્વનો બન્યો છે અને આ પ્રકારનું ઉદાર કળાઓનું શિક્ષણ આજે અમેરિકાની આઇવી લીગ સંસ્થાઓમાં મોટા પાયા પર અમલમાં મુકાઈ રહ્યું છે. ભારત આ મહાન પરંપરાને પોતાના મૂળ સ્થાને પાછી લાવીને મૂકે એનો સમય આવી ગયો છે.'* [પૃ. ૨૨૪. આ ઇટાલિક્સ મારા ઉમેરેલા છે.]

અહીં ઉદાર કળા કે શિક્ષણનો બહુ જ સાદો અને સંકુચિત અર્થ કરવામાં આવ્યો છે. ઉદાર શિક્ષણ એટલે સર્વગ્રાહી શિક્ષણ, એકથી વધુ 'કળા' કે વિષયોનું એકસાથે શિક્ષણ, જે આજના વૈશ્વિકીકરણના સમયમાં જરૂરી છે. પરંતુ ખાસ તો ખરડામાં એને ભારતીય મૂળનો વિચાર બતાવાયો છે. આ નીતિ આ રીતે ભારતકેન્દ્રી છે. એના મતે પ્રાચીન ભારતીય વિસ્તારોનો આજે દુનિયાભરમાં

ઉપયોગ થઈ રહ્યો છે અને આજના સમયની, વૈશ્વિક મૂડીવાદની, જરૂરિયાતો પૂરી કરવા માટે એ શ્રેષ્ઠ અભિગમ છે ! છેવટે ખરડો નોંધે છે : 'સર્વગ્રાહી અને ઉદાર શિક્ષણ, જે ભારતના ભૂતકાળમાં સુંદર રીતે વર્ણવવામાં આવ્યું છે, તે ભારતના ભવિષ્યના શિક્ષણ માટે, દેશને ૨૧મી સદીમાં અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ લઈ જવા માટે જરૂર છે.' [પૃ. ૨૨૫] માનવવિદ્યા અને સમાજશાસ્ત્રનો કહેવાતી ઔદ્યોગિક ક્રાંતિ માટે આદર્શ કામદારો પેદા કરવા અભ્યાસ કરવો એ બતાવે છે કે આ વિષયોનું આ નીતિમાં શું સ્થાન છે ! જાહેર હિતને બદલે કૉર્પોરેટ હિતોની સેવામાં આ વિષયોનો અભ્યાસ એમના અભ્યાસક્રમ અને ભંડોળ પર પણ અસર કરશે. બીએલએ (બેચેલર્સ ઑફ લિબરલ આર્ટ્સ)ની ડિગ્રીની કેવળ બજારુ કિંમત હશે. અને ખાસ તો એમાંથી હાંસિયાનાં વર્ગનાં યુવાનો અને યુવતીઓ બહાર રહી જશે.

આ વિચારનો વ્યવહારુ ઉપયોગ એ શિક્ષણમાં દરેક વિષયને સાંકળવાનો અને એક પ્રકારનું સર્વગ્રાહી [holistic] ઉચ્ચ શિક્ષણ આપવાનો છે જેથી સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે અને "મગજની બંને બાજુઓ, સર્જનાત્મક અને વિશ્લેષક" [પૃ. ૨૨૪] વિકસી શકે ! એટલું જ નહીં, ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને જલદીથી બદલાતા રોજગારીના ક્ષેત્રને ધ્યાનમાં લઈને પણ આ જાતનું શિક્ષણ જરૂરી છે' [પૃ. ૨૨૫] જેમાં રોજગારીનો પ્રકાર હંમેશાં બદલાતો રહે છે અને એથી એકથી અધિક વિષયોનું જ્ઞાન એકથી વધુ નોકરી માટે તૈયાર થવા માટે જરૂરી છે. ઉચ્ચ શિક્ષણનું એકમાત્ર ધ્યેય રોજગાર માટે વિદ્યાર્થીને તૈયાર કરવાનો છે. આજે જ્યારે બેરોજગારીનો પ્રશ્ન વિકટ થતો જાય છે અને જેનું કારણ નવ-ઉદારીકરણની અર્થવ્યવસ્થા છે, ત્યારે આ જ અર્થવ્યવસ્થા માટે યુવાનોને તૈયાર કરવા એ અપ્રામાણિક પ્રસ્તાવ છે.

આ નીતિ મુજબ ઉદાર શિક્ષણનો આશય માનવવિદ્યાઓને વિજ્ઞાન, તકનિકી, ઇજનેરી અને ગણિત [સ્ટેમ] વિષયો સાથે સાંકળવાનો પણ છે. અભ્યાસક્રમ અને અધ્યાપનમાં આંતરશાખાકીય પદ્ધતિ પર ભાર મૂકવામાં આવશે. હવે ઉચ્ચ શિક્ષણમાં જુદા જુદા પ્રવાહો જેમકે માનવવિદ્યા, વિજ્ઞાન વગેરે નહીં રહે, પરંતુ બધા વિષયોનો અભ્યાસ સંકળાયેલો હશે. વિદ્યાર્થી વિજ્ઞાનમાં 'મેજર' અને ઇતિહાસમાં 'માઇનર' કરી શકશે. આ વિચાર પણ સ્વીકારવો મુશ્કેલ છે. અધ્યાપનનું મુખ્ય પ્રયોજન વિદ્યાર્થીમાં જ્ઞાન કેળવવાનું છે. જ્યારે એકસાથે વિદ્યાર્થી જુદાજુદા વિષયનો અભ્યાસ કરે ત્યારે આ લગભગ અશક્ય બને છે. જેમકે પદાર્થવિજ્ઞાન અને ગ્રામીણ અર્થવ્યવસ્થા જેવા બે તદ્દન વિપરીત વિષયોને કેવી રીતે સાંકળી શકાય એ સમજની બહારની વસ્તુ છે. વિદ્યાર્થી માટે આ બંને ભેગા કરવાનું જ્ઞાન નથી હોતું અથવા તો એ વિશે બહુ સામાન્ય સમજ હોય છે, જેથી એનો અર્થપૂર્ણ ઉપયોગ અશક્ય છે.

છેલ્લા થોડા સમયથી જમણેરી વિચારધારા ધરાવતી વ્યક્તિઓ ભારતની મહાનતા સાબિત કરવા એના ભવ્ય ભૂતકાળમાં બધા જ જ્ઞાનનો સ્રોત હતો એ દલીલો ઉદાહરણો આપીને કરે છે. આ ખરડામાં આ વાતનો વારંવાર ઉલ્લેખ છે. આ અર્થમાં આ નીતિ 'ભારતકેન્દ્રી' છે. ખરડાના દાવા મુજબ આજે જે પ્રકારના શિક્ષણની આવશ્યકતા છે એ જાતનું શિક્ષણ ભારતમાં પ્રાચીન સમયમાં ઉપલબ્ધ હતું. આજે જે કંઈ જ્ઞાન ઉપલબ્ધ છે. એ બધું, વૈજ્ઞાનિક શોધખોળો સુધ્ધાં, પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં હતું એ દંતકથાઓને આધારે સિદ્ધ કરવું એ અવૈજ્ઞાનિક અને અબૌદ્ધિક દલીલ છે, તેમજ અપ્રસ્તુત અને બિનજરૂરી છે અને બનાવટી દાવાઓ સિવાય કંઈ નથી. જ્ઞાનને કોઈ સીમા નથી હોતી અને જ્ઞાન ભવિષ્યલક્ષી હોય છે. જ્ઞાન ક્યાં પેદા થયું એ નહીં પરંતુ વ્યક્તિ અને સમાજને સમજવા, વિકસવા અને બદલવા માટે કેટલું અને કેવી રીતે જરૂરી અને ઉપયોગી છે એ વધુ અગત્યનું છે. જ્ઞાનને ભૂતકાળમાં સ્થગિત અને બંધિયાર કરવું એ માનસિક સંકુચિતતા અને લઘુતાગ્રંથિ તેમજ પ્રત્યાઘાતી વલણ દર્શાવે છે. શિક્ષણસંસ્થાઓમાં જો ભૂતકાળ તરફ જ્ઞાનની ગતિ પર ભાર મૂકવામાં આવશે, તો જ્ઞાનની નવી, સ્વતંત્ર, વિવિધ દિશાઓ ખૂલવાનું બિલકુલ અશક્ય બનશે. આ વિચારમાત્ર ધ્રૂજવનારો છે. ખરડામાં રહેલા આ સંકેતો ખૂબ જ ચિંતાજનક છે. આજે 'સેક્યુલર'/ધર્મનિરપેક્ષ અને 'લિબરલ'/ઉદારમત શબ્દો/વિચારો પર જમણેરી તત્ત્વો દ્વારા આકરા પ્રહારો થાય છે. આ શિક્ષણનીતિ જાણે એમનો મૃત્યુઘંટ છે. દરેક નીતિવિષયક દસ્તાવેજ બંધારણથી બંધાયેલો છે. આ ખરડામાં બંધારણનાં મૂલ્યો શિક્ષણમાં દાખલ કરવાનો નિર્દેશ છે, પરંતુ 'ધર્મનિરપેક્ષતા'નો ક્યાંય ઉલ્લેખ નથી એ તરત ધ્યાન ખેંચે છે.

શિક્ષણને ભારતકેન્દ્રી બનાવવા પર ખરડામાં મુકાયેલો ભાર એ અનેક સૂચનો દ્વારા હિંદુ પરંપરા-કેન્દ્રી અભ્યાસ સૂચવે છે. શાળાઓના અભ્યાસક્રમોમાં 'પંચતંત્ર' અને જાતકકથા, હિતોપદેશની કથાઓનો ઉલ્લેખ છે પરંતુ

ઇસપકથાઓ અને અરેબિયન નાઇટ્સનો ઉલ્લેખ નથી. શાળાઓમાં 'નૈતિક' સિદ્ધાંતો સામેલ કરવાનું સૂચન છે અને એ માટેનાં ઉદાહરણો બતાવે છે કે વર્ગમાં ધાર્મિક પુસ્તકો વાપરવા માટે ચોખ્ખી સગવડ છે. આ બિનસાંપ્રદાયિક શિક્ષણના મૉડલથી ઘણું ભિન્ન છે અને બંધારણે આપેલા વચન કે 'રાજ્યના ખર્ચે ચાલતી કોઈ શૈક્ષણિક સંસ્થા ધાર્મિક શિક્ષણ નહીં આપે' [આર્ટિકલ ૨૮(૧)]નો ભંગ છે. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં ભારતીય ભાષાઓ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાન [ભારતીય, બૌદ્ધ અને જૈન તત્ત્વજ્ઞાન], ઇન્ડોલોજી, ભારતની ઊંડી પરંપરાઓ અને યોગ અંતર્ગત ભાગ હશે જેથી વિદ્યાર્થીઓની ભારત વિશેની 'સાંસ્કૃતિક સાક્ષરતા' (પૃ. ૨૩૦) વધે. ભાષાઓને 'સ્થાનિક' અને 'પ્રાદેશિક' અને નહીં કે 'ભારતીય' તરીકે વર્ણવતા એમની સામાજિક-સાંસ્કૃતિક વિપુલતાની ઉપેક્ષા કરવામાં આવી છે. ખરડો સંસ્કૃત ભાષાને 'આધુનિક ભાષા' તરીકે બઢતી આપવાની ભલામણ કરે છે. કાયદાશાસ્ત્રના શિક્ષણને જરૂરી અગત્ય અને સ્વીકૃતિ આપવા માટે અભ્યાસક્રમ ભણાવનારાઓને 'લોકોની સંસ્કૃતિ અને પરંપરાનો આધાર લઈ કાયદાશાસ્ત્રની સંસ્થાઓના ઇતિહાસની અને 'ધર્મ'ના 'અધર્મ' પરના વિજયની, જે ભારતના સાહિત્ય અને દંતકથાઓમાં મોટા અક્ષરે લખાયેલો છે, એની નોંધ લેવા વિનંતી' [પૃ. ૩૦૩] કરવામાં આવી છે. આજે જ્યારે પ્રાચીન ભારતમાં વિજ્ઞાનની શોધો વગેરે વિશે પોકળ દાવા થઈ રહ્યા છે અને ઐતિહાસિક વ્યક્તિઓને અભ્યાસક્રમમાંથી કોમવાદી કારણોસર કાઢવા કે ઉમેરવાની ચેષ્ટા થઈ રહી છે ત્યારે શિક્ષણનીતિમાં ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતની અનુપસ્થિતિ અમુક વિચારધારાનું સમર્થન કરનારાઓને અભ્યાસક્રમ અને અધ્યાપનમાં છૂટો દોર આપશે, જેને લીધે બીજા ધર્મ અને જાતિના વિદ્યાર્થીઓની હાલત અસલામત બનશે.

ખરડામાં સૌથી ચોંકાવનારી વાત એ શિક્ષણના કેન્દ્રીકરણનું સૂચન એ છે. આ કેન્દ્રીકરણ અનેક સ્તરોએ અને અનેક સ્વરૂપે જોવા મળે છે. ખરડામાં સ્વતંત્ર શાળાઓ અને કૉલેજોની જગ્યાએ શાળા અને કૉલેજોના 'સમૂહો' રચવામાં આવશે, એવું સૂચન છે. આનાં ઘણાં વિપરીત પરિણામો આવશે અને એનો ભોગ સમાજના વંચિત સમૂહોના વિદ્યાર્થીઓય બનશે. મોટી, વિશાળ શૈક્ષણિક સંસ્થાઓ માટે મોટું વ્યવસ્થાતંત્ર અમલમાં આવશે, વંચિત વર્ગનાં બાળકોને પોતાના રહેઠાણની નજીકમાં શિક્ષણ ઉપલબ્ધ નહીં થાય વગેરે અનેક પ્રશ્નો ઊભા થશે. આ ઉપરાંત, ખરડામાં નિયંત્રણ રાખનારી, કેન્દ્રીકરણની ઘણી વ્યવસ્થાઓનાં સૂચનો છે. જેમ કે બધી જ જાહેર ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં બધા અનુસ્નાતક કાર્યક્રમો માટે પ્રવેશ માટેની પરીક્ષા નૅશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવાશે [પૃ. ૨૩૮]. શિક્ષણસંસ્થાઓમાં પુસ્તકાલયો માટે ઑનલાઇન સામયિકો માત્ર સરકાર જ ખરીદશે [પૃ. ૨૩૭]. સંશોધન માટે 'રાષ્ટ્રીય સંશોધન આયોગ'ની રચના કરવામાં આવશે જે સંશોધનને લગતાં કાર્યોનું સંકલન કરશે અને વિષયોની પસંદગી વગેરે પર દેખરેખ રાખશે [જે પ્રયોગ ગુજરાતમાં પહેલેથી જ થઈ રહ્યો છે.] અને શિષ્યવૃત્તિ તેમજ ભંડોળ પૂરું પાડશે. યુનિવર્સિટી ગ્રાંટ્સ-કમિશનની જગ્યાએ ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગ [એચ.ઈ.સી.આઈ.]નો કાનૂની ખરડો જેની ગયે વર્ષે ઘોષણા થઈ હતી એ ટૂંક સમયમાં પાર્લામેંટમાં રજૂ થશે એ જાહેરાત નાણામંત્રીએ બજેટ દરમિયાન કરી હતી. જેને લીધે નાણાકીય મદદ અને શૈક્ષણિક પ્રશ્નો મંત્રાલયના દાયરામાં આવશે. યુ.જી.સી. એ સ્વાયત્ત સંસ્થા હતી જેના કાર્યમાં સરકારનો હસ્તક્ષેપ ન હતો. એની જગાએ સરકાર નિયંત્રિત ભંડોળ ફાળવનારી વ્યવસ્થા અમલમાં લાવશે.

ખરડામાં સૌથી ચિંતાજનક સૂચના એ 'રાષ્ટ્રીય શિક્ષા આયોગ'ના ગઠનનું છે જેના પ્રમુખ ભારતના પ્રધાનમંત્રી હશે અને એ ઉપરાંત એમાં અનેક બીજા વિભાગોના મંત્રીઓ અને અધિકારીઓ હશે. માત્ર ૫૦% સભ્યો શિક્ષણવિદો અને વિદ્વાનો હશે. આ આયોગમાં અનુસૂચિત જાતિઓ કે સ્ત્રીઓના પ્રતિનિધિઓ વિશે કોઈ ઉલ્લેખ નથી. ઉપરાંત શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલા વર્ગો, શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિત્વ વિશે પણ ઉલ્લેખ નથી. આ ખરડો પ્રધાનમંત્રીને દેશમાં ઉચ્ચ શિક્ષણના સાર્વભૌમિક ઉપરી ઠેરવે છે અને દરેક વૈધાનિક સંસ્થાના સભ્યો નીમવાની સત્તા આપે છે. આ આયોગ સમગ્ર શિક્ષણતંત્ર પર દેખરેખ રાખશે, એની સમીક્ષા કરશે અને દિશાસૂચન કરશે. આવું અતિરિક્ત-સંવૈધાનિક, રાજકીય, વગર ચૂંટણીએ નિમાયેલા સભ્યોનું આયોગ શિક્ષણ સંસ્થાઓ પર પોતાની દૃષ્ટિ ઠોકી બેસાડે એ સંસ્થાકીય સ્વાયત્તતાની હડહડતી ઉપેક્ષા છે. આ આયોગ કોઈને જવાબદાર નથી, એ વાત પણ ચિંતા ઉપજાવનારી છે. ખરડાનો આ પ્રસ્તાવ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને આ સંદર્ભમાં ખરડામાં જ્યાં, ત્યાં કરેલા સ્વાયત્તતાનાં સૂચનો પોકળ અને અપ્રમાણિક જણાય છે.

નવી શિક્ષણનીતિ-૨૦૧૯ આમ ખરેખર શિક્ષણના વિચારમાં પાયાનું પરિવર્તન [પૅરેડાઇમ શિફ્ટ] છે. આ વિચારના મૂળમાં બે સંદર્ભબિંદુઓ છે – ભારતકેન્દ્રી [હિંદુ પરંપરાકેન્દ્રી] વિચારધારા અને ૨૧મી સદીના વૈશ્વિકીકરણની જરૂરિયાતો. બંનેનો અહીં એકબીજાના પૂરક તરીકે ઉપયોગ થયો છે. આ સંદર્ભમાં આ નીતિ આજની ૨૧મી સદીની વૈશ્વિક પરિસ્થિતિ, જેમાં જમણેરી તત્ત્વો અને વૈશ્વિક મૂડીવાદનું ગઠબંધન જોવા મળે છે, એની ઉત્તમ રજૂઆત છે. સ્વતંત્ર અને જુદું વિચારવાની શક્તિ, વિવાદ, પ્રશ્નો અને અસહમતીના સતત મંથન દ્વારા ઊપજતું અને વિકસતું નવું જ્ઞાન અને એ દ્વારા વ્યક્તિ અને સમાજને સમજવાની અને બદલવાની શક્તિનો વિકાસ જે શિક્ષણનું સાચું સ્વરૂપ છે એની જગાએ શિક્ષણનો અત્યંત સીમિત અને સંકુચિત ખ્યાલ જે વૈશ્વિક મૂડીવાદને પોષે છે અને ભારતને એની નેતાગીરી લેવા માટે તૈયાર કરે છે, એ ભારતના ભવિષ્યની એક બિહામણી કલ્પના રજૂ કરે છે. જે શિક્ષણનીતિ આંતરરાષ્ટ્રીય કૉર્પોરેશનોનાં હિતો અને ભાષાથી પ્રેરાઈને ઘડાઈ હોય, જેનાથી દેશનું સાર્વભૌમત્વ અપમાનિત અને ખંડિત થતું હોય, જે નીતિ એક ચોક્કસ વિચારધારાની હિમાયત કરતી હોય, જેનાથી બિનસાંપ્રદાયિકતાના બંધારણના સિદ્ધાંતનો ભંગ થતો હોય અને જે નીતિમાં શિક્ષણ રાજકીય નેતૃત્વના નિયંત્રણ નીચે હોય, જેનાથી શિક્ષણની સ્વાયત્તતા જોખમમાં મુકાય એ નીતિની સંપૂર્ણપણે ફેરવિચારણા કરવાની અત્યંત તાકીદની જરૂર છે.

(૨૫ જૂને 'સેવ એજ્યુકેશન સોસાયટી' તરફથી નવી શિક્ષણ નીતિ પર અમદાવાદમાં યોજાયેલા પરિસંવાદમાં બોલાયેલું.)

**(સૌજન્ય : નિરીક્ષક,**
**અંક ૧૪ તા. ૧૬જુલાઈ, ૨૦૧૯)**

# સરસ્વતીનું વસ્ત્રહરણ

**તુલસીભાઈ પટેલ**

### ઊંચા આદર્શો

સાહિત્યશિક્ષણના ઉદ્દેશો અને આદર્શો ઘણા ઊંચા છે. સુંદરમ્ કહે છે : 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' સાહિત્યની સાધના આપણને પશુકોટિમાંથી માનવકોટિમાં લાવે છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંત મુજબ આપણે વાનરમાંથી નર બન્યા છીએ. આજે પણ આપણી અંદર વાનરના દબાયેલા અંશો છે, તે દૂર કરીને સાચા અર્થમાં નર બનવાની પ્રક્રિયામાં કાવ્યકલાસાહિત્યનો હિસ્સો નોંધપાત્ર છે. સાહિત્ય આપણને જીવન અને જગતને સમજવાની દૃષ્ટિ આપે છે. સાહિત્યનું મહત્ત્વ નીચેના જાણીતા શ્લોકમાં સૂચવ્યું છે :

**साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः ।**

સાહિત્યસર્જન માટે મૌલિક પ્રતિભા, ઊંચી કલ્પનાશક્તિ અને સૂક્ષ્મ સંવેદનશીલતા જોઈએ. તો સાહિત્ય-પદાર્થના સેવન માટે તદ્અનુરૂપ સહૃદયતા આવશ્યક ગણાય. આમ સાહિત્યસ્વામીઓનું મહત્ત્વ નિર્વિવાદ છે. માટે તો એમને 'સંસ્કૃતિના સર્જક'નું ઊંચું પદ મળ્યું છે. સાહિત્યનું અનુશીલન વિનયન વિદ્યાશાખામાં થાય છે. નજીકના ભૂતકાળ તરફ દૃષ્ટિપાત કરીશું તો જાણવા મળશે કે આપણા દેશને દોરવણી આપનાર મહાન વિભૂતિઓ વિનયન વિદ્યાશાખાએ પૂરી પાડી છે.

### વરવી વાસ્તવિકતા

પરંતુ આજે પ્રવાહ અવળી દિશામાં વહી રહ્યો છે. આપણે એ હકીકત સ્વીકારવી પડશે કે આજે વિનયન શાખામાં વિદ્યાર્થીઓ નિરુપાયે આવે છે. ઉચ્ચ માધ્યમિક શાળાંત પરીક્ષામાં વિશેષયોગ્યતા મેળવનાર વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરે છે. પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓ વિજ્ઞાન શાખામાં અને બીજી શ્રેણીના વિદ્યાર્થીઓ વાણિજ્ય શાખામાં પ્રવેશ મેળવે છે. ત્રીજી શ્રેણીના વિદ્યાર્થીઓ વિનયન વિદ્યાશાખામાં આવે છે. આમાં ક્યાંક અપવાદ હોઈ શકે છે, પરંતુ સામાન્ય વલણ આ પ્રમાણે રહે છે આ દીવા જેવું સત્ય છે. એનો ઇન્કાર થઈ શકે એમ નથી.

સામાન્ય રીતે તેજસ્વી વિદ્યાર્થી લગભગ બધા

વિષયોમાં તેજસ્વી હોય છે. એસ.એસ.સી. બોર્ડમાં ઊંચું સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓના વિષયવાર ગુણ પર નજર કરવાથી આ હકીકતની ખાતરી થશે. વિશેષયોગ્યતા મેળવનાર વિદ્યાર્થીઓ ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં લગભગ પૂરેપૂરા ગુણ મેળવે છે. સાથે સાથે સમાજવિદ્યા અને ભાષાઓમાં પણ તેઓ ઘણા સારા ગુણ મેળવે છે. બોર્ડમાં નંબર મેળવનાર વિદ્યાર્થીઓએ સંસ્કૃત, અંગ્રેજી તથા હિંદી-ગુજરાતીમાં પણ ઘણા ઊંચા ગુણ મેળવ્યા હોય છે.

આપણે જોઈએ છીએ કે સાહિત્યના માણસો કરતાં ક્યારેક અન્ય વિષયના માણસો સાહિત્ય વિશે વધુ સારી અને સ્પષ્ટ સમજ ધરાવતા હોય છે. અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન આદિના તજ્જ્ઞો ક્યારેક સાહિત્યિક કૃતિઓનું ઉત્તમ વિશ્લેષણ કરતા જોવા મળે છે.

### વિનયન શાખામાં વિદ્યાનો વિનિપાત

આપણી સામાન્ય ધારણા એવી છે કે વિનયન વિદ્યાશાખામાં દાખલ થનાર વિદ્યાર્થીઓ સમાજવિદ્યાઓ તથા ભાષા-સાહિત્યમાં તેજસ્વી હોય છે અને તે વિષયોમાં તેમને સવિશેષ રુચિ હોય છે. આ ધારણાને ઉપરની હકીકતો ખોટી સાબિત કરે છે. સમાજવિદ્યાઓ અને ભાષા-સાહિત્યમાં આવનારા મોટા ભાગના વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાનમાં તો તળિયાઝાટક હોય છે જ, પણ સાથે સાથે સમાજવિદ્યાઓ અને ભાષા-સાહિત્ય સાથે પણ એમને ઝાઝી લેવાદેવા હોતી નથી. સમાજવિદ્યાઓ યા ભાષા-સાહિત્ય પણ તેઓ નિરુપાયે ભણતા (!) હોય છે. બીજો કોઈ વિકલ્પ ન હોવાને કારણે તેઓ આ વિષયો રાખે છે. એક મિત્ર રમૂજ કરતાં કહે છે : ફારસનું બીજું નામ આરટસ ! આર્ટ્સનું શિક્ષણ આજે ફારસરૂપ બની ગયું છે – આર્ટ્સ લાઈન હવે છોકરીઓ માટેની લાઈન ગણાય છે ! એમાંયે ગુજરાતી-હિંદી જેવા વિષયો 'લેડીઝ સબ્જેક્ટ્સ' ગણાવા લાગ્યા છે !! મોટા ભાગે લગ્ન થઈ જાય ત્યાં સુધીનો સમય પસાર કરી નાખવા ખાતર છોકરીઓ આ વિષયો રાખે છે. અમદાવાદની એક આર્ટ્સ કૉલેજમાં એક વાર આખા વર્ગમાં એક જ છોકરો; બાકી બધી છોકરીઓ ! આખરે આ છોકરાએ શરમાઈને કૉલેજ બદલી નાંખી.

### સાહિત્યમાં સરસ્વતીનું વસ્ત્રહરણ

વિનયન શાખામાં દાખલ થનાર વિદ્યાર્થીઓ પૈકી અભ્યાસમાં થોડીક રસ-રુચિવાળા જે વિદ્યાર્થીઓ હોય છે, તેઓ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર ઇત્યાદિ સામાજિક વિદ્યાએ પસંદ કરે છે. અંતે વધ્યાઘટ્યા, જેમનો ક્યાંય સમાવેશ ન થાય, જેમને કોઈ પણ વિષયમાં રુચિ નથી એવા વિદ્યાર્થીઓ આવે છે ભાષા-સાહિત્ય ભણવા ! કદાચ કોઈને આ તારણ અતિશયોક્તિપૂર્ણ લાગે પરંતુ પૂરી ગંભીરતા સાથે હું આ લખી રહ્યો છું. આમાં અપવાદો હોઈ શકે છે, એ વાત હું અગાઉ કરી ચૂક્યો છું.

મારા તારણના સમર્થન માટે, ભાષા-સાહિત્યના શિક્ષક તરીકેના મારા અનુભવોમાંથી કેટલાક પ્રસંગો રજૂ કરીશ.

કેટલાંક વર્ષ પહેલાં આર્ટ્સ-કૉમર્સ-સાયન્સમાં જનરલ એજ્યુકેશનનું પ્રશ્નપત્ર સર્વસામાન્ય હતું. પ્રથમ વર્ષમાં **'पंचवटी'** ખંડકાવ્ય ભણવાનું હતું. મેં પ્ર. વ. બી.એ. અને પ્ર. વ. બી.એસસી.નાં ઉત્તરપત્રો તપાસ્યાં અને બંનેની તુલના કરી. મને માલૂમ પડ્યું કે, પ્ર.વ.બી.એમાં હિંદી મુખ્ય વિષય રાખનાર વિદ્યાર્થીઓના **'पंचवटी'** વિશેના ઉત્તરો ઢંગધડા વિનાના હતા; જ્યારે વિજ્ઞાનના વિદ્યાર્થીઓના ઉત્તર ખૂબ સુંદર હતા ! આ જ પ્રમાણે મેં બી.એ. અને બી.કોમ.ના વિદ્યાર્થીઓના ઉત્તરોની તુલના કરી. મને માલૂમ પડ્યું કે બી.એ.ના વિદ્યાર્થીઓ કરતાં બી.કોમના વિદ્યાર્થીઓના ઉત્તર વધુ સારા હતા. બી.એ, બી.કોમ. અને બી.એસસી. આ ત્રણેના ઉત્તરોની સરખામણી કરતાં જાણવા મળ્યું કે, ભાષા-સાહિત્યમાં પણ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ઉત્તમ, કૉમર્સના વિદ્યાર્થીઓ મધ્યમ અને આર્ટ્સના વિદ્યાર્થીઓ કનિષ્ઠ હતા.

આર્ટ્સના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન સાથે તો બાપે માર્યાં વેર, પણ પોતાના વિષયમાં યે સાવ 'ઢ' ! જો આપણે પથ્થરદિલ બન્યા ન હોઈએ તો સવેળા આ ફારસ બંધ કરી દેવું જોઈએ, ધરમશાળા જેવી આર્ટ્સ કૉલેજો બંધ કરીને આપણે શિક્ષણની કુસેવા અટકાવી શકીએ.

અમારી મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં વાર્ષિકોત્સવ નિમિત્તે કાવ્ય-સ્પર્ધા યોજવામાં આવી. એમાં કુલ અઢાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. એ પૈકી સત્તર વિદ્યાર્થીઓ કૉમર્સના હતા. માત્ર એક વિદ્યાર્થી આર્ટ્સનો હતો ! ચરમસીમા તો ત્યારે આવે છે કે, આર્ટ્સના જે એક વિદ્યાર્થીએ કાવ્યસ્પર્ધામાં ભાગ લીધો, તેનો મુખ્ય વિષય અર્થશાસ્ત્ર હતો !

ગુજરાતી મુખ્ય વિષયની એક વિદ્યાર્થિની એક મૂંઝવણ લઈને મારી પાસે આવી. આ વિદ્યાર્થિનીને એક ફોર્મમાં પોતાના ઘરનું સરનામું : 'કૃષ્ણ સોસાયટી' : અંગ્રેજીમાં લખવાનું હતું. વિદ્યાર્થિની કહે; ''સર, 'કૃષ્ણનો અંગ્રેજી સ્પેલિંગ આવડતો નથી. તમે લખી આપો.'' તમે

માનશો, આ વિદ્યાર્થિની ઉચ્ચ દ્વિતીય શ્રેણી સાથે બી.એ. પાસ થઈ ગઈ !

તૃ.વ.બી.એ હિંદીમાં પ્રેમચંદજીની નવલકથા **'गबन'** ચાલે છે. હું ગ્રંથાલયમાં વાંચતો હતો. ત્યાં તૃ.વ. બી.એ. હિંદીનો એક વિદ્યાર્થી મારી પાસે આવીને કહે; ''સાહેબ, કયા લેખકનું લખેલું **'गबन'** ઠીક રહેશે ?'' મેં કહ્યું, ''પ્રેમચંદ સિવાય બીજા કોઈ લેખકે લખેલું **'गबन'** મળે તો મને બતાવજે.'' આ વિદ્યાર્થી બી.એ.માં પાસ થઈ જાય તો હવે મને નવાઈ લાગશે નહીં. એમને પાસ કરવાની આપણને ગરજ છે ને !

આ તો થોડાક નમૂના છે. આવા તો એકએકથી ચઢી જાય એવા નમૂના નિત્ય મળતા રહે છે.

આજે વિદ્યાર્થીઓનું ભાષાજ્ઞાન નબળું કેમ છે ? એનો ખુલાસો આર્ટ્સના 'ઉઘાડા દરવાજા'માંથી નથી મળી રહેતો ? ખાળે ડૂચા મારવાથી શો શકરવાર વળશે ? શાહમૃગવૃત્તિ છોડીને, દેખીતાં સાચાં કારણો તરફ નજર કરવાની ઇમાનદારી આપણે દાખવીશું ? ઉચ્ચ શિક્ષણ બધા માટે નથી, એ સત્ય આપણે સ્વીકારીશું ? આર્ટ્સમાં સંખ્યા ઘટે તો આપણે તેને 'ઇષ્ટાપત્તિ' માનીશું ?

માતૃભાષા ગુજરાતી તથા હિંદીની જો આ દુર્દશા હોય તો અંગ્રેજીની દશા કેવી હશે ? અંગ્રેજીના અધ્યાપકો ઉપર શી ગુજરતી હશે ? એક સુભાષિત ઠીક કહે છે : **अरसिकेषु काव्यनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख ।**

એક મિત્ર આશ્વાસન આપતાં કહે છે : Something is better than nothing પણ મારા મુખમાંથી સહસા સરી પડે છે : Nothing is better than nonsense. આ ઉપરથી ડૉક્ટરી, ઇજનેરી, વિજ્ઞાન, વાણિજ્ય આદિ ક્ષેત્રના બધા જ માણસો પ્રતિભાવાન છે, એમ માનીને એમણેગેલમાં આવી જવાની જરૂર નથી. ઉચ્ચ શિક્ષણમાં ધોરણનું ધોવાણ એ હદે થયું છે કે વિજ્ઞાનના માણસમાં પણ મુદ્દલ વૈજ્ઞાનિક અભિગમ ન હોય, સામાન્ય સૂઝનો છાંટોય ન હોય એવું ઘણી વાર જોવા મળે છે. આ અનુભવસિદ્ધ હકીકત છે. આ તો એક તુલનાત્મક નિરીક્ષણ છે. પ્રવર્તમાન પરિસ્થિતિનું સામાન્ય તારણ છે.

### બદલાતી રુચિઓ

ઉપરના લખાણમાંથી કોઈ એવું તારણ ન કાઢે કે નવી પેઢી પ્રત્યે મારા મનમાં રોષ છે. સ્વપ્નશીલ નવયુવકો પ્રત્યે મને ખૂબ સદ્ભાવ છે. હા, મને એ જૂની પેઢી પ્રત્યે અવશ્ય રોષ છે, કે જે નવી પેઢીમાં પોતાનું પ્રતિબિંબ જોવા માગે છે. જે નવી પેઢીને પોતાના જરીપુરાણા ઢાંચામાં ઢાળવા માગે છે. ખલિલ જિબ્રાન કહે છે કે બાળકને તમે બીજું બધું આપો, પણ તમારા વિચારો ન આપશો. તમારી માન્યતાઓ એમના પર લાદશો નહીં. આપણે નવી પેઢીને આપણા જેવી બનાવવાનું પાપ આચરી રહ્યા છીએ. કાળ ગતિશીલ છે. જમાનો બદલાતો રહે છે. તે સાથે રુચિઓ પણ બદલાતી રહે છે.

નવી પેઢીની બદલાતી રુચિઓને સમભાવપૂર્વક જોવાની જરૂર છે. આજના કિશોર-કિશોરીઓમાં, તરુણ-તરુણીઓમાં જે ચૈતન્ય, ઉત્સાહ, ગ્રહણશીલતા અને ચાપલ્ય છે, તેની તુલનામાં ગત પેઢીનો પંડિત લઘરો લાગે છે. કાલિદાસ, કબીર કે પ્રેમચંદમાં ભલે ગતિ ન હોય, પરંતુ જિવાતા જીવનમાં એની ગતિ અદ્ભુત છે. નવા વિષયો તે ચપળતાથી ગ્રહણ કરે છે. પરંતુ હેતુવિહીન જડ શિક્ષણ આ ઉત્સાહભરપૂર નવયુવકોનાં અરમાનોને નિર્દય રીતે રોળી નાંખે છે.

આપણે ગતાનુગતિકતાનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ? 'ભૂતકાળ ખાતર છે, ખાદ્ય નથી' એમ કાકાસાહેબ કાલેલકર અવારનવાર કહેતા. આપણે ખાતરને જ ખાદ્ય માનવાની ભૂલ કરી બેઠા છીએ. બાળકની રુચિ સમજી લઈને, તદનુસાર શિક્ષણનો પ્રબંધ તેના માટે કરવો જોઈએ. આ માટે જરૂર જણાય તો શિક્ષણના ઢાંચામાં આમૂલ પરિવર્તન કરવું જોઈએ. શિક્ષણ એ પરિવર્તનનું સાધન છે, પરંતુ શિક્ષણનું માળખું સ્વયં અપરિવર્તનશીલ હોય, એ કેવી કરુણતા !

### કૃષ્ણનું અવતરણ થશે ?

કૌરવો ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચી રહ્યા. ભીષ્મપિતામહ જેવા સમર્થ પુરુષો આ સભામાં હાજર હતા. તેમ છતાં તેઓ કશું કરી શક્યા નહીં. કેમ કે તેમના પેટમાં કૌરવોનું અન્ન પડ્યું હતું. તેઓ લાચાર હતા. શિક્ષણક્ષેત્રમાં ઘૂસેલાં વેપારી તત્ત્વો આજદિન સુધી સરસ્વતીનાં વસ્ત્રો ખેંચતાં રહ્યાં છે. કૌરવસભામાં ભીષ્મપિતામહ હતા. તો શિક્ષણક્ષેત્રે પણ સમર્થ કેળવણીકારો છે. સરસ્વતીનું વસ્ત્રહરણ તેઓ સગી આંખે જોઈ રહ્યા છે, પણ તેઓ કશું કરતા નથી. શું અન્નની લાચારી તેમને પણ છે ?

સરસ્વતીનું વસ્ત્રહરણ અટકાવવા કોઈ કૃષ્ણનું અવતરણ થશે ?

**૧, ઉદયનગર સોસાયટી**
**ધરમ સિનેમા રોડ, મહેસાણા-૨**
**મો. ૯૯૯૮૦૮૯૯૬૩૩**

# શિક્ષણ ગુણવત્તાની કઈ સંકલ્પના સાચી ? માનવીય કે ભૌતિક

પ્રિ. ડૉ. ગંગાધર પ્રજાપતિ

આપણા દેશમાં હજુ સો ટકા સાક્ષરતા સિદ્ધ થઈ શકી નથી, પરંતુ આપણી નજર સો ટકા સાક્ષરતા તરફ મંડાયેલી તો છે જ. શિક્ષણનો વ્યાપ વધતાં શિક્ષણની ગુણવત્તાનો પ્રશ્ન ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે અને સહેતુક ચિંતાનો વિષય પણ બન્યો છે. જોકે શિક્ષણની ગુણવત્તાની વ્યાખ્યા કરવાનું ભૌતિક ચીજવસ્તુઓની ગુણવત્તાની વ્યાખ્યા કરવા જેટલું સરળ નથી, છતાંય ગુણવત્તા એક અનુભૂતિ છે અને ગુણવત્તામાં સંતોષ આપવાની શક્તિ પણ છે. ગુણવત્તા પ્રતિભા, પરિશ્રમ અને મૂડીનો સરવાળો હોય છે. આજે જ્યારે ઘટતી જતી શિક્ષણની ગુણવત્તાની ચર્ચા અને ચિંતા થાય છે તેમાં શિક્ષણની સ્વીકાર્ય ગુણવત્તાના કયા ઘટકો ઉપર ભાર મુકાવો જોઈએ તેમાં મતમતાંતરો છે. શિક્ષણ ભૌતિક ઉત્પાદનનું ક્ષેત્ર નથી પરંતુ એ તો ભીતરના ખજાનાની ઉપાસના છે. શિક્ષણ દ્વારા ''સંપૂર્ણ માનવીની ખોજ'' એ સંસ્કૃતિના ઇતિહાસની લાક્ષણિકતા રહી છે. શિક્ષણની સાચી ગુણવત્તા તો માનવીના અંતિમ શ્વાસ સુધીનું ગતિશીલ અસ્તિત્વ જ ગણાય. શ્રી અરવિંદ જેને ''માનવ ઉત્ક્રાંતિ''થી ઓળખાવે છે. સાચી ગુણવત્તા એ કહેવાય જે ચારિત્ર્ય બળને આધાર આપે. સાચી ગુણવત્તા એ કહેવાય જેની બધા પ્રશંસા કરે, દરેક જણ એવી ગુણવત્તા ઇચ્છવા છતાં માત્ર થોડા જ તે મેળવી શકે છે. શિક્ષણની ગુણવત્તા માપવાનું એક બિંદુ એની ''માનવતા'' ગણાય. અહીં ગુણવત્તા સુધારણા માટે વ્યૂહાત્મક પદ્ધતિશાસ્ત્રના મર્મજ્ઞ ડૉ. મર્મર મુખોપાધ્યાયએ એમની માતાના મોંમાં મૂકેલા શબ્દો યાદ કરવા જેવા છે. ''તારો મિત્ર ડૉક્ટર થયો છે પણ સારો માણસ થયો છે ખરો ?'' અહીં એક અર્ધશિક્ષિત વ્યક્તિએ શિક્ષણની ગુણવત્તામાં શું ખૂટે છે તેનો નિર્દેશ કરી આપણને દિશા બતાવી છે. આજના શિક્ષણમાં ''માનવીય પાસાં''ની માવજત અને ગુણવત્તા ઘટતી ચાલી છે અને કેવળ ભૌતિકતા એ શિક્ષણનું ધ્યેય બની ગયું છે. આજે શિક્ષણ એવી દુર્ઘટના સમ હકીકત બની ગઈ છે કે ''**साक्षरा: राक्षसा:**''નો એહસાસ પ્રતિક્ષણે થાય છે. માનવી પાસે અગાધ જ્ઞાન હોવા છતાં તે ભૂખ્યો છે. રોગી છે. શોષિત છે. પ્રતાડિત છે, દંભી છે, યુદ્ધખોર છે. લુચ્ચો છે. અકરાંતિઓ છે, ઉન્માદી, વ્યસની, વિલાસી અને છિન્નભિન્ન છે. આજના શિક્ષણ પાસે એવી કોઈ ઈયત્તા બચી નથી કે જેમાંથી આલ્બર્ટ શ્વાઈત્ઝર, દાગ હેમરશીલ્ડ, રવિશંકર મહારાજ, જુગતરામ દવે, સાને ગુરુજી, જ્યોતિબા ફૂલે, અણ્ણા સાહેબ હજારે, ઈલા ભટ્ટ, ડૉ. આંબેડકર જેવા માનવીઓ પ્રગટાવી શકે. માનવી શિક્ષણથી ઊઘડવો જોઈએ, અનાવૃત થાય, પશુતાથી દિવ્યતા તરફ ગતિ કરે અને એની આંતરિક ઊર્જાનું પ્રગટીકરણ થાય એ શિક્ષણની સાચી ગુણવત્તા સ્વીકારવાની છે. શિક્ષણની સાચી ગુણવત્તા વિશેની આપણી વેદાંતની વિભાવનાઓને સમકાલીન ભારતીય શિક્ષણતત્ત્વવેત્તાઓ જેવા કે શ્રી બુદ્ધ, મહાવીર, ગાંધી, શ્રી અરવિંદ, વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી, જે. કૃષ્ણમૂર્તિએ ગુણવત્તાના ઘટકો માન્યા છે. શિક્ષણની ગુણવત્તાના ઘટકો કેવળ ભૌતિક કે બૌદ્ધિક નથી. માનવમૂલ્યોનું સ્થાપન અને મૂલ્યો દ્વારા વર્તન સુધારણા એ જ શિક્ષણની સાચી ગુણવત્તા ગણાય, જે જ્ઞાન, કૌશલ્યોથી કંઈક વિશેષ હોય છે. શિક્ષણની ગુણવત્તા માનવીની સંસ્કારિતા, વિવેકમાં, વિચારમાં વર્તનમાં અભિવ્યક્ત થવી જોઈએ. આકર્ષક વસ્ત્રપરિધાન કરેલો શિક્ષિત વ્યક્તિ જરાયે ખચકાટ વિના રેલવે પ્લૅટફૉર્મ કે એરપૉર્ટ ઉપર સિગારેટ સળગાવે તો ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો ધરાવતો હોય તો પણ સંસ્કારી, શિક્ષિત ગુણવાન નથી. ભારતીય શિક્ષણ દર્શન પ્રમાણે શિક્ષણ માનવચેતના સાથે નિસબત ધરાવે છે. માનવચેતનાને પશુતામાંથી દિવ્યતા તરફ ગતિ આપવી એમાં શિક્ષણની ગુણવત્તા સમાયેલી છે. આપણા યુગમાં અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યૂથર કિંગ, મહાત્મા ગાંધી, મધર ટેરેસા અને ડૉ. મહમદ યુનુસ એવી દિવ્યતાનાં ઉદાહરણો છે. શિક્ષણની સાચી ગુણવત્તા એ છે કે વ્યક્તિનું મન ઇન્દ્રિયોને કાબૂમાં રાખે, બુદ્ધિ ખરાબ અને સારાને પારખવાની શક્તિ કેળવે, શરીરને માત્ર આત્માના ઘર તરીકે ઓળખાવે, માનવીને તમસ્‌માંથી સાત્ત્વિકતા તરફ દોરે. શિક્ષણની ગુણવત્તાની શ્રેષ્ઠ કક્ષા ધર્મ, જાતિ, ભાષા, ભૂગોળ, સમાજ, રીતરિવાજોથી ઉપર ઊઠવામાં વ્યક્ત થવી જોઈએ.

માનવી ભૌતિક, બૌદ્ધિક રીતે સફળ હોય પણ સાંવેગિક અને આધ્યાત્મિક રીતે અપૂર્ણ હોય તો શિક્ષણની ગુણવત્તા ઘટાડે છે. શિક્ષણની ગુણવત્તા કેવળ ભૌતિકતાની પ્રાપ્તિમાં માપવી ન જોઈએ, પરંતુ સંવેદના, સેવા, સંસ્કાર, ત્યાગ, કરુણા, સહાનુભૂતિ, પરોપકાર, પ્રામાણિકતા, આદર્શોમાં પ્રગટવી જોઈએ. શિક્ષણની ગુણવત્તાની કોઈપણ પરીક્ષામાં માનવીની પ્રકૃતિ અને એના મુકામને અવશ્ય ધ્યાનમાં લેવાં જોઈએ. શિક્ષણમાં વ્યક્તિનો આંતરિક આકાર આવિષ્કૃત થાય છે. જ્ઞાનની સામે શું કરવું શું ન કરવું તેમાં શિક્ષણની ગુણવત્તા પ્રગટે છે. શિક્ષણની ગુણવત્તામાં ખરેખર એ માપવું જોઈએ કે શિક્ષણથી આંતરિક વિકાસના બીજનું કેટલું સંવર્ધન અને પ્રગટીકરણ થયું છે.

શિક્ષણની ગુણવત્તાની એકાંગી વ્યાખ્યા સ્વીકારી એના જતન વિશે, સંવર્ધન વિશે સાચી કે દંભી ચિંતા સેવનારી કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા પોતાના માની લીધેલા માપદંડોથી સંસ્થાઓની ગુણવત્તા માપવાનો એક રાષ્ટ્રવ્યાપી ઉપક્રમ આરંભ્યો છે. જેમણે આ માપન પ્રક્રિયા રેખાંકિત કરી છે અને માપન સાથે ઉત્સાહથી સત્તાવાહિતાથી સહર્ષ જોડાઈ ગયા છે. તેઓ જો ભારતીય સામાજિક સંદર્ભો, તરાહો, ધોરણોથી પરિચિત હોય તો તેમને ખબર હોવી જોઈએ કે શિક્ષણને કેવળ ભૌતિક ઉપાર્જનનું ક્ષેત્ર બનાવી દીધા પછી શિક્ષણની કઈ ગુણવત્તાની ચિંતા કરવાની પ્રતિબદ્ધતા, ચિંતા કે હિત યા સુરક્ષા વ્યક્ત થાય છે ? ગુણવત્તા માપનના માપદંડોથી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારી સંસ્થાઓએ સમાજના હિતના નામે, શિક્ષણસેવાના નામે પોતાનું, પોતાના પરિવારનું જ્ઞાતિનું કેટલું હિત કર્યું તે માપવાના માપદંડો છે ખરા ? માપદંડોમાં ભવ્ય ઇમારત છે ? આચાર્યની વૈભવશાળી ઑફિસ છે ? વિશાળ મેદાન છે ? લાઇબ્રેરી, ઇન્ટરનેટની સુવિધા છે ? ઊંચાં પરિણામો છે ? કેન્ટીન છે ? જેવા માપદંડો છે પણ વિદ્યાર્થી કે અધ્યાપકના આંતરિક માનવીય ભીતરના ખજાનાને માપવાના માપદંડો ઉપર ધ્યાન કેન્દ્રિત નથી. સંસ્થાનું કેવળ ભૌતિક પર્યાવરણ જ નહીં પણ વિદ્યાકીય પર્યાવરણ જોવું જોઈએ. વર્ગખંડો ખાલી ખાલી અને રોડ, રેસ્ટોરન્ટસ્, બગીચા ભર્યા ભર્યા રહે છે એ કશું તો ઇંગિત કરે જ છે. અધ્યાપકોની સજ્જતા કેવળ ડિગ્રીનાં કાગળિયાંમાં બંધ છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસા, વિદ્યાપ્રીતિ માપવાના કયા માપદંડો છે ? વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચેનો સેતુ, પ્રેમ, સ્વીકાર કેટલો છે ? વર્ગખંડોમાં સામાજિક સંવાદ અને સામંજસ્ય કેવું છે ? વિદ્યાર્થીઓમાં વિદ્યાકીય સજ્જતા, વાચન અભિરુચિ, સાંપ્રતતા, વિનય, સંસ્કાર અને સ્વયંશિસ્ત, નિષ્ઠા, સમર્પણ, જાગૃતિ કેવાં છે ? જો આ માપદંડો શ્રેષ્ઠ સાબિત થનારી સંસ્થાઓ દ્વારા સિદ્ધ થતા હોત તો સમાજની તાસીરમાં જ એનું પ્રતિબિંબ ઝિલાયું હોત. સમાજમાં શિક્ષણની કોઈ ભૂમિકા સિદ્ધ થયેલી તો દેખાતી જ નથી. સમાજ આખો છિન્નભિન્ન, વિસંવાદી, અસમાનતાઓ, આક્રોશ, આશંકાઓથી અવિશ્વાસથી ઘેરાયેલો કેમ છે ?

આજનું શિક્ષણ કેવળ વપરાશી માલની ફેક્ટરીઓની કક્ષામાં આવી ગયું છે. શિક્ષણ માનવીય શ્રેષ્ઠતાના સંવર્ધનનું કાર્ય છે એ વાત વિસરાઈ ચૂકી છે. કાર્લમેન હીમ નોંધે છે તેમ શિક્ષણનું કાર્ય માનવીને સાચા અર્થમાં માનવી બનાવવાનો છે નહીં કે કેવળ આર્થિક ઉપાર્જનનું માધ્યમ. શિક્ષણની ગુણવત્તા બાહ્ય ભૌતિક માપદંડોથી માપવાની વસ્તુ નથી, એ તો સમાજજીવનમાં હરપળે પ્રતિબિંબિત થતી હોય છે. આપણા આજના સમાજમાં જે ભ્રષ્ટાચારો, ગુંડાગીરી, અરાજકતાઓ, અનૈતિકતા, અસમાનતા, આતંક અને આંતરવિરોધો વહી રહ્યા છે એ શું શિક્ષણની ફલશ્રુતિ નથી ? આજનું શિક્ષણ વ્યક્તિને આર્થિક ઉપાર્જનનાં કૌશલ્યોમાં માહેર બનાવે છે પણ માનવને માનવી બનાવતું નથી. શિક્ષણની ગુણવત્તા આજે કેવળ ''જાણવા'' અને ''કરવા''માં માપવાનો આગ્રહ રખાય છે પણ Becoming and Livingને ભૂલી જવાયું છે. માનવી માત્ર ભૌતિક સંયોજન નથી. કોઈ પણ શિક્ષણનું અંતિમ ધ્યેય માનવીય ઉત્કૃષ્ટતાઓની શોધ જ હોઈ શકે. આપણી પાસે ગુણવત્તાના જે માપદંડો છે એ તો ''બૌદ્ધિક સંપન્નતા'' માપે છે પણ ''માથે ધરું ધૂળ વસુંધરાની, હું માનવી માનવ થાઉં તો ઘણું''ના માપદંડો જ નથી. આજના શિક્ષણ પાસેની અપેક્ષા બની છે કેવળ ''ઉત્પાદકતા'' પણ ''માનવતા'' નહીં, પરિણામે સમગ્ર વિશ્વ અજંપામાં ગૂંગળાય છે, ભર્યા સરોવરને કાંઠે માનવી તૃષિત આકુળ છે. માનવીમાં આજે કોઈ સાંસ્કૃતિક બોધ જીવતો નથી. માણસ તૂટતો ચાલ્યો છે. સનાતન સ્વીકૃત મૂલ્યો બહુમાળી ઇમારતો, યંત્રોના રઘવાટ અને કૃત્રિમ રોશનીની ચમકદમક, વ્યક્તિગત અહમ્, સ્પર્ધા, વિલાસ વૈભવમાં વિલીન થઈ ગયાં છે. આર્થિક સમૃદ્ધિમાં આળોટતાં પશ્ચિમનાં રાષ્ટ્રો આજે હતપ્રભ અને દિશાહિન છે, કારણ કે તેમની ગુણવત્તાની શોધ ભૌતિકતાની હતી, માનવીય ગુણોની ખસૂસ ન હતી. અંતે એમ કહેવાનું થાય છે કે આજના ભણેલા માણસો અભણ સમ અને કાદવથી ખરડાયેલ સરસ્વતીના ચરણ કેમ ?

**ડૉ. ગંગાધર એચ. પ્રજાપતિ**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ
અમરજ્યોત એમ. એડ્. કૉલેજ, રાધનપુર.
મો. ૯૯૨૫૬૩૬૭૮૭

# કર્મ-સિદ્ધાંત અને જિનેટિક્સ

પ્રિ. ડાહ્યાભાઈ જ. પટેલ

“જીન્સ માત્ર માતા-પિતાના ગુણોનું જ વહન કરતાં નથી, પણ વ્યક્તિએ કરેલાં કર્મોનું પણ પ્રતિનિધિત્વ કરે છે.” – આચાર્ય મહાપ્રજ્ઞ.

હાલમાં, કર્મ-સિદ્ધાંતનાં વિવિધ પાસાંઓની વૈજ્ઞાનિક રીતે સમજૂતી આપવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કેટલાક વિદ્વાન સંશોધકો દ્વારા કર્મ અને જિનેટિક્સ, કર્મ અને ન્યુરોસાયન્સ, કર્મ અને માનસશાસ્ત્ર વગેરે વિષયો ઉપર અભ્યાસપૂર્ણ પુસ્તકો લખવામાં આવ્યાં છે. અહીં કર્મ અને જીનના તુલનાત્મક અભ્યાસની માહિતી આપવામાં આવી છે, જે એક નવીન દૃષ્ટિ આપે છે. જિનેટિક્સ (Genetics) જીવશાસ્ત્ર (Biology)ની આધુનિક વિદ્યાશાખા છે, જેમાં જીન્સ (Genes) ઉપર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષામાં Geneને જનીન અને Geneticsને જનીનશાસ્ત્ર કહે છે.

જીવશાસ્ત્ર મુજબ સજીવોનાં શરીરો સંખ્યાબંધ કોષો (Cells)નાં બનેલાં છે. દરેક કોષોમાં એક કોષ-કેન્દ્ર (Cell-nucleus) હોય છે. તેમાં ડી.એન.એ. રહેલાં હોય છે. આ ડી.એન.એ.માં ક્રોમોઝોમ્સ (Cromosomes) રહેલાં હોય છે અને ક્રોમોઝોમ્સમાં જીન્સ રહેલાં હોય છે. ક્રોમોઝોમ્સ એટલે રંગસૂત્રો અથવા ગુણસૂત્રો. ક્રોમોઝોમ્સ બનાવતાં જીન્સમાં જીવન અંગેની ઘણી માહિતી હોય છે. દા.ત. જીન્સમાં જીવનની આનુવંશિકતા (Heredity)ની માહિતી રહેલી છે, જીન્સ આ માહિતી માતા-પિતામાંથી સંતતિમાં સ્થાનાંતરિત કરે છે. આમ, જીન્સ આનુવંશિકતાનાં સૉફ્ટ-વેર છે. વ્યક્તિઓ વચ્ચે જે તફાવતો જોવા મળે છે તે જીન્સના તફાવતોના કારણે હોય છે.

જિનેટિક્સ, ઈથોલોજી (Ethology – વર્તનશાસ્ત્ર) અને વિવિધ પર્યાવરણીય પરિબળોના આધારે જીવોની સામાન્ય અને વિચિત્ર વર્તણૂકો સમજાવી શકાય છે. આવી વર્તણૂકો ઉપર મહદ્ અંશે જિનેટિક કારણોનો પ્રભાવ પડતો હોય છે. મનુષ્યની ચેતના, બુદ્ધિ, સ્મૃતિ, જિજ્ઞાસા, આધ્યાત્મિકતા, સામર્થ્ય, તંદુરસ્તી, સામાજિક વર્તણૂક વગેરે ઉપર કેટલેક અંશે જીન્સની અસરો થતી જોવા મળે છે.

હાલમાં, કેટલાક સંશોધકો દ્વારા કર્મ અને જીનનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. તે મુજબ જીન્સ માત્ર જિનેટિક ગુણધર્મો ધરાવતાં નથી, પણ તે વ્યક્તિ દ્વારા કરાતાં કર્મોને પણ અભિવ્યક્ત કરે છે. તેઓ એવું કહે છે કે કર્મો કારણો છે અને જીન્સ તેમની અભિવ્યક્તિ છે. દરેક જીવને પોતાનો નિયત જિનેટિક કોડ હોય છે. કર્મો જિનેટિક કોડને દિશા સૂચન કરે છે, આદેશ આપે છે, પ્રવૃત્ત કરે છે અને જીન્સ તે પ્રમાણે કાર્ય કરે છે અને રૂપાંતર પામે છે.

આમ, આપણી પાસે સજીવના શરીરમાં થતી પ્રક્રિયાઓ અને વર્તણૂકોને નિશ્ચિત કરતા બે પ્રકારના નિશ્ચાયકો છે : (૧) કર્મ અને (૨) જીન. મહાવીરે કહ્યું છે, “જીવોમાં દેખાતી વિષમતાઓનાં કારણો કર્મો છે.” જીવવિજ્ઞાન કહે છે, “આ વિષમતાઓનાં કારણો જીન્સ છે.” જિનેટિક વિજ્ઞાન ક્ષેત્રે થયેલાં આધુનિક સંશોધનો એવું સૂચવે છે કે આ વિજ્ઞાન કર્મ વિજ્ઞાનની નજીક જઈ રહ્યું છે. આમ, આ આધ્યાત્મિકતા અને વિજ્ઞાનનું ક્ષેત્ર બને છે.

કર્મ-સિદ્ધાંત પર ઘણું સાહિત્ય પ્રગટ થયું છે, તેમ જિનેટિક વિજ્ઞાન અંગે પણ ઘણું સાહિત્ય પ્રગટ થયું છે. પરંતુ કર્મ અને જીવનની તુલના કરતું સાહિત્ય હજુ સુધી અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ છે.

**જિનેટિક વિજ્ઞાન :**

જિનેટિક વિજ્ઞાન આનુવંશિકતાનું વિજ્ઞાન છે. જીન સજીવ શરીરની આનુવંશિકતાને વહન કરતું એક ક્રિયાશીલ એકમ છે. જિનેટિક વિજ્ઞાન આ એકમ કેવી રીતે કાર્ય કરે છે તે અને તે આનુવંશિક ગુણોનું જનક (Parent)માંથી જનિત (Off-spring)માં કેવી રીતે વહન કરે છે તે સમજાવે છે. માતા-પિતાની લાક્ષણિકતાઓ – ગુણો જીન દ્વારા સંતતિમાં સ્થાનાંતરિત થાય છે. જોકે જીન્સ દ્વારા માતા-પિતાના બધા ગુણોનું તેમનાં સંતાનોમાં અવતરણ થતું નથી. વસ્તુતઃ, તેઓમાં ઘણા ગુણધર્મોમાં ભિન્નતા હોય છે.

કોઈ પણ વ્યક્તિને તેનાં માતા-પિતા દ્વારા આનુવંશિક ગુણોની જે થાપણ મળે છે તેને જિનોટાઈપ (Genotype) કહે છે, અર્થાત્ વારસામાં મળેલા જીનોના સંકુલને જિનોટાઈપ કહે છે. સામાન્યતઃ, જીવનકાળ દરમિયાન આ જિનોટાઈપમાં ખાસ ફેરફારો થતા નથી.

જીવનમાં જે ફેરફારો થાય છે તે જીન્સમાં થતી વિકૃતિઓને કારણે થાય છે. બે સંતતિઓનાં જિનોટાઈપ એકદમ મળતાં હોતાં નથી.

જિનેટિક વિજ્ઞાન જીવવિજ્ઞાનનું પાયાનું વિજ્ઞાન છે. હવે, નૃવંશશાસ્ત્ર, ઔષધશાસ્ત્ર, જીવરસાયણશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરેમાં જિનેટિક વિજ્ઞાનનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. હાલમાં આનુવંશિક વિકૃતિઓ સુધારવા માટે, સુધારેલાં બિયારણો મેળવવા માટે અને પશુઓની ઓલાદ સુધારવા માટે જિનેટિક્સનો ઉપયોગ થાય છે.

અહીં, આપણે પ્રથમ શરીરમાંના કોષો, ક્રોમોઝોમ્સ, ડી.એન.એ., જીન અને જીન વિકૃતિઓ વિશે પ્રાથમિક જ્ઞાન મેળવીશું, ત્યારબાદ જીનનો કર્મ સાથે શું સંબંધ છે, તે જોઈશું.

**કોષો (Cells) :**

દરેક જીવંત વસ્તુ કોષોની બનેલી છે. કોષો શરીરના પાયાના ઘટકો છે. દરેક સજીવનું શરીર સંખ્યાબંધ કોષોનું બનેલું છે. અમીબા એકકોષી જીવ છે. તે સિવાયના તમામ જીવો બહુકોષી છે. આશરે ૨૦૦ કરતાં પણ વધારે વિભિન્ન પ્રકારના કોષો, જેવા કે લોહીના કોષો, સ્નાયુઓના કોષો, ચેતાતંત્રના કોષો વગેરે શરીરમાં આવેલા છે. સમગ્ર શરીર $૧૦^{૧૪}$ કરતાં વધારે કોષો ધરાવે છે.

કોષો હંમેશાં જીવંત રહેતા નથી. પ્રત્યેક મિનિટે શરીર આશરે ૩૦૦૦ નવા કોષો મૃત્યુ પામેલા કોષોનું સ્થાન પૂરવા બનાવે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે નવા કોષો જીવંત કોષોનું એકમાંથી બેમાં વિભાજન થઈને બને છે. આવા વિભાજનથી બનેલા બંને કોષો સમાન હોય છે. કોષોની તેમના જેવા બીજા કોષો ઉત્પન્ન કરવાની આ ક્ષમતા તેમનો મૂળભૂત ગુણધર્મ છે. જોકે, અહીં જનકકોષમાંથી બે જનીત કોષોના નિર્માણ વખતે ક્રોમોઝોમ્સ (રંગસૂત્રો)નું યોગ્ય રીતે વિતરણ થયું હોવું જોઈએ. કોષોમાં કેટલાંક સૂક્ષ્મ અને મોટાં રાસાયણિક અણુઓ ચોક્કસ પદ્ધતિથી ગોઠવાયેલાં હોય છે. આ કોષોમાં જે રાસાયણિક પ્રક્રિયાઓ થાય છે, તે બધી ભેગી મળી જીવના જુદીજુદી જાતના વિશિષ્ટ ગુણો નક્કી કરે છે અને જીવનનો વિકાસ કરે છે.

**ક્રોમોઝોમ્સ અને ડી.એન.એ. (Chromosomes and D.N.A.) :**

સજીવ કોષમાં જે કોષકેન્દ્ર હોય છે, તેમાં ક્રોમોઝોમ્સ રહેલાં હોય છે. chromo=colour અને soma=body. ક્રોમોઝોમ્સ એટલે રંગસૂત્રો. તે મુખ્યત્વે જે બે પ્રકારનાં અણુઓનાં બનેલાં છે, તે પ્રોટીન અને ન્યુક્લેઈક ઍસિડ (Nucleic acid) છે. ન્યુક્લેઈક ઍસિડ બે પ્રકારના છે :

(૧) ડી ઓક્સીરીબોન્યુક્લેઈક ઍસિડ (d-oxyrebonucleic acid-D.N.A.)

(૨) રિબોન્યુક્લેઈક ઍસિડ (Rebonucleic acid – R.N.A.)

ડી.એન.એ. એવું રાસાયણિક અણુ છે કે જેમાં શરીરનાં જીન્સ રહેલાં છે. વૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે કે જિનેટિક માહિતી ડી.એન.એ.માં રહેલી છે, નહિ કે પ્રોટીનમાં. કેટલાંક વાયરસમાં આ માહિતી આર.એન.એ.માં રહેલી હોય છે. ડી.એન.એ. મોટો અણુ છે અને તેનો આકાર વળ ચઢાવેલી સીડી જેવો હોય છે. દરેક સજીવ જાતિના કોષોમાં રહેલાં ડી.એન.એ.માં ક્રોમોઝોમ્સની સંખ્યા નિશ્ચિત હોય છે. મનુષ્યજાતિના કોષોમાં આ સંખ્યા ૪૬ છે. આ ક્રોમોઝોમ્સમાં જીન્સ રહે છે. ડી.એન.એ. અણુ મોટું હોવાથી તેમાં ઘણી સંખ્યામાં જીન્સ રહે છે. માનવ કોષમાં ઓછામાં ઓછાં ૩૦,૦૦૦ જીન્સ હોય છે.

જીવશાસ્ત્રીય માહિતી રાસાયણિક કોડરૂપે ડી.એન.એ.માં લખાયેલી હોય છે. તે શરીરના બધા કોષોમાં રહેલાં હોય છે, સિવાય કે લોહીના રક્તકણો – જેમાં કોષકેન્દ્ર હોતું નથી. ડી.એન.એ. જીવનનું પ્રતિનિધિત્વ કરે છે. તે ખૂબ સ્થાયી છે, તેથી તેનું વિભાજન થતું નથી. સૃષ્ટિના બધા જીવો, જેવા કે માનવો, પશુઓ, પક્ષીઓ, જીવજંતુઓ, વનસ્પતિઓ વગેરેનાં જીવન માટે ડી.એન.એ. પાયાનાં અણુઓ છે. પ્રત્યેક વ્યક્તિનાં ડી.એન.એ. વિશિષ્ટ હોય છે અને તે તેની ઓળખ (Identity) છે.

**જીન્સ (Genes) :**

જીન્સ આનુવંશિકતાનાં એકમો છે. તે જિનેટિક દ્રવ્યનો એવો ટુકડો છે કે જે આનુવંશિકતાની ખાસ લાક્ષણિકતાઓ નક્કી કરે છે. તે કોષ કેન્દ્રમાંના ક્રોમોઝોમ્સમાં રહે છે. પ્રત્યેક જીન ક્રોમોઝોમ્સમાં રૈખિક રીતે યોગ્ય સ્થાને ગોઠવાયેલું હોય છે. જીનનું રાસાયણિક બંધારણ ખૂબ સંકીર્ણ છે. તે આપણામાં ઉદ્‌ભવતી અને વારસામાં મળતી તમામ માહિતી માટે જવાબદાર છે. જીન્સ વિવિધ પ્રકારનાં હોય છે. જે આપણી જાતિ, બ્લડગ્રૂપ, દૃષ્ટિ, આંખોનો રંગ, ચયાપચય (Metabolism)નાં સ્વાભાવિક લક્ષણો, માનસિક શક્તિઓ તથા ભૌતિક અને માનસિક વ્યક્તિત્વને લગતા હજારો ગુણો નક્કી કરે છે. જીન્સમાં ગર્ભાધાનથી માંડીને પુખ્તાવસ્થા અને ત્યાંથી આગળ મૃત્યુપર્યંતના જીવન વિકાસ કે ઉત્ક્રાન્તિ અંગેનાં સૂચનો

રાસાયણિક રીતે, સાંકેતિકપણે અંકાયેલાં હોય છે. દરેક ખાસ વિશિષ્ટતા માટે ખાસ પ્રકારનું જીન હોય છે. ડી.એન.એ.માં કેટલાંક જીન્સ સુષુપ્ત અવસ્થામાં પણ હોય છે. જિનેટિક વિજ્ઞાન જીન્સ કેવી રીતે કાર્ય કરે છે તે અને માતા-પિતામાંથી સંતતિમાં જિનેટિક માહિતી કેવી રીતે સ્થાનાંતરિત થાય છે તે સમજાવે છે. જોકે જીન્સ ભવિષ્યમાં થનાર વ્યક્તિગત વિકાસને પણ નક્કી કરે છે, પરંતુ આ વિકાસનો આધાર જીન્સ અને તેમની આસપાસનાં પર્યાવરણીય પરિબળો વચ્ચે થતી આંતરક્રિયાઓ ઉપર છે. જીન્સ પર પ્રાકૃતિક અને કૃત્રિમ પરિબળોની અસરો થાય છે અને તેના કારણે તેમનામાં ફેરફારો અથવા વિકૃતિઓ ઉદ્‌ભવે છે.

**જિનોમ (Genome) :**

કોષમાંના સમગ્ર જથ્થા ઉપરાંત બધાં જીન્સ અને સમગ્ર આંતરજનનીય પ્રદેશોનો સમાવેશ જિનોમમાં થાય છે. બધા જીવોને પોતપોતાનો વિશિષ્ટ જિનોમ હોય છે, જેમાં જીવની રચના અંગેની અને જીવન નિભાવવા વિશેની તમામ જૈવિક માહિતી સંગ્રહાયેલી હોય છે. જિનેટિકલી કહીએ તો માનવોનાં જિનોમ લગભગ સરખાં હોય છે. માત્ર ૦.૧% માનવ-જિનોમ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં બદલાય છે.

**જિનેટિક કોડ (Genetic code) :**

કોષકેન્દ્ર, તેમાં રહેલાં ક્રોમોઝોમ્સ, જીન્સ વગેરે ભેગાં મળી જિનેટિક કોડ નક્કી કરે છે. જિનેટિક કોડને સજીવની ડિઝાઇનને વર્ણવતી બ્લૂ-પ્રિન્ટ સાથે સરખાવી શકાય. આ બ્લ્યૂ-પ્રિન્ટમાં જિનેટિક કોડને વાંચવાની ક્રિયાવિધિ સમાયેલી હોય છે, તેમજ સજીવનાં અંગો કેવી રીતે બને છે તેની અને જીવન પ્રક્રિયાઓ કેવી રીતે આયોજાય છે તેની માહિતી રહેલી હોય છે.

**જીન વિકૃતિ (Gene mutation) :**

એક જ માતા-પિતાનાં સંતતિઓ સમાન હોવાં જોઈએ. વાસ્તવમાં આ સંતતિઓમાં નાના-મોટા ઘણા તફાવતો હોય છે. આ તફાવતોને વિચલનો અથવા ફેરફારો (Variations) કહે છે. આમાંનાં કેટલાંક વિચલનો પર્યાવરણ પ્રેરિત હોય છે, તો બીજાં આનુવંશીય હોય છે. સામાન્યતઃ, જે વિચલનો પર્યાવરણના કારણે થતાં હોય છે તે કાયમી હોતાં નથી, અને તેથી તે આનુવંશીય હોતાં નથી. પરંતુ જે વિચલનો આનુવંશીય ક્રિયાવિધિમાં ફેરફારથી થાય છે તે કાયમી હોય છે અને તે આનુવંશીય હોય છે. કોઈ પણ સજીવના સ્વભાવમાં એકાએક થતાં આનુવંશીય વિચલનોને, સામાન્યતઃ વિકૃતિ (Mutation) કહે છે.

**વિકૃતિ જન્માવતાં પરિબળો :**

જીનમાં થતી વિકૃતિઓ ઘણા પ્રકારની હોય છે. તેનો આધાર પ્રાકૃતિક પરિબળોને કારણે કે કૃત્રિમ પરિબળોને કારણે છે.

**(અ) પ્રાકૃતિક વિકૃતિઓ :**

આ વિકૃતિઓ સ્વયંસ્ફુરિત (Spontaneous) હોય છે. સ્વભાવમાં જોવા મળતાં પ્રાકૃતિક વિચલનો અથવા ફેરફારો પ્રાકૃતિક પરિબળોને કારણે છે. તેમનું નિયંત્રણ આંતરિક પરિબળો દ્વારા થતું હોય છે, નહિ કે પર્યાવરણીય પરિબળોને કારણે. જીવન વિકાસ પ્રક્રિયા દરમિયાન જીન્સ અથવા ક્રોમોઝોમ્સમાં પ્રાકૃતિક વિકૃતિઓ કોઈપણ સમયે સ્વયંસ્ફુરિતપણે એકાએક થઈ શકે છે. આ બાબતમાં કોઈ ચોક્કસતા હોતી નથી.

જૈન કર્મ-સિદ્ધાંત એવું સમજાવે છે કે સંચિત કર્મોમાંના કોઈ કર્મના ફળનો ઉદય એકાએક થવાના કારણે આમ થાય છે. પ્રાકૃતિક વિકૃતિઓનાં અંતિમ કારણો ચોક્કસપણે જાણી શકાયાં નથી. કર્મોમાં પરિવર્તન કરીને પણ આમ કરી શકાય છે. જે કર્મો તીવ્ર ભાવોથી કરવામાં આવે છે તેમનો પ્રભાવ જીન્સ ઉપર પડે છે.

**(બ) પ્રેરિત અથવા કૃત્રિમ વિકૃતિઓ :**

જીન્સમાં વિકૃતિનું પ્રેરણ કૃત્રિમ વિકૃતિકારક પરિબળો દ્વારા પણ કરી શકાય છે. જે કૃત્રિમ વિકૃતિકારકો છે તેમાં તાપમાન, વીજચુંબકીય વિકિરણ, ભૌતિક પરિબળો, રાસાયણિક પદાર્થો, ઉંમર, કેટલાંક વાયરસ વગેરેનો સમાવેશ થાય છે. જીન ઉપર જીન અને જીન ઉપર કર્મ અસર કરે છે. આ વિશ્વમાં કોઈ વસ્તુ કાયમી અને અપરિવર્તનશીલ નથી. જીન્સ પણ પરિવર્તનને પાત્ર છે. ઘણી વિકૃતિઓ અજાણ કારણોને લીધે થાય છે, કદાચ કેટલાંક વ્યક્તિગત કર્મોના ઉદયને કારણે આમ થતું હશે. આ વિકૃતિઓ જિનેટિક કોડને વિકૃત કરે છે.

ક્રોમોઝોમ્સમાં જે જીન્સ વિકૃત હોય છે તે જુદાજુદા રોગો ઉત્પન્ન કરે છે. જિનેટિક વિજ્ઞાને આવાં સંખ્યાબંધ જીન્સ શોધી કાઢ્યાં છે અને આવાં જીન્સ સાથે કયા રોગો સંકળાયેલા છે તે પણ શોધી કાઢ્યું છે. આવા રોગોમાં ચયાપચયની ખામીઓ, બુદ્ધિમંદતા, કૅન્સર, વહેલા આવતું ઘડપણ, નપુંસકતા, વૃષણવૃદ્ધિ, આંખના રોગો, રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો, અલઝાઈમર, કાનના રોગો, પાર્કીંશન, વિવિધ જાતના સિન્ડ્રોમ્સ વગેરેનો સમાવેશ થાય છે.

આપણે ઉપર જોયું કે શરીરમાંનાં આંતરિક પરિબળો અને બાહ્ય પર્યાવરણીય પરિબળોનો જીન્સ ઉપર પ્રભાવ પડે છે અને તે પ્રમાણે તેમનામાં પરિવર્તનો થાય છે અથવા વિકૃતિઓ પેદા થાય છે. આ પરિવર્તનો સારાં અથવા નરસાં હોઈ શકે છે. આ બાબત કર્મ-સિદ્ધાંત માટે મહત્ત્વની છે. આપણે જ્યારે કોઈ કર્મ કરતા હોઈએ છીએ ત્યારે તેની સાથે આપણા હળવા અથવા પ્રબળ, સારા અથવા ખોટા ભાવો જોડાયેલા હોય છે. આ ભાવો એવાં આંતરિક પરિબળો છે કે જેમની અસરો જીન્સ પર પડ્યા વિના ન રહે. વળી, કોષોમાંનાં બધાં જીન્સ સક્રિય હોતાં નથી. કર્મોના ભાવોના પ્રભાવથી, તે ભાવોને અનુરૂપ જે જીન્સ સુષુપ્ત હોય છે, તે જાગ્રત થાય છે અને સક્રિય બને છે. આ બધું જ સ્વમેળે થાય છે. દા.ત. ઉત્કૃષ્ટ આધ્યાત્મિક ભાવથી કરવામાં આવતી આધ્યાત્મિક પ્રવૃત્તિથી કોષોમાંનાં સુષુપ્ત સ્પિરિચ્યુઆલિટી જીન્સ (Spirituality Genes) જાગ્રત થઈ શકે છે, જેની અસરો આપણા આરોગ્ય તથા માનસિક અને શારીરિક ક્ષમતાઓ ઉપર પડે છે. આમ, કર્મ અને જીન વચ્ચે વૈજ્ઞાનિક રીતે સંબંધ સ્થાપિત થાય છે.

આપણે કોષો, ક્રોમોઝોમ્સ, ડી.એન.એ; જીન્સ અને જીન્સમાં થતી વિકૃતિઓ વિશે પ્રાથમિક માહિતી મેળવી લીધી, હવે તેના પ્રકાશમાં કર્મવિજ્ઞાન અને જિનેટિકવિજ્ઞાનના પરસ્પર સંબંધ વિશે જોઈશું :

**(૧) કર્મ વિજ્ઞાન અને જિનેટિક વિજ્ઞાનનો સમાંતર સંબંધ :**

આ સંબંધને સૂચવતા કેટલાક મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

(૧) જેવી રીતે જીન્સ એક પેઢીમાંથી બીજી પેઢીમાં આનુવંશીય તેમજ અન્ય ગુણોનું વહન કરે છે, તેવી જ રીતે કર્મો પણ કર્મ-શરીર અથવા સૂક્ષ્મ શરીર દ્વારા એક જન્મમાંથી બીજા જન્મમાં કર્મ-સંસ્કારોનું વહન કરે છે.

(૨) વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ઘણા તફાવતો હોય છે. દરેકની ચેતના અને પુરુષાર્થ એક સરખાં હોતાં નથી. કર્મ-સિદ્ધાંત એમ કહે છે કે આ વિષમતાઓનાં કારણો કર્મો છે, બધી વ્યક્તિઓનાં કર્મો સમાન હોતાં નથી. જ્યારે જીવશાસ્ત્રીઓના મતે આ તફાવતો હોવાનાં કારણો દરેક વ્યક્તિમાં રહેલાં જીન્સના તફાવતો છે.

(૩) જેવી રીતે જીવનનાં લક્ષણો જીન-આનુવંશિકતા સાથે સંકળાયેલાં છે, તેવી જ રીતે પૂર્વજન્મોનાં સંચિત કર્મો પણ આ લક્ષણો સાથે સંકળાયેલાં છે. વ્યક્તિગત સામર્થ્ય, બુદ્ધિમત્તા વગેરે ગુણોનો આધાર માત્ર જીન્સ ઉપર નથી. તે સિવાય, તેમનો આધાર જીવ સાથે બંધાયેલાં પૂર્વનાં સંચિત કર્મો અથવા કર્મ-શરીર પર પણ છે. જીવમાં પૂર્વજન્મનાં તમામ અફલિત કર્મો કર્મ-શરીર (સૂક્ષ્મ શરીર) રૂપે રહેલાં હોય છે.

(૪) જૈન કર્મ-સિદ્ધાંત મુજબ કર્મોનાં ફળો પરિબળો બદલીને બદલી શકાય છે. સદ્‌વર્તન અને ઉચિત પુરુષાર્થ દ્વારા સંચિત કર્મોનાં ફળોને નિયંત્રણમાં રાખી શકાય છે, તેમજ તેમનામાં પરિવર્તન કે રૂપાંતર કરી શકાય છે. આ જ રીતે જીન્સનાં કાર્યો પણ આબોહવા, પર્યાવરણ, આહાર, તંદુરસ્તી વગેરે ઉપર આધાર રાખીને ધીમેધીમે પરિવર્તન પામી શકે છે.

(૫) પ્રત્યેક જીનમાં લગભગ સાઈઠ હજાર જેટલા આદેશો સમાયેલા હોય છે, તો જૈન કર્મ-સિદ્ધાંત મુજબ પ્રત્યેક કર્માણુ (કર્મ-પુદ્‌ગલ) ઉપર અનંત સૂચનાઓ લખાયેલી હોય છે.

આમ, કર્મ-વિજ્ઞાન અને જિનેટિક વિજ્ઞાન આપણને કર્મ-સિદ્ધાંતને નવા પરિપ્રેક્ષ્યમાં સમજવામાં મદદ કરી રહ્યાં છે. એવું લાગે છે કે આનુવંશિકતાના નિયમો કર્મવાદના સંદેશવાહક છે. જીન્સ આપણા સ્થૂલ શરીરનાં ઘટકો છે, તો કર્મો આપણા કર્મ-શરીરનાં ઘટકો છે, તથા કર્મો અને જીન્સનો સંબંધ શરીર સાથે છે. આમ, સૂક્ષ્મ અને સ્થૂલ વચ્ચે સંબંધ સ્થાપિત થાય છે.

**(૨) કર્મોનો જીન્સ ઉપર પ્રભાવ :**

અગાઉ જોયું કે જીન્સ આપણા જીવનનું ઘણું બધું નક્કી કરે છે. તે વર્તમાન જીવનની વર્તણૂકને પણ પૂર્વનિશ્ચિત કરે છે. કર્મ-સિદ્ધાંત મુજબ આપણાં વિવિધ પ્રકારનાં કર્મોથી પણ આમ થતું હોય છે. તો શું આપણી કાર્મિક નિયતિનું જીન્સમાં કોડીંગ થયેલું છે ? જો તેમજ હોય તો આપણને કર્મની પસંદગી કરવાનો અવકાશ જ ક્યાં રહે છે ? શું આપણે જે કરવાનું છે તે પૂર્વ નિર્ધારિત છે ? તો પછી આપણા પ્રકૃતિદત્ત ઇચ્છા-સ્વાતંત્ર્ય (Free-will)નું શું ? શું આપણે જીવનપ્રવાહ અને કર્મપ્રવાહ ઇચ્છા મુજબ બદલી ન શકીએ ?

ડીન હેમર કે જેઓ સ્પિરિચ્યુઆલિટી જીન ઉપર કાર્ય કરી રહ્યા છે, તેઓ કહે છે કે આપણા ઇચ્છા-સ્વાતંત્ર્યને ઉત્કટપણે કાર્યરત કરીને આપણા જીન્સના સ્વભાવ અને ગુણને બદલી શકાય છે, તેમજ કેટલાંક સુષુપ્ત જીન્સને સક્રિય બનાવી શકાય છે. દા.ત. ક્રીએટિવિટી (Creativity) જીન. આ જીન આપણે બાલ્યાવસ્થાથી માંડીને જીવનકાળના મધ્યમાં પહોંચીએ ત્યાં સુધી સુષુપ્ત

રહેતું હોય છે, ત્યારપછી વ્યક્તિના તેને અનુરૂપ પુરુષાર્થથી આ જીન સક્રિય થઈ શકે છે. આવું અન્ય સુષુપ્ત જીન્સ માટે પણ હોય છે.

જીન્સ ઉપર મનુષ્યનાં કર્મોનો પ્રભાવ પડે છે અને તે અનુસાર તેમાં પરિવર્તન થાય છે. કર્મ કરતી વખતે તેની સાથે જે ભાવો સંકળાયેલા હોય તે ભાવોની તીવ્રતા મુજબ જીન ઉપર પ્રભાવ પડે છે. વ્યક્તિમાં જ્યારે ઈશ્વર પ્રત્યે ઉત્કટ ભક્તિભાવ પ્રગટે અને જો તે ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત થઈ જાય તો તેનો પ્રભાવ સુષુપ્ત સ્પિરિચ્યુઆલિટી જીન ઉપર પડે છે અને તે સક્રિય બને છે. સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ આના પુરાવારૂપ છે. એક વખતે તેમણે ગુરુ રામકૃષ્ણ પરમહંસને એવી વિનંતી કરી કે તેઓ દેવી મહાકાળીને પ્રાર્થના કરે કે તે મને ધન પ્રદાન કરે. સ્વામી રામકૃષ્ણ મહાકાળીના પરમ ભક્ત હતા. તેમણે વિવેકાનંદને એવી સલાહ આપી કે તું જાતે જ દેવી સમક્ષ માંગણી કર. મહાકાળી સમક્ષ બેસી વિવેકાનંદે એકાગ્રચિત્તે, સમર્પિત ભાવે આ માટે પ્રાર્થના શરૂ કરી. આશ્ચર્યની વાત એ છે કે લાંબા સમયની પ્રાર્થના પછી વિવેકાનંદની માંગણી બદલાઈ ગઈ. તેમણે ધનની નહીં પણ શાણપણ (wisdom) અને આત્મપ્રકાશની માંગણી કરી દીધી. પરમહંસે વિવેકાનંદને ફરીથી, બે વખત ધનની માંગણી કરવા સૂચનાઓ આપી, પરંતુ બંને વખતે ઉપર મુજબ જ માંગણી કરી. આ યુવાનને આવું કરવાની પ્રેરણા ક્યાંથી મળી ? આવું કેમ થયું ? જિનેટિક સંશોધનોના પ્રકાશમાં એમ કહી શકાય કે આવું કરવા માટે પ્રબળ ભક્તિ-ભાવના પ્રભાવથી જાગ્રત થયેલાં સ્પિરિચ્યુઆલિટી જીન્સે તેમને પ્રેરિત કર્યા હોવા જોઈએ. આમ, વિશિષ્ટ પ્રકારના પુરુષાર્થથી વિશિષ્ટ પ્રકારનાં જીન્સને સક્રિય કરી શકાય છે. આપણને મળેલા કર્મસ્વાતંત્ર્યનો ઉચિત ઉપયોગ કરીને પ્રબળ પુરુષાર્થ દ્વારા ભાગ્યરેખાને બદલી શકીએ છીએ.

**(૩) કર્મ જીન્સ મારફત કાર્ય કરે છે :**

કાર્મિક અણુઓ કર્મ-શરીરમાં રહેલાં હોય છે એટલે કે કર્મો કર્મ-શરીરમાં રહેલાં હોય છે. ગર્ભાધાન વખતે જીવ (આત્મા) માતાની યોનિમાં આ કર્મ-શરીર સાથે પ્રવેશે છે. ટેસ્ટ ટ્યૂબમાં ગર્ભાધાન કરાવવામાં આવે ત્યારે પણ તે તેમાં કર્મશરીર સાથે પ્રવેશ કરે છે. આ કર્મ-શરીર એક જ માતા-પિતાનાં બધાં સંતાનોમાં એક સરખું હોતું નથી, તેથી તેમનાં બધાં સંતાનો એક સરખાં હોતાં નથી અને તેથી બધાં સંતાનોમાં અસમાનતાઓ જોવા મળે છે. ઘણી વખત શૂદ્ર માતા-પિતાનાં બધાં બાળકોમાંના કોઈકમાં બ્રાહ્મણ અથવા ક્ષત્રિયનાં લક્ષણો જોવા મળે છે. આવું બનવાનું કારણ તેનામાં રહેલાં આવાં જીન્સ છે.

જિનેટિક્સ પ્રમાણે પ્રત્યેક સજીવનું બંધારણ અને શારીરિક પ્રક્રિયાઓ તેમાંના ક્રોમોઝોમ્સ પ્રમાણે થાય છે. જીવન-વ્યવહારમાં દરેક તબક્કે એક યા બીજા પ્રકારનાં પ્રોટીન્સની આવશ્યકતા હોય છે. આ પ્રોટીન્સનું નિર્માણ ક્રોમોઝોમ્સમાં રહેલાં ખાસ પ્રકારનાં જીન્સ કરતાં હોય છે. આ જીન્સ આંતરિક અથવા બાહ્ય પરિબળોના કારણે પરિવર્તન (Mutation) પામ્યા કરે છે અને તેથી પ્રોટીન્સ બનાવતી ક્રિયા પણ બદલાતી રહેતી હોય છે. આ રીતે પ્રાણીની બધી પ્રવૃત્તિઓ, તેની નિયતિ, તેનું શરીર વગેરે જીન્સ દ્વારા નક્કી થાય છે. જીવશાસ્ત્ર કહે છે કે આ બધાનો નિર્ણય જીન્સ કરે છે, જ્યારે કર્મશાસ્ત્ર એમ કહે છે કે આ બધાનો નિર્ણય કર્મો કરે છે. જે સંશોધનો થઈ રહ્યાં છે તે એમ સૂચવે છે કે કર્મો કારણો છે અને જીન્સ તેમની અસરો (કાર્યો) છે. આ ઉપરથી એમ કહી શકાય કે કર્મો જિનેટિક કોડ અને જીન્સને તેમના પ્રમાણે ક્રિયાઓ કરવા અને પરિવર્તન પામવા માર્ગદર્શન આપે છે, સૂચના આપે છે અને પ્રેરણા આપે છે. આ સૂચવે છે કે કર્મો ચોક્કસપણે શરીરનું નિયમન કરતાં એકમો જીન્સ સાથે સંકળાયેલાં છે.

કર્મશાસ્ત્ર એમ કહે છે કે દરેક પ્રાણી તેનાં બંધાયેલાં કર્મો અનુસાર વિવિધ પ્રકારની યોનિઓમાં શરીર ધારણ કરે છે, અને તેના અંગોનું બંધારણ (Bodyconfiguration) પણ તેનાં કર્મો પ્રમાણે હોય છે. માત્ર કર્મોના કારણે જ કોઈ અંધ, કોઈ દેખતો, કોઈ બદ્ધિમાન, કોઈ મંદબુદ્ધિમાન, કોઈ સ્વરૂપવાન, કોઈ કદરૂપો, કોઈ કાળો, કોઈ સફેદ, કોઈ સામર્થ્યવાન તો કોઈ નિર્બળ હોય છે. જિનેટિક્સ કહે છે કે આ બધું જીન્સ પણ કરે છે, જીન્સનાં કાર્યો રૂપે પ્રાણીના શરીરનું નિર્માણ થાય છે. તો વળી કેટલાંક ક્રોમોઝોમ્સ પ્રાણીની જાતિ કેવી કે નર, નારી કે નાન્યતર નક્કી કરે છે.

આધુનિક વિજ્ઞાન મુજબ પ્રજોત્પત્તિ પ્રક્રિયા દરમિયાન જે ભ્રૂણ બને છે તેના લિંગનો નિશ્ચય સ્ત્રી અને પુરુષના કયા કયા ક્રોમોઝોમ્સ એકબીજા સાથે જોડાય છે તેના ઉપર છે. ક્રોમોઝોમ્સ બે પ્રકારનાં છે : x અને y. પિતાના શુક્ર કોષમાં x અને y ક્રોમોઝોમ્સ હોય છે અને માતાના અંડકોષમાં કેવળ x ક્રોમોઝોમ્સ હોય છે. પુરુષના x ક્રોમોઝોમ્સનું સ્ત્રીના x ક્રોમોઝોમ્સ સાથે ફલિનીકરણ થવાથી પુત્રી અને પુરુષના y ક્રોમોઝોમનું સ્ત્રીના x ક્રોમોઝોમ્સ સાથે ફલિનીકરણ થવાથી પુત્ર પેદા થાય છે.

પુરુષ કેવો હશે ? તે હિંસક, આક્રમક, સહિષ્ણુ કે પ્રેમાળ હશે, તે y ક્રોમોઝોમ્સ નક્કી કરે છે અને તે જાતિ નિર્ણાયક પણ છે. પુત્રીનું x-x જોડાણ સમમિત (Symmetrical) અને સંતુલિત છે (તેના બંને છેડા સમાન છે) અને તેથી સ્ત્રી સૌંદર્યવાન, સુડોળ, સમતાયુક્ત, ધીર-ગંભીર, કોમળ, પ્રેમાળ, લયબદ્ધ, સુસંવાદિત અને શાંત હોય છે. પુત્રનું x-y જોડાણ અસમમિત (Unsymmetrical), અસંતુલિત અને વિષમ છે (તેના બંને છેડા અસમાન છે.) તેનામાં લયબદ્ધતા, સૌંદર્ય, કોમળતા અને કરુણાનો અભાવ હોય છે. પુરુષ તણાવયુક્ત, અસંતોષી, ઉગ્ર, આધિપત્ય જમાવવાના સ્વભાવવાળો અને બેચેનીવાળો હોય છે અને તેથી તે સતત દોડતો રહે છે, સંશોધનો કરતો રહે છે; તેનામાં સ્થિરતાનો અભાવ હોય છે. આ તફાવતનું કારણ x અને y ક્રોમોઝોમ્સમાં રહેલાં અસમાન જીન્સ છે.

કર્મશાસ્ત્ર એમ કહે છે કે કર્મોનો જીન્સ ઉપર પ્રભાવ પડે છે અને જીન્સ તે પ્રમાણે વર્તે છે. કર્મો જાતિ નિર્ણાયક હોય છે.

### (૪) જીવોનાં વિવિધ અસ્તિત્વો, પુર્નજન્મ અને જિનેટિક કોડ :

અગાઉ આપણે જિનેટિક કોડની વ્યાખ્યા જોઈ ગયા છીએ. કોષ કેન્દ્ર અને જિનેટિક કોડ મુજબ તેમાં રહેલાં જીન્સ અને ક્રોમોઝોમ્સ જીવનની વિવિધ પ્રવૃત્તિઓનું નિયમન કરે છે. રસપ્રદ સત્ય એ છે કે બધા જીવો – નાનાથી માંડી મોટા જીવો એક સમાન જિનેટિક કોડ ધરાવે છે. આમ, અમીબાથી માંડી મનુષ્ય સુધીનાં જીવનોને નક્કી કરતો જિનેટિક કોડ એક સમાન છે. તો વળી બધા જીવોમાં રહેલા મૂળ આત્માઓ પણ એક સમાન છે. આ બંને બાબતોનું બરાબર અનુસંધાન કરવામાં આવે તો એવું માલૂમ પડે છે કે સમાન જિનેટિક કોડ અને સમાન આત્માનો આ સિદ્ધાંત આડકતરી રીતે પુનર્જન્મના સિદ્ધાંતને બળ આપે છે.

આ જીન્સ અને જિનેટિક કોડ ઉપર કર્મ-પુદ્‌ગલો (કર્મો)નું નિયંત્રણ હોય છે અને તે જીવનનું નિયંત્રણ કરે છે. જિનેટિક કોડનું નિયંત્રણ કરતાં આ કર્મ પુદ્‌ગલો એક જન્મમાંથી બીજા જન્મમાં અથવા એક અસ્તિત્વમાંથી બીજા અસ્તિત્વમાં આત્માની નિર્ગમન થવાની ક્રિયાનું, તેમના નિયમો મુજબ વ્યવસ્થાપન કરતાં હોય છે. જીવન ઘટમાળામાં આત્મા કર્મ-શરીર સાથે એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રત્યાગમન કરતો હોય છે. અહીં, કર્મ-શરીર, જિનેટિક કોડ અને નિયતિ પ્રમાણે આત્માને નવું શરીર પ્રાપ્ત થતું હોય છે અને તે પ્રમાણે તેનો આગળ વિકાસ થતો હોય છે. આનો અર્થ એ થયો કે કર્મ-શરીર એવા રૂપનું બનવું જોઈએ કે જે નિર્ણિત જિનેટિક કોડ સાથે સુસંગત બને અને આત્મા તે મુજબ નવા શરીરમાં નવું જીવન શરૂ કરે.

લૉસ એન્જલસની કેલિફોર્નિયા યુનિવર્સિટીના પોલ થોમસની રાહબરી નીચે કાર્ય કરતા સંશોધનકારોએ એવો સ્પષ્ટ પુરાવો રજૂ કર્યો છે કે મનુષ્યની બુદ્ધિમત્તા મહદ્‌અંશે જન્મ પહેલાં એટલે કે અગાઉના જન્મમાં નક્કી થઈ જતી હોય છે. આ એક ક્રાન્તિકારી સંશોધન છે. શું આ સંશોધન ભારતીય પુનર્જન્મના સિદ્ધાંતને અને આત્માના અમરત્વના ખ્યાલને અનુમોદન નથી આપતું ?

હવે, એ પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે કે જીન્સના માનસિક અને બૌદ્ધિક ગુણો અનિવાર્યપણે માનવના પૂર્વજન્મોની ઘટમાળાની વિવિધ આંતર અવસ્થાઓથી અસર પામે છે.

### (૫) સમલિંગી જોડિયાં બાળકો :

જે સમલિંગી જોડિયાં (Twins) બાળકો પેદા થાય છે તે એક જ ફલિત અંડકોષના સમાન વિભાજનથી પેદા થાય છે. સમલિંગી એટલે બે પુત્રીઓ અથવા બે પુત્રો. એક જ ફલિત અંડકોષના (ભ્રૂણના) જિનેટિકલી એક સરખા વિભાજનથી તે પેદા થાય છે. આ રીતે જન્મતાં બે બાળકોમાં બધાં જીન્સ સમાન હોય છે, તેથી તે બંને બધી રીતે સમાન હોય છે. તે બંને સમાન લિંગવાળાં હોય છે, આંખોના રંગો સમાન હોય છે; તે ઘણી બધી બાબતોમાં મળતાં હોય છે. બે અલગ રીતે એક સાથે ફલિત થયેલા અંડકોષોમાંથી એક સરખાં જોડિયાં બાળકો પેદા થતાં નથી.

વળી, એક જ માતા-પિતાનાં અલગ અલગ સમયે જન્મેલાં સંતાનોમાં આનુવંશિકતા દ્વારા મળતાં જીન્સ સમાન હોવાં જોઈએ અને તે મુજબ ગુણધર્મોમાં પણ સમાનતા હોવી જોઈએ, પરંતુ સમાજમાં આવી સમાનતા દૃષ્ટિગોચર થતી નથી. આ સંતતિઓમાં શારીરિક અને માનસિક શક્તિઓ તથા ગુણદોષોમાં ઘણા તફાવતો હોય છે, એક બાળકને વારસામાં ઘણુંબધું ઊંચી કક્ષાનું અને બીજાને ઘણુંબધું નીચી કક્ષાનું મળેલું હોય છે તેવાં ઘણાં ઉદાહરણો જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે દરેક બાળકના ગર્ભાધાન વખતે માતા-પિતાની શારીરિક અને માનસિક સ્થિતિ તથા બાહ્ય પર્યાવરણ એક સરખાં હોતાં નથી, તેથી સમાન માતા-પિતાનાં સંતતિઓમાં અસમાનતા જોવા મળે છે. પરંતુ એક જ ફલિત અંડકોષના સમાન વિભાજનથી

જન્મેલાં બે સમલિંગી જોડિયાં બાળકોના ગર્ભાધાન વખતે માતાપિતાની શારીરિક અને માનસિક સ્થિતિ તથા બાહ્ય પર્યાવરણ એક સરખાં હોય છે, તેઓ એક જ ફલિત અંડકોષના સમાન વિભાજનથી બનેલાં હોય છે, તેમનું જિનેટિક બંધારણ પણ એક સરખું હોય છે; છતાં બંનેનાં શારીરિક બંધારણ, વ્યક્તિત્વ, સામર્થ્ય, અને નિયતિ ભિન્ન હોય છે. આનું કારણ શું ?

કાર્ય-કારણનો નિયમ કહે છે કે દરેક બાબત માટે કારણ હોય છે. તો પછી આવી અસમાનતા, તરતમતાનું કારણ શું ? જિનેટિક વિજ્ઞાન આનો સંતોષકારક ઉત્તર આપી શકતું નથી, પરંતુ કર્મ-સિદ્ધાંત તેનો ઉત્તર આપે છે. તે કહે છે કે આ બધી અસમાનતાઓનાં મૂળ કારણો તેમનાં પૂર્વ કર્મોમાં રહેલી અસમાનતાઓ છે. જિનેટિક વિજ્ઞાન એમ દલીલ કરી શકે કે કદાચ ફલિત અંડકોષનું વિભાજન એકસરખું થયેલું નહિ હોય, તેમાં અલ્પ પ્રમાણમાં તફાવત હશે, તેથી આમ થયું હશે. પરંતુ આ બે સંતતિઓમાં અને તેમની નિયતિમાં ઘણો બધો તફાવત જોવા મળે છે. જેને જિનેટિક વિજ્ઞાન સમજાવી શકતું નથી. કર્મસિદ્ધાંત એમ કહે છે કે આ તફાવતનું મૂળ કારણ એક જ ફલિત અંડકોષના વિભાજનથી થયેલાં આ બે બાળકોનાં શરીરોમાં પ્રવેશેલા આત્માઓ સાથે જોડાયેલાં કર્મ શરીરો (કર્મો) એક સરખાં હોતાં નથી, તે છે. આમ, આ રીતે આત્માનું અસ્તિત્વ અને અમરત્વ પુરવાર થાય છે.

**(૬) આધ્યાત્મિકતા અને જીન :**

આધ્યાત્મિકતા (Spirituality)નું મૂળ લક્ષણ એ છે કે તેમાં કોઈ ઈશ્વર, પરમશક્તિ કે દૈવીશક્તિ કે જેણે વિશ્વનું સર્જન કર્યું છે અને તેનું સંચાલન કરી રહી છે તેમાં શ્રદ્ધા રાખવામાં આવે છે. તેમાં મનની અંદર ઊંડા ઊતરવા, આત્મા શું છે તે જાણવા અને જીવનનો હેતુ શું છે તે સમજવા ચિંતન કરવામાં આવે છે.

જિનેટિક વિજ્ઞાની ક્લોનીન્જરે એક મહત્ત્વની વાત કરી છે. તે એ છે કે ઉંમર વધવા સાથે આધ્યાત્મિકતા વધે છે. એટલું જ નહિ, આધ્યાત્મિક લોકો પ્રમાણમાં વધુ પ્રેમાળ, ઉદાર, ધીરગંભીર, મિલનસાર, મૈત્રીપૂર્ણ, લાગણીશીલ, અને સકારાત્મક ભાવવાળા હોય છે. તેઓ જીવનમાં સાત્ત્વિક આનંદ અને સુખોનો અનુભવ કરે છે અને બીજાના કલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે. તેઓ જીવન પ્રત્યે આશાવાદી (Optimistic) હોય છે. આશા અને શ્રદ્ધા મનને શાંતિ આપે છે, તંદુરસ્તી સુધારવામાં અને દર્દને જલદીથી મટાડવામાં સહાયરૂપ બને છે.

શા માટે આધ્યાત્મિકતા આવું શક્તિશાળી બળ છે ? શા માટે મનુષ્ય આવી ઇન્દ્રિયાતીત વસ્તુમાં શ્રદ્ધા રાખે છે કે જેને જોઈ શકાતી નથી, જેની કોઈ વાસ નથી, જેનો કોઈ સ્વાદ નથી, જેને સાંભળી શકાતી નથી કે જેનો સ્પર્શ અનુભવી શકાતો નથી ? શા માટે લોકો તેમની સમગ્ર જીવનયાત્રા દરમિયાન તેમની ધાર્મિક અને આધ્યાત્મિક પાર્શ્વ ભૂમિ પર રહીને જીવનનાં સુખો, સત્તા કે સંપત્તિને ગૌણ ગણીને કોઈ ખાસ ઈશ્વરની સાધના કરે છે ? આધ્યાત્મિકતાને શા માટે મૂલ્યવાન ગણે છે ? આ બધું આપણાં જીન્સમાં ગૂંથાયેલું છે. આધ્યાત્મિકતા આનુવંશિકપણે આપણા જીન્સમાં રહેલી છે. આવા વિશિષ્ટ જીનને ગોડ-જીન (God-gene) કહે છે. આ ગોડ-જીન તે સ્પિરિચ્યુઆલિટી-જીન છે. આધ્યાત્મિકતા એવું આંતરિક પરિબળ છે કે જે ગોડ-જીનને જાગ્રત કરે છે. આ જીન દરેક વ્યક્તિમાં હોય છે, પણ જે તેને આવી પ્રવૃત્તિઓથી જાગ્રત કરે છે તે આવી ઉચ્ચ સ્થિતિનો અનુભવ કરી શકે છે. જે વ્યક્તિ આમ નથી કરતી તેનામાં આ જીન જીવનભર સુષુપ્ત સ્થિતિમાં પડી રહે છે. આ જીન્સ સજીવ કોષ કેન્દ્રમાં રહેલાં ક્રોમોઝામ્સમાં અન્ય જીન્સની સાથે રહેલાં હોય છે. સબળ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા સુષુપ્ત ગોડ-જીન અથવા સ્પિરિચ્યુઆલિટી જીનને જાગ્રત કરી શકાય છે અને તે દ્વારા મોક્ષ પણ પ્રાપ્ત કરી શકાય છે.

ગોડ-જીન્સ સિવાય પણ આપણામાં એવાં કેટલાંક સુષુપ્ત જીન્સ પડેલાં હોય છે, કે જેમને તેમને અનુરૂપ ઉમદા કર્મો કરીને જાગ્રત કરી શકાય છે અને તેમને અનુરૂપ વિકાસ સાધી શકાય છે. આપણા ઋષિમુનિઓ વર્ષો સુધી પ્રખર યોગ સાધના અને તપ કરતા હોય છે અને તેથી તેમને અનુરૂપ જે જીન્સ સુષુપ્ત હોય છે તે જાગ્રત થતાં હોય છે. આવા પુરુષોના સાંનિધ્યમાં ભક્તિભાવપૂર્વક રહેવાથી તેને અનુરૂપ જીન્સ જાગ્રત થતાં હોય છે.

આમ, જીન્સ આપણા જીવનનું ઘણું બધું નિશ્ચિત કરે છે, તેથી ઉમદા કર્મો કરીને આપણા જીન્સને ઉમદા બનાવીએ. ગોડ-જીનનો આ ખ્યાલ હજારો વર્ષો પૂર્વે વૈશ્વિક આધ્યાત્મિક સાહિત્યમાં બીજી કોઈ રીતે વ્યક્ત થયેલો હોવાં જોઈએ. હવે, પશ્ચિમના દેશોમાં ગોડ-જીનનો ખ્યાલ પ્રચલિત થતો જાય છે.

**પ્રિ. ડાહ્યાભાઈ જયરામદાસ પટેલ**
**૧૬, અંકુર સોસાયટી, વિસનગર**
**મો. ૯૮૭૯૭૫૧૧૦૫**
**(લેખક કૃત 'ભારતીય દર્શનો અને કર્મસિદ્ધાંત', ૨૦૧૮, પૃ. ૧૨૨-૧૩૫માંથી સાભાર)**

# તડકાનાં તીખાં ઝરણાં

ભગીરથ બ્રહ્મભટ્ટ

આપણી ત્રણેય ઋતુઓમાં કેવળ 'ઉનાળા'ની આગળ 'આકરો' વિશેષણ શોભે છે. એ વિશેષણને કારણે વિશેષ્યનો મહિમા છે. ઉનાળાની આંખોમાં રાજપૂતી શૂરાતન વસે છે અને એની કાયામાં દુર્વાસાની પ્રકૃતિ વસે છે. ઉનાળાના દિવસોમાં જ આકાશમાંથી તીખા અને તોરીલા કાપડના તાકા નીચે ઊતરે છે. ઊકલતા... ઊકલતા... આપણને એ તાકા વીંટળાઈ વળે છે, આપણને જ શું કરવા ? સમગ્ર સૃષ્ટિને. કાળની હૂંફ રઘવાટે ચઢે છે. સૂરજ લતે ચઢેલા દારૂડિયાની જેમ લવરી કરે છે. સૂરજવાણીમાંથી આક્રમકતાનો વરસાદ વરસે છે કે આક્રમક કોરડા વીંઝાય છે ? પૃથ્વીની કાયા એના હાકોટા – છાકોટાથી ભયભીત બની જાય છે. સૂર્યનો નશો પવનને ચઢ્યો હોય એવો ભાસ થાય છે. પવનના ઝરણાંને સૂર્યની લાલ આંખ થથરાવે છે. અંગ્રેજો કરતાં અધિક, આતંકવાદીઓ જેવી જોહુકમી લઈને પૃથ્વી ઉપર છદ્મવેશે સૂરજ વિહરે છે. કોમળ કોમળ ઝીણી ઝીણી કૂંપળો તો શરણાગતિ સ્વીકારી લેતી હોય એમ જણાય છે. વૃક્ષો ઝઝૂમે છે. પર્વતો મૌન માર ખાય છે. રસ્તા પરની ધૂળ અને સડકો સામો ઉત્તર આપી શકતાં નથી. પૃથ્વીવાસીઓ સૂર્યની આક્રમકતા સામે ટકી રહેવાના નુસખા શોધે છે. સળગતી જ્વાળા જેવા તકડાની સામે બાથ ભીડવાનું ગજુ વૃક્ષો સિવાય કોઈનું દેખાતું નથી. કોઈ લલના હાથમાં છત્રી પકડી તડકાથી બચવા પ્રયત્ન ભલે કરે, પણ છત્રી કંઈ વૃક્ષો માફક ઝઝૂમે ખરી ? અને ઝઝૂમે તો કેવું ? એ.સી.નાં ઇંજેક્શનો અને ગ્લુકોઝ જેવા શરબતના બાટલા ગરમી નામની બીમારીને ક્યાં નામશેષ કરી શક્યા છે ? જ્યારે ગ્રીષ્મનો તડકો પીધા પછી લીમડા ઘેઘૂર બને છે. એ જ લીમડો પથિકોને છાંયો પિવડાવે છે – કેવી કર્મઠતા ! છાંયડાની છાશ ગટગટ પીવાનો લ્હાવો લેવા જેવો હોં ! વૃક્ષને છાંયે ખાટલો ઢાળી પડ્યા હો, કોઈ ગાય-ભેંસ ખરા બપોરે વૃક્ષને છાંયે વાગોળતાં જોયાં છે ? એ ભૂમિકામાં તડકાની જોહુકમી માપવા જેવી હોય છે. વૃક્ષો જ ટાઢક આપે અથવા એની છાયાની છાશ જ ટાઢક આપે એમ કહી શકાય. એ ટાઢાશના આકર્ષણે કહો કે નિમંત્રણે કહો નિદ્રાદેવી ધીરેધીરે પાંપણોમાં પધારે છે. બપોરે પંખીજગત જંપી જાય છે. સમગ્ર પ્રાણીજગત પોરો ખાય છે.

શિયાળાની સવારના તડકો શેરડીના સાંઠા જેવો ગળ્યો લાગે એના ગળપણના સબડકે કાયા હૂંફાળી બને જ્યારે ઉનાળાના તડકાની લિપિ બાણમુદ્રા વાળી. એની પ્ર-ભાવકતા દાહક. સવારના આઠથી સમી સાંજ સુધીના ગાળા ઉપર એ તડકાનું સામ્રાજ્ય... એનો રાજવી સૂરજ. ફાગણના દિવસોમાં જ કેમ આટલો બધો ક્રૂર થતો હશે ? નથી સમજાયું એની ક્રૂર કઠોરતાનું રહસ્ય !

વૃક્ષોની કાયા ઉપર તડકાનો તોર કેવો ? વૃક્ષો તો સંત છે – એક પગે ઊભેલા મહર્ષિ છે. એમને તડકાનો સ્પર્શ નહિ દઝાડતો હોય ? દઝાડે છે, પણ વૃક્ષો એની ફરિયાદ કરતાં નથી. દાઝતાં વૃક્ષો આપે છે તો શીતળ છાયા. આ તો પ્રકૃતિ માત્રનું રહસ્ય છે... તડકાનાં પૂર આવે ત્યારે એમાં કોઈ તરવાની હિંમત કરે નહિ, છતાં કશું જ ચર-અચર કોરું તો રહી શકતું નથી જ. પહાડો અને ખીણો એ તડકો પ્હેરીને પોતાની આગવી પ્રકૃતિ અનુસાર વર્તે છે. તડકાની ગતિને અવરોધી વૃક્ષો અને પહાડો પૃથ્વીની અન્ય સજીવ સૃષ્ટિ ઉપર ઉપકાર કરે છે – પ્રકૃતિનાં બધાં તત્ત્વો વચ્ચે તડકો વિસંવાદ રચવાનો ઉપક્રમ લઈને આવે છે જાણે ! પણ એ પર્વત, ખીણ, વૃક્ષ, ઝરણાં, વનસ્પતિ વગેરે તડકાને જાણે સમજાવે છે – કે ભાઈ, આપણે સૌ એક માનો વસ્તાર છીએ... આપણી વચ્ચે વિસંવાદ ન હોય, સંવાદ જ હોય... આખો દિવસ સૂર્ય અને પૃથ્વી દ્વન્દ્વે ચઢે છે પણ આખરે સાંજ પડે તડકો

સમજી જાય છે. સૂરજ સંતાઈ જાય છે – એ આત્મીયતા ક્યાંથી આવી ? આમેય વૃક્ષો તડકાને કારણે બળી જતાં નથી. રોમેરોમ ગરમ ભલે થાય પણ ફાયરબ્રિગેડ વાળાને બોલાવતાં નથી. જિંદગીની આકરી વેળાએ હિંમત ન હારી જવાનો સંદેશ આપવા તો એ નહિ ઊભાં હોય ! શિયાળે, ઉનાળે અને ચોમાસે એને ભલે ડરાવ્યાં પણ એ ભાઈચારો ક્યાં ભૂલ્યાં છે ?

માણસોને તડકો ક્યાં ગમ્યો છે ? ઉનાળામાં તો માણસો એનાથી દૂર જ રહ્યા છે – તડકો જાણે કાદવ-કીચડ ન હોય ! પોતીકા સ્વાર્થે હિંમત કરી એ તડકામાં બહાર નીકળે ત્યારે પણ માણસનો સરેરાશ અણગમો શિયાળા અને ચોમાસા કરતાં ઉનાળા પ્રત્યે વધારે જ જોવા મળે છે. ઉનાળામાં આળસ નામની વનસ્પતિને અંકુરો ફૂટે છે – અને ઋષિ જેવાં વૃક્ષો ભીતરથી પાંગરે છે. એટલે લીમડો, ગરમાળો, કેસૂડાંની ભવ્યતા ઉનાળે જ દેખાય છે ને ? આંબે આવતી ખાટી કેરી એ તડકાના આશિષથી મીઠી થાય છે એની માણસને હજુ ક્યાં ખબર છે ? લીંબોળી હરખે ચઢે છે. મ્હોરથી મલકાય છે સમગ્ર પ્રકૃતિ જગત !! સમગ્ર પૃથ્વીને ગર્ભવતી બનાવતી ક્ષણ કઈ ? તમને અવશ્ય જવાબ મળશે ઉનાળો.

ઉનાળો સર્જક છે – ઉનાળો જ સાચો સર્જક છે. ઉનાળામાં જે ખીલી શકે – એ કવિ. કવિ તાપમાં શબ્દોને તપાવ્યા પછી સર્જનમાં આણે છે... ઉનાળાની પ્રભાવકતાના મૂળમાં પેલી સર્જકતા રહેલી છે – જેની આંખોમાં કસુંબી રતાશ હોય અને જેની ભાવના શ્રેયસ્કર હોય તે પ્રભાવક હોવાના જ. આપણે એ ઉષ્ણતા સામે અણગમો કેળવવાને બદલે એને આપણા હૃદયમાં ઉતારીએ તો કદાચ, જે કંઈ ફૂટી નીકળશે એ કવિતા જેવું જ હશે. આપણે ઉનાળાના તાપ કરતાં આપણા અંદરના તાપનો વિરોધ કરવો જોઈએ. ઉનાળાનો તાપ તો પ્રકૃતિના આશિષ જ હોય – એ સ્વીકારવું જોઈએ. વૃક્ષોની દોસ્તી શહેરના જનોને ઓછી ફાવે છે, ઉનાળાનું ચાલે તો નગરની રેવડી દાણાદાણ કરી જ નાખે, પણ સારું છે એ નગરની વચ્ચે ગામડાના કેટલાક માણસો વસે છે જે તડકાના સ્વજનો છે – એટલે એ બચી જાય છે. ઉનાળો સમગ્ર સૃષ્ટિને વ્હાલ કરે છે – સમગ્ર પૃથ્વી સાથે રતિક્રીડા કરે છે તેમ છતાં એ યોગીનું રૂપ પામ્યો છે. એ જ તો વિશેષતા !

વૈશાખી ગાણે તડકો ઝૂલે છે – વરરાજાને ઘોડે ચઢવાનું એ જ ગાળામાં વધુ ફાવ્યું છે. મેંદી મીંઢળના કૂણા અંકુરો સૌથી વધારે ઉનાળે જ ફૂટે છે. ગુલમ્હોરી ગીતોના આનંદમાં શેરડીના રસ જેવા જાનૈયાઓ ઉનાળાની આરતી ઉતારે છે. કેડીઓ પર કરફ્યૂ નંખાય છે ને નિશાળો એ ગાળામાં નંદવાય છે. જીરુ, વરિયાળી, રાઈ, ધાણીની ઝીણી ઝીણી ગંધ રમણે ચઢે છે. ઘઉં સોનેરી થઈ જાય છે – બાજરી લીલીછમ્મ... આવા મંગલ ટાણે મરમીઓ કહે છે ઉનાળે ધરતી યતિની જેમ તપીને સૃષ્ટિને શ્રેયસ્કર આશિષ પાઠવે છે – તડકાના ચંદરવા નીચે ધરતી એના યૌવનની ધન્યતા અનુભવે છે. આકાશી વાદળી ચાળણીમાંથી તડકાનો લોટ પૃથ્વી ઉપર ભલે પડતો રહે. એ લોટમાંથી જ રોટલા થવાના છે. એ રોટલા જ પૃથ્વીના પેટનાં પોટલાં છે ભાઈ ! લ્યો આ કેસૂડો બોલાવે છે. સ્વાગત કરે છે. આમ્રમંજરી મલકાય છે ને લીમડે લીમડે લાલ લાલ કૂંપળો તમારી આવતીકાલ ઊજળી રહેવાના સંકેતો આપે છે – સંભળાય છે ? જુઓ. આ પીપળે નૂતન પાથરણાં પાથર્યાં. ઠરીને બેસો. જુઓ, સૂંઘો, ચાખો અને સાંભળો આ તડકાના ઝરણાંને... માણો એના સ્વાદને.

**પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટ**
**પ્લોટ નં. ૮૬૪ 'પ્રેસ' મહાદેવ એરિયા**
**વલ્લભવિદ્યાનગર**
**મો. ૯૮૭૯૫ ૨૩૨૭૬**

*કવિ માત્ર સ્રષ્ટા જ નથી, દ્રષ્ટા પણ છે, હોવો જ જોઈએ. દર્શન હોય, દ્રષ્ટા હોય તે જ કવિ. દર્શન ન હોય દ્રષ્ટા ન હોય તે કવિ નહિ એ સ્પષ્ટ છે.*

*તો માત્ર દર્શન હોય તે ઋષિ, દર્શન અને વર્ણન બંને હોય તે કવિ. કવિ માત્ર દ્રષ્ટા નથી, સ્રષ્ટા પણ છે, હોવો જ જોઈએ. સ્રષ્ટા હોય તે જ કવિ. જે સ્રષ્ટા ન હોય તે કવિ નહિ. તે ઋષિ એ પણ સ્પષ્ટ જ છે.*

*– નિરંજન ભગત*

# પિયેર્રી ડી ફર્મા

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ગણિતના ઇતિહાસમાં પ્રિયેર્રી ડી ફર્માનું સ્થાન શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રીઓ જેવા કે આર્કિમિડિઝ, ન્યૂટન, ઑઇલર, ગૉસ વગેરે સાથે છે. તેઓ યામ ભૂમિતિના (Analytic geometry) શોધનારાઓમાંના એક હતા. તેમની કોઈ પણ વક્રના સ્પર્શક શોધવાની રીત અને વક્રના મહત્તમ અને લઘુતમ બિંદુઓ શોધવાની રીતોના કારણે વિકલન કલનગણિતના શોધક ગણાય છે. સંભાવનાશાસ્ત્ર – હાલના સંખ્યાશાસ્ત્રના નિર્માણ કરનારા પણ હતા. પ્રકાશશાસ્ત્રમાં (optics) પણ તેમનો શોધેલો નિયમ છે. ફર્માના છેલ્લા પ્રમેયથી (Lost Theorem of Fermat) તેઓ ખૂબ જ પ્રસિદ્ધ છે.

પ્રમેય : $x$, $y$ અને $z$ ની કોઈ પણ પ્રાકૃતિક સંખ્યાઓ નથી કે જે સમીકરણ $x^n + y^n = z^n$ ને સંતોષે. અહીંયાં $n > 2$ પણ પ્રાકૃતિક સંખ્યા છે. ધારો કે $n = 3$ છે, તો સમીકરણ $x^3 + y^3 = z^3$ થાય. આનો અર્થ એ થયો કે કોઈ પણ સંખ્યાના ઘનને (cube) બે ધન સંખ્યાઓના સરવાળાથી દર્શાવી ન શકાય તે જ પ્રમાણે કોઈ પણ સંખ્યાના ચતુર્ઘાતની સંખ્યાને બે ચતુર્ઘાતી સંખ્યાનો સરવાળાથી દર્શાવી ન શકાય. આ જ રીતે કોઈ પણ સંખ્યાના $n$ ઘાતની સંખ્યાને બે $n$-ઘાતની સંખ્યાના સરવાળાથી દર્શાવી ન શકાય. પ્રાકૃતિક સંખ્યા $n$ બે કરતાં વધારે છે. ''આ પ્રમેયની ખૂબ જ સરસ સાબિતી મેં શોધી કાઢી છે, પણ કૌંસમાં ઓછી જગ્યાના કારણે આપતો નથી.'' તેમ ફર્માએ તેમની નોંધપોથીમાં લખેલું. સદીઓ સુધી ગણિતશાસ્ત્રીઓએ આ પ્રમેયની સાબિતી આપવા પ્રયત્ન કરેલો. આખરે ૧૯૯૫માં બ્રિટિશ ગણિતશાસ્ત્રી અને પ્રિન્સ્ટન યુનિવર્સિટીના ગણિતના પ્રોફેસર એન્ડ્રુ વાઇલ્સે (Andrew Wiles) એનાલ્સ ઑફ મેથેમેટિક્સમાં (Annals of Mathematics) સાબિતી આપી છે.

ફર્મા પોતે એકલા જ તેમને યોગ્ય લાગે તે પ્રશ્ન ઉપર કામ કરતા. આના કારણે ફર્મા વિશેની માહિતી ફર્મા પાસેથી જ મળે અને ફર્માને તેમના વિશે વાત કરવી જરાયે ગમતી ન હતી. અરે! તેમના વિચારો પણ જણાવવા ખાસ તૈયાર ન હોઈને તેમના વિશે બહુ જ ઓછું જાણવા મળે છે.

**બાળપણ અને ભણતર**

પ્રિયેર્રી ફર્માનો જન્મ બ્યુમોન્ટ-ડી-લોમાગ્ને (Beaumont-de-Lomagne), ફ્રાન્સમાં ૩૧ ઑક્ટોબર અને ૬ ડિસેમ્બર વચ્ચે ૧૬૦૧ કે ૧૬૦૭માં પંદરમી સદીના મેન્શનમાં (Mansion) થયેલો. તેમને ક્લીમેન્ટ (Climent) નામનો ભાઈ અને લૂઈઝ અને મેરિઆ (Louise and Maria) નામની બે બહેનો હતો. તેમના પિતાજી ડોમિનિક્યુ ફર્મા (Dominique Ferma) ચામડાના મોટા વેપારી હતા. તેમનાં માતા ક્લેર ડી લૉન્ગ (Claire de Long) પણ ખૂબ જ જાણીતા કુટુંબ (Familee de Long) ફેમિલી ડી લૉન્ગમાંથી હતાં. હાલમાં મળતા દસ્તાવેજો ઉપરથી કહી શકાય કે જેમ જેમ પિયેર્રે મોટા થતા ગયા તેમ તેમ કુટુંબ વધારે ને વધારે સમૃદ્ધ બનતું ગયું. બીજી કોઈ સાબિતી ન હોઈને ગણિતના ઇતિહાસકારો એમ માને છે કે કુટુંબ બ્યુમોન્ટમાં જ રહ્યું અને આથી પિયેર્રેનું બાળપણ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ત્યાંની મોનેસ્ટરી ઑફ ગ્રાન્ડસેલ્વમાંથી (Monastery of Grandselve) મળ્યું. તેમના પિતાની માલમિલકત અને માતાની પૂર્વપીઠિકા જોતાં, પિએર્રેનું કાયદા માટેનું ભણવાનું કુદરતી જ છે. પૈસાની સાથે રાજકીય સામર્થ્ય મેળવવાનો આ શાહી રસ્તો છે. ૧૬૩૧ પહેલાં પિયેર્રે યુનિવર્સિટી ઑફ

ઑર્લીન્સમાંથી સિવિલ કાયદાની (University of Orlens) ડિગ્રી મેળવેલી.[૧] તે સમયે ફ્રાન્સમાં ન્યાયાધીશની ઑફિસો વેચાતી જે આપણા માટે સ્વીકારવું અઘરું છે. તે સમયે ૪૩,૫૦૦ લિવ્રીસ (Livres) આપીને Offices of Conseiller au Parlement de Toulouse and Commissaire aux requetes du Palais કોઈ વિધવા બહેન જોડેથી ખરીદી. આવડી મોટી કિંમત તે આપી શક્યા તે કુટુંબની સંપત્તિ બતાવે છે. આટલું જ નહિ, પણ દહેજના ૧૨,૦૦૦ લિવ્રીસ આપીને લગ્ન પણ દૂરના સંબંધી જોડે કરેલાં. તેમના સસરાનું કુટુંબ પણ ખૂબ જ આગળ પડતું હોઈને તેમના નામ આગળ 'de' લખી શકેલા.

જેમ એમના બાળપણ વિશે વધારે જાણતા નથી તેમ તેમની પછીની જિંદગી વિશે ખાસ જાણી શકાયું નથી. હા, તેમને પાંચ બાળકો ક્લેમેન્ટ-સેમ્યુલ, જીન, ક્લેર, કેથરિન અને લૂઈઝ (clement-samual, Jean, Claire, Catherine and Louise) હતાં. સૌથી મોટા પુત્ર ક્લેમેન્ટ-સેમ્યુલ ફર્માની નજીક હતા અને તેમને ગણિતમાં રસ હતો. ફર્માના નિધન પછી ફર્માનાં બે પુસ્તકો Fermat's Observations on Diophantus (1670) અને Various Mathematical Works (1679)નું સંપાદન કરેલું. અને તેમને તેમના પિતાની ન્યાયાધીશની ઑફિસ વારસામાં મળેલી જે તેમણે તેમના પુત્ર જીન-ફ્રાન્કૉઇસને (Jaan-Francois) વારસામાં આપેલી. તે સમયના રીત-રિવાજ પ્રમાણે કુટુંબની No blesse de robe કાયમી રહી.

ફર્મા તેમના જીવન દરમિયાન ત્રણ નગરો (Towns) જોડે સંકડાયેલા હતા. ૧૬૩૧ પછી તેમનું રહેવાનું મુખ્ય સ્થળ ટૂલૂઝ (Towlouse) હતું. જ્યો પાર્લામેના (ફ્રેન્ચ : Parlement)ના સલાહકાર (ફ્રેન્ચ : Consciller) હતા.[૨] બ્યુમોન્ટ માટે લાગણી અને ધ્યાન હતાં અને કોઈ કોઈ વખત ત્યાંની Conseill general ના પ્રમુખ તરીકે રહ્યા. ત્યાંના રોજિંદા કાયદાઓને બરાબર ગોઠવી આપ્યા. આ ઉપરાંત બ્યુમોન્ટના કાયદેસરના સલાહકાર તરીકે કામ કર્યું. આ ઉપરાંત કોઈ કોઈ વખત કેસ્ટ્રિસ (Castres) જતા અને 1632થી તેમનું નિધન થયું ત્યાં સુધી ત્યાંના Chambre de l'Edit ના સભ્યા હતા. તેમનું નિધન ૧૨ જાન્યુઆરી ૧૬૬૫ના રોજ કેસ્ટ્રિસમાં થયું.

ફ્રાન્સમાં તે જમાનામાં પાર્લામે (Parlement) અપીલોને સાંભળનાર કૉર્ટ (Appellate court) હતી. ૧૭૮૯માં ફ્રાન્સમાં દરેક પ્રોવીન્સમાં એક એમ કુલ તેર parlement હતી. Parlement de Toulouse ના ફર્મા સભ્ય હતા. ૧૬૩૮માં ચેમ્બર ઑફ કૉમર્સના (Chamber of Commerce) સભ્ય બન્યા અને ૧૬૫૨માં ગ્રાન્ડ ચેમ્બરના, જે ગુનાવાળા કિસ્સાઓનાં ચુકાદામાં અગત્યનો ભાગ ભજવતી, સભ્ય બન્યા.

સોળમી અને સત્તરમી સદીમાં ભાતભાતનું ગણિત હતું અને ભાતભાતના ગણિતશાસ્ત્રીઓ હતા. નેપિયર બ્રિટિશ ઉમરાવ હતા. ટાર્ટાગ્લિઆ ટપાલ ખાતાના ઘોડાના અસ્વારનો ગરીબ દીકરો, રોમન કેથોલિક સોસાયટીના ઊંચા હોદ્દેદાર ક્લેવિઅસ, સાદા સાધુ કેવેલિરિ (Cavalieri), ફર્મા અને ડેકાર્ટ જેમને પૈસાની જરાયે ચિંતા ન હતી, જ્યારે ગૅલિલીયોને કોઈ દિવસ પૈસાની ખેંચ ન પડી હોય તેવું ન હતું. આ બધાય એકબીજાથી જુદા પ્રકારનું ગણિત ગણતા, કારણ કે દરેકનો આશય જુદો હતો. બહુ જ ઓછા તેમના ખાવાપીવા માટે ગણિત ઉપર આધાર રાખતા. ફર્મા પણ તેવા જ ગણિતશાસ્ત્રી હતા. તેમના ગણિતના કામ માટે તેમને કોઈનેય જવાબ આપવાનો ન હતો. તેમના ગણિતની સફળતા કે નિષ્ફળતા તેમના સિવાય બીજા કોઈનેય અસર ન કરતી. ફર્માને ગણિતનું કામ પ્રસિદ્ધ કરવાનો ખાસ ખ્યાલ ન હોઈને, તેમનું કામ ફક્ત મિત્રોને લખેલા પત્રો અને તેમના પુસ્તક ''Arithmatic of Diophantus''ના હોશિયામાં લખાયેલી નોંધો ઉપરથી મળે છે. વકીલ હતા અને પ્રોવિન્સિઅલ (રાજ્યના જેવું) સુપ્રીમ કૉર્ટના સભ્ય હતા. તેમને ગણિત ખૂબ

---

૧. યુનિવર્સિટીની સ્થાપના ૧૨૨૯માં થયેલી. ૧,૦૩,૦૦૦ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં ભણે છે અને બે નોબેલ પ્રાઇઝ મેળવનારા અધ્યાપકો પણ છે. **૨.** હાલમાં ટૂલૂઝ મેટ્રો વિસ્તાર ફ્રાન્સનો ચોથા નંબરનો વિસ્તાર ગણાય છે. હાલની યુરોપની (એરબસ) Airbus નું મોટું કેન્દ્ર છે. ત્યાં એરબસની ઉત્પાદનની મોટી ફૅક્ટરી પણ છે.

ગમતું અને ગણિતની પાછળ ગાંડા હતા. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે વધારે પડતું કામ હોઈને તેમને ગમતા કામ માટે સમય કાઢી શકતા અને કદાચ કુદરતી બક્ષિસ પણ ગણિત માટે હોય!!

૧૬૨૯માં તેમણે યામ ભૂમિતિ (Coordinate Geometry) શોધેલી અને તેમના વિચારો 'Introduction to Plane and Solid loci' નામની પુસ્તિકામાં છપાયેલા પણ ડેકાર્ટને ૧૬૩૭માં તેમના પ્રખ્યાત પુસ્તક, 'Discourse on Method'ના પરિશિષ્ટમાં તેમના વિચારો પ્રસિદ્ધ કરવા માટે યામ ભૂમિતિની શોધનો યશ તેમને મળે છે, પણ જેને આપણે યામ ભૂમિતિ ગણીએ છીએ તેમાંનું કંઈ આ પરિશિષ્ટમાં જોવા મળશે નહિ. હા, તેમાં બીજગણિત કઈ રીતે વાપરવું તે જાણવા મળશે. જ્યારે ફર્માએ બે લંબધરીઓ (આપણી જેમ નહિ) દાખલ કરી અને સુરેખા, વર્તુળ, પરવલય, ઉપવલય (Ellipse), અતિવલય (Hyperbola)નાં સમીકરણો મેળવ્યાં. અને બતાવ્યું કે કોઈ પણ દ્વિઘાત સમીકરણ ઉપરના વક્રો બતાવશે. આમાંનું કંઈ પણ ડેકાર્ટના પરિશિષ્ટમાં જોવા મળશે નહિ.

**મહત્તમ અને લઘુતમ કિંમતો**

ફર્માનો લેખ "On the Method for the Evaluation of Maxima and Minima" જે A Source Book in Mathematics, 1200-1800 (1969) edited by D. J. Struik માં છે. તેના આધારે નીચેની રીતો આપેલી છે.

લઘુતમ અને મહત્તમ કિંમતોના મૂલ્યાંકન માટે આપણે બે અજાણી રાશીઓ (quantities) અને નીચેના નિયમો ધારીશું :

આપેલો પ્રશ્ન લઘુતમ કે મહત્તમ કિંમત $a$ મેળવવાનો છે. અહીંયાં $a$ લઘુતમ કે મહત્તમ કિંમત છે. હવે આપણે અજાણ્યા $a$ ની જગ્યાએ $a + e$ લઈને મહત્તમ કે લઘુતમ કિંમતોને $a + e$ માં દર્શાવેલી મહત્તમ કે લઘુતમ કિંમતો $a$ કે $a + e$ માં દર્શાવેલી સરખી હોઈને, સરખી ગણતાં સમીકરણ મળશે. સરખી કિંમતો બાદ કરતાં આપણને $e$ અને $e$ ની ઘાતોમાં સમીકરણ મળશે. $e \neq 0$ ન હોઈને આ સમીકરણને $e$ વડે ભાગતાં $e$ વગરની અને $e$ વાળી એમ બે જાતની રકમો મળશે. $e$ વગરની રકમોમાંથી $a$ ની કિંમત મળશે.

**ઉદાહરણ :** સુરેખા AC આપેલી છે. AC ના e બિંદુથી બે ભાગ કરો કે જેથી AE × EC મહત્તમ હોય.




**આકૃતિ 1**

આપણે AC = $b$ લઈએ. ધારો કે AE = $a$ છે. આથી EC = AC – AE = $b - a$ છે.

AE × EC = $a(b - a) = ab - a^2$ છે. આપણે આની મહત્તમ કિંમત મેળવવાની છે. આ સમીકરણમાં $a$ ની જગ્યાએ $a + e$ મૂકીએ, એટલે કે AE = $a + e$ લઈએ, તો EC = AC – AE = $b - a - e$ થાય. આથી,

AE × EC = $(a + e)(b - a - e) = ab + be - a^2 - 2ae - e^2$ છે.

બંને કિંમતો સરખી હોઈને,

$ab - a^2 = ab + be - a^2 - 2ae - e^2$ છે.

$be - 2ae - e^2 = 0$

$e \neq 0$ **વડે ભાગતાં**

$b - 2a - e = 0$. $e$ ની કિંમત શૂન્ય ભણી લઈએ તો $b - 2a$ ની કિંમત શૂન્ય ભણી જશે.

આથી, $b = 2a$ એટલે કે $a = b/2$ થાય.


E ને AC ના મધ્યબિંદુએ લેવાથી AE × EC મહત્તમ થશે.

આ રીતની પાછળનું કારણ ફર્માએ આપેલું ન હોઈને ઘણા બધાના માટે સમજવું અઘરું હતું. ધારો કે $f(x)$ ની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે મહત્તમ કિંમત $x$ બિંદુએ છે. $x$ ની આસપાસ $f$ ની કિંમત પ્રમાણમાં બહુ જ ઓછી બદલાતી હોઈને,

$$f(x + e) \approx f(x)$$

$$\therefore \quad f(x + e) - fx\ (x) \approx 0$$

$f$ બહુપદી વિધેય હોઈને $f(x + e) - f(x)$ ને $e$ વડે ભાગી શકાય, આથી,




આકૃતિ 2

આપણને $\dfrac{f(x \quad e) \quad f(x)}{e} \approx 0$

જેને આપણે = $f(x)$ બરાબર ઓળખીએ છીએ.


**સ્પર્શક**

કલનગણિતની શોધ માટે આપણે ન્યૂટન અને લાઇબ્નિઝને યશ આપીએ છીએ. પણ જો વિકલન ફક્ત સ્પર્શક અને મહત્તમ અને લઘુતમ બિંદુઓ જ હોય, તો તેનો યશ ફર્માને મળે છે. $\lim \dfrac{f(x \quad e) \quad f(x)}{e}$

આ જ રોજ ફર્માનું મોટું પૂતળું ટૂલૂનની હોટલ ડી વિલ્લીમાં છે અને પૂતળાની નીચે લખેલું છે, ''Pierre de Ferment, father of differential calculus.'' ૧૯૩૪ માં ન્યૂટનનો જૂનો પત્ર મળ્યો અને તેમાં ન્યૂટન જણાવે છે કે તેમને કલનગણિતનો વિચાર, ''ફર્માની સ્પર્શકો દોરવાની રીતો ઉપરથી આવેલો.'' ફર્માના પહેલાં બહુ જ ઓછા વક્રો હોઈને કોઈએ, ગંભીરતાથી તેના સ્પર્શકોનો વિચાર કરેલો નહિ, નવી યામ ભૂમિતિના કારણે ઘણા બધા વક્રો અને તેમનાં સમીકરણો ફર્મા જાણતા હોઈને તેમના સ્પર્શકોનો પ્રશ્ન ઊભો થશે.

ફર્માએ સ્પર્શકો મેળવવાની રીત આપેલી છે. તે જોઈએ.

આપેલા વક્રના આપેલા બિંદુએ સ્પર્શક મેળવવા માટે બીજી કોઈ શરત શોધવાની રહી. પહેલી શરત તો તે સ્પર્શક આપેલા બિંદુમાંથી પસાર થવો જોઈએ. બીજું બિંદુ જેમાંથી આ સ્પર્શક પસાર થાય અથવા તો આ સુરેખ અક્ષ જોડે કેટલો ખૂણો તે જાણીએ તો પણ ચાલે. આકૃતિ ૧માં BD એ આપેલો પરવલય છે અને CE $x$-અક્ષ છે. B બિંદુએ દોરેલો સ્પર્શક $x$-અક્ષને E બિંદુએ છેદે છે. BD બહિર્મુખ (canvex) હોઈને B અને E વચ્ચે લીધેલું બિંદુ O પરવલયની ઉપર છે. પરવલય હોઈને $CD = BC^2$ અને $DI < IO^2$. આથી.




આકૃતિ 3

$\frac{CD}{DI} >$ .

$\Delta^5$ OEI અને BEC સમરૂપ હોઈને,

$\therefore \quad \frac{CD}{DI} >$

CD = $g$, CE = $x$ અને CI = $y$ લઈએ, તો EI = EC – IC = $x - y$ થશે અને આ કિંમતો

> માં મૂકતાં,

>

$\therefore \quad g(x^2 - 2xy + y^2) > x^2(g - y)$

$\therefore \quad -2gxy + gy^2 > -x^2y$, $y > 0$ હોઈને

$\therefore \quad -2gx + gy > -x^2$

$\therefore \quad x^2 > 2gx - gy$.

$y$ ની બધી જ કિંમતો માટે આ સાચું હોઈને,

$x^2 \geq 2gx$

$\therefore \quad x(x - 2g) \geq 0$

બધી જ $x > 0$, માટે $x \geq 2g$.


સ્પર્શક BE ને B તરફ લંબાવીએ અને તેના ઉપર B થી આગળ O બિંદુ લઈને આ જ પ્રમાણે ગણતાં સાબિત કરી શકાય કે $x \leq 2g$ છે. આથી, $x = 2g$ થાય. આથી સ્પર્શક ઉપર બિંદુ E($2g$, 0) મળ્યું.

**ક્ષેત્રફળ**

ફર્માએ વક્ર $y = x^n$ અને $x$-અક્ષ વચ્ચેનું $x = 0$ થી $x = b$ સુધીનું ક્ષેત્રફળ શોધેલું. અહીંયા $n$ ધન પૂર્ણાંક છે. આ ક્ષેત્રફળ હાલની સંકેતલિપિમાં (Notations)

= = છે.

$n$ = 0, 1, 2,..., 9 લઈને ઇટાલિયન ગણિતશાસ્ત્રી કેવેલિરિએ (Cavalieri) આ સૂત્ર સાબિત કર્યું, પણ $n$ = 10 માટે ખૂંચી ગયા.




આકૃતિ 4

**વક્રીભવન (Refraction)**


આપણે બધાય જાણીએ છીએ કે પ્રકાશનું કિરણ એક માધ્યમથી બીજા માધ્યમમાં જાય ત્યારે આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સીધું જવાના બદલે વાંકું વળે છે. હવામાંથી પ્રકાશનું કિરણ પાણીમાં જાય છે, ત્યારે લંબ તરફ વાંકું વળે છે. લંબની જોડે $\alpha$ ખૂણો બનાવતું કિરણ પાણીમાં પેસતાં જ લંબ જોડે $\alpha$ ખૂણો બનાવવાના બદલે $\alpha$ થી નાનો ખૂણો $\beta$ બનાવે છે. ડચ વિજ્ઞાની સ્નેલે (Snell) પ્રયોગ દ્વારા શોધી કાઢેલું કે,

$$\frac{\sin}{\sin} = \text{અચળ}$$

આમ શાથી બને છે તેનો તેમને ખ્યાલ ન હતો. ડિસેમ્બર ૧૬૩૭માં ડેકાર્ટે (સ્નેલના કામનો ખ્યાલ ન પણ હોય) નીચેનો નિયમ આપ્યો

=

જ્યાં, $v_e$ પ્રકાશની હવામાં ગતિ અને $v_u$ પ્રકાશની પાણીમાં ગતિ દર્શાવે છે. સાબિત કરવા માટે $v_u > v_e$ માનીને દલીલ કરી. જ્યારે ફર્માએ પ્રકાશનું કિરણ P થી Q સુધી ઓછામાં ઓછા સમયમાં મુસાફરી કરે છે તેમ ધારીને (લઘુતમ કિંમત મેળવીને) સાબિત કરી શકેલા કે




**આકૃતિ 5**

$\frac{\sin}{\sin}$ = . આ ફર્માના ઓછામાં ઓછા સમયના નિયમ તરીકે ઓળખાય છે. ઓછામાં ઓછા સમયનો નિયમ ઑઇલર અને લગ્રાન્જને Calculus of Variations વિકસાવવા પ્રેરેલા. આ જ રીતે હામિલ્ટને (Hamilton) પણ ભૌતિકશાસ્ત્રમાં Principle of Least action વિકસાવ્યો.

૧૬૫૪માં ફર્મા અને પાસ્કલે તેમના પત્રોથી સંભાવના સિદ્ધાંતનો (Probability Theory) પાયો નાખ્યો. બિંદુઓના પ્રશ્ન ઉપરના બંનેના સાથેના કામને કારણે બંને જણ સંભાવના શાસ્ત્રના સ્થાપક ગણાય છે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખ્યો છે :


(૧) M. S. Mahones, The Mathematical Career of Pierra de Fermat, Princeton University Press, 1994

(૨) G. F. Simmons, Calculus Gems, Brief Lives and Memorable Mathematics, The Mathematical Association of America, 2007



**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જિ. ગાંધીનગર

મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**કુલપતિની કલમે (આદિવચન સંગ્રહ) / પ્રો. બી. એ. પ્રજાપતિ. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૯. xii, ૩૪૮ પૃ. ISBN : ૯૭૮-૯૩-૫૧૦૮-૯૩૬-૦. કિં રૂ. ૪૫૦/-**

પ્રસ્તુત ગ્રંથની 'પ્રસ્તાવના' ના પ્રારંભમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા વૃત્તપત્ર 'ઉદીચ્ય'નો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં લેખકે નોંધેલ શબ્દો : 'કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું ન્યુઝલેટર - 'વૃત્તપત્ર' એ સંસ્થાના અરીસાની ભૂમિકા ભજવે છે. શૈક્ષણિક સંસ્થાનાં વિવિધ પરિમાણો તથા તેની સાથે જોડાયેલા તમામ હિતધારી પક્ષકારોના કાર્યની નીપજ આ અરીસામાં પ્રતિબિંબિત થાય છે' – ને વૃત્તપત્રના એક vission તરીકે કંડારીને કુલપતિ તરીકેના પોતાના કાર્યકાળ દરમ્યાન હોદ્દાની રુએ વૃત્તપત્ર 'ઉદીચ્ય'માં લખવામાં આવતાં 'આદિવચનો' નું કથયિતવ્ય યુનિવર્સિટી ઉપરાંત સવિશેષતઃ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ સાથે સંકળાયેલા વિવિધ ઘટકો માટે પણ પ્રસ્તુત અને તરોતાજા બની રહે તે મુજબ રજૂ કરવાનું mission બનાવી લીધું. વધુમાં, પોતાના વાંચનની સ્વાભાવિક મર્યાદાનો એકરાર કરતાં નિખાલસતા સાથે નોંધ્યું છે કે 'દર પંદર દિવસે વિષયનું વૈવિધ્ય અને સુસંગતતા જાળવવા, તેમજ આધારભૂત લખવા માટે અનેક સ્રોતોમાંથી માહિતી એકઠી કરવા માટે જે વિશે અગાઉ વાંચવાની જરૂરિયાત નહોતી ઉદ્‌ભવી એવા વિષયો પર અધ્યયન કરવાની, ચિંતન-મનન કરવાની તથા તેને શાબ્દિક સ્વરૂપ આપવાની ફરજ પડી'. આ પડકાર - challenge ને મૅનેજમેન્ટ વિદ્યાશાખાના પ્રોફેસરે વ્યાપક અને ગહન વાંચન અને ચિંતન થકી અવસરમાં પરિવર્તિત કરી દીધો, જેની પ્રતીતિ પ્રસ્તુત ગ્રંથમાં સંગૃહીત ૭૧ 'આદિવચનો' = લેખો અને તેમાં ઉલ્લેખાયેલાં ૨૫૦ થી અધિક પુસ્તકો, અહેવાલો, લેખો વગેરેના માધ્યમથી તથા પ્રસંગોચિત્ત અને સમયોચિત વિષયવસ્તુના વિચારવિમર્શ થકી થાય છે. આ બધાં એ આદિવચનો છે કે જેમાં આર્થિક વિકાસનીતિ, ભારતીય ધર્મ-દર્શન, ભાષા-સાહિત્ય, પ્રભાવક પુરુષોનાં ચરિત્રો, મહિલા સશક્તિકરણ, ગ્રંથસંસ્કૃતિ, ઇન્ફર્મેશન ટૅકનોલૉજી, ઉપરાંત શિક્ષણ - સવિશેષતઃ ઉચ્ચશિક્ષણના સામ્પ્રતકાલીન પ્રવાહો અને પડકારો, સમસ્યાઓ, ભાવિ જરૂરિયાતો, વિદ્યાર્થીઓને પાયાની કેળવણી પૂરી પાડવા માટે દિશાનિર્દેશ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, અભ્યાસક્રમોનું અદ્યતનીકરણ અને પરીક્ષા સુધારણા, ઈ-ગર્વનન્સ, ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલાં પરિવર્તનો - કમિટિ / કમિશનોના અહેવાલો વગેરેનું પરિશીલન કરીને તેનું તારતમ્ય ઉજાગર કરવા વગેરે સંબંધી તપઃપૂત ચિંતનનો ખજાનો ધરબાયેલો છે, કે જે તેના કોઈપણ stackholder ને સંતર્પક ચિંતનનું ભાથું પૂરું પાડે તેટલો સુચિંતનીય છે. વળી, ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે આ બધાં 'આદિવચનો' કુલપતિના હોદ્દાની રુએ લખવામાં આવ્યાં હોવાથી તેમાં ઉત્તરદાયિત્વની સાહજિક સભાનતા ઉપરાંત સવિશેષતઃ વૈચારિક તાજગી અને એક સ્વાધ્યાયશીલ, જાગરૂક અને પ્રતિબદ્ધ કુલપતિના શિક્ષણ વિષયક ચિંતનની સોડમ સહજમાં અનુભવાય છે.

અહીં પ્રત્યક્ષ રીતે શિક્ષણ-ઉચ્ચશિક્ષણ વિષયક ૩૫થી અધિક લેખો સમાવિષ્ટ છે, જેમાં પ્રાચીન - મધ્યકાલીન અને સામ્પ્રતકાલીન શિક્ષણનું વિહંગાવલોકન રજૂ કરવા ઉપરાંત સવિશેષતઃ સામ્પ્રતકાલીન શિક્ષણના પ્રશ્નો, વિનયન-વિજ્ઞાન અને કોમર્સના અભ્યાસક્રમોનું મહત્ત્વ અને યુગની માંગ અનુસાર પરિવર્તન કરવા સંબંધી સૂચનો, માતૃભાષાનું ગૌરવ જાળવવાની સાથે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, શિક્ષણની ખાનગી અને સરકારી સંસ્થાઓની વિશેષતાઓ અને મર્યાદાઓ, વર્લ્ડ કલાસ યુનિવર્સિટીઓ અને તેના માપદંડોના પરિપ્રેક્ષ્યમાં ભારતીય યુનિવર્સિટીઓની સ્થિતિ વગેરે સંબંધી ચર્ચા કરવામાં આવી છે. આપણા દેશમાં વિશ્વસ્તરની યુનિવર્સિટીઓના અભાવનાં કારણોનું વિશ્લેષણ કરતાં 'ગુણવત્તાની બાબતમાં આપણી નિષ્ક્રિયતા' તરફ અંગુલિનિર્દેશ કરીને 'ગુણવત્તા તથા સતત સુધારા માટે સ્વમૂલ્યાંકન પર ખૂબ જ ભાર મૂકવા સાથે આપણા વિદ્યાર્થીઓમાં ભારતીયતા - Indianness પ્રગટે તે માટે તથા સંશોધનવૃત્તિ અને નવીનીકરણની માનસિકતાનાં બીજ શિક્ષણ પ્રણાલીમાં રોપવામાં આવે તો

જ આપણી 'હરીફાઈયુકત' ક્ષમતામાં વૃદ્ધિ થાય' તેવું સૂચન ધ્યાનાર્હ બની રહે છે. આ બધા લેખોની એક આગવી વિશેષતા એ ઊપસી આવે છે કે શિક્ષણ સુધારણા સંદર્ભે રાષ્ટ્ર અને રાષ્ટ્રીય સ્તરે સામ્પ્રત સમયમાં નિયુક્ત કરવામાં આવેલ વિવિધ કમિટિ-કમિશનોના અહેવાલો અને તેની ભલામણોનું સટિપ્પણ અવલોકન અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ સાથે જ યુનિવર્સિટી દ્વારા આયોજિત દીક્ષાન્ત સમારોહો પ્રસંગે આપેલાં પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં પરંપરાગત સ્વાગત-પ્રવચન, યુનિવર્સિટીની વિકાસગાથા, પ્રાસંગિક ટિપ્પણી વગેરેથી અટકી ન જતાં વિદ્યાર્થીઓનો ભાવિ માર્ગ પ્રશસ્ત બની રહે તે હેતુ સંતર્પક જીવનપાથેય મળી રહે તેવું ચિંતન રજૂ કરતા જોવા મળે છે, તેમ જ પ્રાચીન સમયમાં આશ્રમના વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થતાં આચાર્ય દ્વારા સમાવર્તન સંસ્કાર અંતર્ગત તેમને જે પ્રબોધન કરવામાં આવતું તેનો મૂળ પાઠ ('તૈતરીય ઉપનિષદ' ના શિક્ષાવલ્લીના ૧૧મા અનુવાક) અને પ્રવર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા સમજાવવામાં આવી છે તથા ઋષિ / આચાર્યનાં આ ઉદ્‌બોધનોને 'માનવ સભ્યતાના ઇતિહાસનું પ્રથમ દીક્ષાન્ત પ્રવચન' ગણાવ્યું છે. શિક્ષણ વિષયક વિચાર-મૌકિતકો ઠેર ઠેર વિખરાયેલાં જોવા મળે છે. આ પૈકી મમળાવવા જેવાં કેટલાંક આ રહ્યાં :

ઝ 'શિક્ષણ વાસ્તવિકતાથી દૂર થતું જાય છે. તેને સમાજ, ઉદ્યોગ, સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ જેવી બાબતો સાથે સાંકળવાની જરૂર છે. આ માટે વ્યક્તિવાદી બંધારણીય મોડલને બદલે લિવિંગ મોડલ ઓફ ઇન્ડિયા જે સમાજ સાથે સંકળાયેલ છે તેવું બનાવવાની જરૂર છે' (પૃ.૨૭)

ઝ 'દેશની સર્વોત્તમ ટેક્નિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં જૂજ ગુજરાતી વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. ગુજરાતના અન્ય પછાત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને આવી સંસ્થાઓમાં કેવી રીતે પ્રવેશ અપાવી શકીએ તે અંગે વિચાર કરવાની તથા એકશન પ્લાન ઘડી કાઢવાની જરૂર છે. જો અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ નહીં હોય તો કોઈ ગુજરાતીને આ સંસ્થાઓમાં પ્રવેશ નહીં મળે તે નક્કી જ છે. આમ ભાષાના પ્રશ્નને માત્ર લાગણીથી જોવાને બદલે સમયની માગ મુજબ વાસ્તવિક સ્વરૂપમાં વિચારવો પડશે.' (પૃ. ૫૨)

ઝ 'શું ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો હેતુ માત્ર કૌશલ્યો પૂરું પાડતું માનવબળ ઊભું કરવું એ જ માત્ર છે ? આ પાયાનો પ્રશ્ન છે. જે કૌશલ્યો આજે પ્રસ્તુત છે તે કાલે અપ્રસ્તુત બની જાય. યુનિવર્સિટીઓના હેતુઓની સ્પષ્ટતાઓ વિશેનું ચિંતન એટલું જ મહત્ત્વનું છે. ઉત્તમ નાગરિકો ઘડવા, વોકેશનનાં કૌશલ્યો વિકસાવવાં અને લર્નિંગ માટે પ્રેમ આ ત્રણે બાબતોનું સંતુલન બની રહે તેવી પદ્ધતિઓ વિકસે તે જરૂરી છે. સમગ્ર વિશ્વની ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં સુલભતા (Access), શિક્ષણ પરડવું (Affordability) અને ઉપર દર્શાવેલ ત્રણ હેતુઓનું સંતુલન ખૂબ જ જરૂરી છે.' (પૃ.૭૬)

ઝ 'શારીરિક-શિક્ષણના વ્યવસાયને ઉદ્યોગ-સાહસિકતાનો દરજ્જો સાંપડે તો નાના નાના તાલુકા કક્ષાએથી માંડી મોટાં શહેરો સુધી ખાનગી હેલ્થ-કલબોની સ્થાપના કરવામાં આવા તાલીમ પામેલા અનેક યુવાનોને રોજગારીની તકો મળે તેમજ સામાજિક તંદુરસ્તીમાં સુધારો થાય તે નફામાં. યુનિવર્સિટીઓ દ્વારા આ દિશામાં પહેલ કરી પ્રેરણા પૂરી પાડવી જરૂરી છે. કૉલેજોના શારીરિક શિક્ષણના અધ્યાપકો તેમની ફરજ માત્ર યુનિવર્સિટીની ટીમમાં ખેલાડીઓ પસંદ કરી મોકલી આપવા, તથા કૉલેજની શિસ્તની જાળવણી કરવામાં પૂરી થવાનો સંતોષ માનવાને બદલે, લોક- કલ્યાણના હિતમાં શારીરિક સ્વાસ્થ્યનો માહોલ ઊભો કરે તે સમયની માંગ છે.' (પૃ. ૧૦૦)

ઝ 'ઉદારીકરણની નીતિને લીધે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સરકારની સહાય વિના ખાનગી મૂડી રોકાણના પ્રવેશથી માત્ર કાગળ પર ટ્રસ્ટીશિપની ભાવના રહી ગઈ છે. ખાનગી કૉલેજો ધંધાકીય એકમ કે જેમાં નફાનો મૂળભૂત ઉદ્દેશ હોય તેવા પ્રકાર વ્યવસ્થાતંત્રમાં જકડાતી જાય છે. બદલાયેલી હરીફાઈની પરિસ્થિતિમાં આપણી જૂની 'મહાજનપ્રથા'ને બચાવી તેને નવું સ્વરૂપ આપી, સમયની માંગને અનુસાર પુનઃ જીવિત કરવાની તાતી જરૂરિયાત છે. વૈશ્વિકીરણ તથા ઉદારીકરણના ફાયદા ઉઠાવવાની હોડમાં આપણે ક્યાંક આપણું પોતાનું સમયાંતરે ખરું ઊતરેલું, શ્રેષ્ઠત્તમને ખોઈ ન બેસીએ તેનું ચિંતન ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈએ કરવાનું ટાણું છે.' (પૃ. ૧૨૬-૧૨૭).

અહીં શિક્ષણ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા લેખો ઉપરાંત અન્ય આનુસંગિક વિષયો જેમકે ધર્મ-દર્શન, વિભૂતિમત વ્યક્તિત્વોનાં ચરિત્રો, ભાષા-સાહિત્ય વગેરે વિશેના લેખો પણ ગ્રંથસ્થ છે. વૈવિધ્યપૂર્ણ વિષયોની પસંદગી માટે લેખકનું મંતવ્યઃ 'આદિવચન' ના વિષય પસંદગીનો હેતુ જિજ્ઞાસુઓને આ અંગે વિશેષ વાચનની પ્રેરણા મળી રહે તે છે. વિષયરુચિ અને વાંચન તથા અન્ય ગ્રંથોની સમજ મુજબ વિષયની જાગૃતિ યુવાનોમાં પ્રસરે તથા ઇન્ટર-ડિસિપ્લિનરી અભિગમ કેળવાય તે રહ્યો છે' અધ્યાપકીય નિષ્ઠા અને સજગતાની સાહેદી પૂરે છે.

ભારતીય ધર્મ અને દર્શન અંતર્ગત હિંદુ, જૈન અને શીખ ધર્મ સંબંધી ૧૩ લેખો ધ્યાનાર્હ બની રહે છે. જેમાં આ ત્રણેય ધર્મોના આર્ષગ્રંથો 'તત્વાર્થસૂત્ર', 'જપુજી', 'શ્રીમદભગવદ્ગીતા', કેટલાંક 'ઉપનિષદો' વગેરે અને અન્ય આનુસંગિક બાબતોનો અધ્યયનશીલ પરિચય આપવાની સાથે મૂલ્યનિષ્ઠ ગુણોના વિકાસ માટે જીવનમાં તેના નિત્યપાઠની આવશ્યકતા, સામ્પ્રતકાલીન શિક્ષણ સંદર્ભે મહત્તા વગેરે વિશે સ-રસ રીતે સમજાવ્યું છે. આપણા પ્રાચીન આર્ષગ્રંથો ઉપરાંત પ્રવર્તમાનસમયમાં સ્વામિનારાયણ સમ્પ્રદાયના આચાર્ય ભદ્રેશ સ્વામી દ્વારા પરંપરાગત ષડ્દર્શનોની પરંપરામાં સાતમા દર્શન 'અક્ષર પુરુષોત્તમ દર્શન'ની પ્રાચીન શાસ્ત્રીય વાદશૈલીમાં **'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા'** ગ્રંથની રચના તથા પ્રસ્થાનત્રયી ઉપર રચેલ ભાષ્યગ્રંથનું આંતરદર્શન કરાવવા ઉપરાંત સ્વામીને તેમના પ્રકાંડ પાંડિત્ય બદલ દેશની કેટલીક યુનિવર્સિટીઓ દ્વારા ડી.લિટ. ની પદવી તથા 'વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ' દ્વારા 'વેદાન્ત માર્તંડ' ની ઉપાધિથી સન્માનિત કરવાની વિગતો સાથે તેમનો સવિસ્તર વિદ્વત્ત પરિચય કરાવ્યો છે. આ બધા લેખો લેખકનાં ભારતીય દર્શનો ઉપરના વિશદ અભ્યાસ અને રસ-રુચિના દ્યોતક બની રહે છે. વધુમાં, આપણા પ્રભાવકપુરુષો જેમ કે ગુજરાતની અસ્મિતાના પ્રથમ છડીદાર હેમચંદ્રાચાર્ય, શ્રી અરવિંદ, ડૉ. અબ્દુલ કલામ, પં. મદનમોહન માલવીયજી, સરદાર પટેલ, પંડિત દીનદયાળ, પૂ. છગનભા વગેરે સહિત ૧૨ ચરિત્ર ચિત્રણો અહીં સમાવિષ્ટ છે. આ વિભૂતિમત વ્યકિતત્વોનું જીવનચરિત્ર અને સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં તેમનાં પ્રદાન અને પ્રભાવ ઉજાગર કરી આપવા ઉપરાંત સવિશેષતઃ શિક્ષણના પ્રચાર-પ્રસારમાં તેમની ભૂમિકાની છણાવટ કરવામાં આવી છે. આ સાથે તેમની કેટલીક કૃતિઓનો પરિચય કરાવીને તેમાંથી મહત્ત્વપૂર્ણ આપ્તવચનો તારવી આપવામાં આવ્યાં છે, તેમ જ તેમના વિશે લખાયેલાં જીવનચરિત્રો પૈકીનાં કેટલાંક વિશેષ ઉલ્લેખનીય ચરિત્રચિત્રણોની ચર્ચા પણ કરી છે કે જેથી વિદ્યાર્થીઓ વધુ માહિતી માટે તે વાંચવા પ્રેરાય.

ભાષા-સાહિત્ય અંતર્ગત માતૃભાષા ગુજરાતી, ગુજરાતી ભાષાનો ગૌરવગ્રંથ 'ગુજરાતી વિશ્વકોશ', ગુજરાતની અસ્મિતાનું આધારબિંદુ પાટણનગરી વગેરે વિશે સાધાર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે ખાસ ધ્યાનપાત્ર બાબત એ છે કે લેખકે ગુજરાતી ભાષા-સાહિત્યની સજ્જતા અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિની અલગ યુનિવર્સિટીની સ્થાપના કરવાનું સૂચન કર્યું છે. આ બધા લેખોનું પઠન કરતાં સહજમાં પ્રતીતિ થાય છે કે આ લેખો ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિના આકંઠ અભ્યાસી અને જ્ઞાતાની સાધનાની નીપજ છે. આ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે શિક્ષણના વિકાસમાં અનિવાર્ય એવાં ગ્રંથાલયો, હસ્તપ્રતસંગ્રહો, ગ્રંથસંસ્કૃતિ વગેરે સંબંધી લેખોમાં લેખકનું શિક્ષણદર્શન ધ્યાનાર્હ બની રહે છે.

આ બધા જ લેખોના મથાળે નોંધવામાં આવેલાં આર્ષદ્રષ્ટા શિક્ષણચિંતકો વગેરેનાં અવતરણો લેખના કથયિતવ્ય રજૂ કરે છે. તે, ખાલી જગ્યામાં મૂકવામાં આવેલાં શિક્ષણ વિષયક વિચારરત્નો, ગ્રંથાન્તેની બે સૂચિઓ અને પાટણની યુનિવર્સિટીના પ્રથમ દાતા શ્રી જયંતીભાઈ શાહ અને તેમના પરિવારના ટ્રસ્ટ 'એસ. કે. ટ્રસ્ટ' કે જેમણે યુનિવર્સિટીના દાનના ઇતિહાસમાં સૌથી પ્રથમ અને સૌથી અધિક રકમ (આશરે રૂપિયા સવા બે કરોડ) નું દાન આપ્યું છે તે ટ્રસ્ટનો મિતાક્ષરી પરિચય (જોકે આ ટ્રસ્ટની બહુઆયામી સેવાકીય પ્રવૃત્તિઓ, દાનભાવના વગેરે બાબતોને આવરી લેતો અખંડ પરિચય અપેક્ષિત બની રહેતો હોવા છતાં ફકત અહીં યુનિવર્સિટીને આપેલ દાન સંદર્ભેનો પરિચય) વગેરે બાબતો આ ગ્રંથની મૂલ્યવત્તામાં અભિવૃદ્ધિકારક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખક પ્રો. પ્રજાપતિ (૧૯૫૬) ને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટમાં એસોસિએટ પ્રોફેસર તરીકેના કાર્યકાળ દરમિયાન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા વર્ષ ૧૯૯૬માં નવીન શરૂ કરવામાં આવેલ એસ. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મૅનેજમેન્ટના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિમંત્રિત કરવામાં આવતાં તેઓશ્રી ૧૯૯૬માં જોડાયા હતા. આ વિભાગને ગુજરાતની મેનેજમેન્ટ સ્કૂલોમાં આગલી હરોળમાં પ્રસ્થાપિત કરી આપવાની સાથે યુનિવર્સિટીની ઉચ્ચસ્તરીય સમિતિઓમાં સતત પ્રાયઃ બે દસક સુધી સેવા આપી યુનિવર્સિટીના વિકાસમાં બહુમૂલ્ય પ્રદાન કરી અહીંથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા હતા. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે મેનેજમેન્ટ ક્ષેત્રના એક વિદ્વાન અધ્યાપક તરીકે અને તેમના અધ્યક્ષપણા હેઠળ એસ. કે. સ્કૂલના વિકાસ અને તેની પ્રસરેલ કીર્તિથી એસ. કે. ટ્રસ્ટના કર્ણધારો સર્વ શ્રી જયંતીભાઈ શાહ, શ્રી લલિતભાઈ શાહ વગેરેને ભારે પ્રસન્નતા અને ગૌરવ અનુભવતા આ લખનારે જોયા

છે. પરિણામસ્વરૂપે આ દાનવીર ટ્રસ્ટે એસ. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે રૂ. ૩૬ લાખ ઉપરાંત યુનિવર્સિટીમાં બી.બી.એ.ના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શરૂ કરવા રા. ૭૫ લાખ અને કેટલાંક વર્ષો બાદ રૂપિયા એક કરોડનું માતબર દાન યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરના નામાભિધાન માટે આપ્યું છે. આ છે એક કર્મઠ અને પ્રતિબદ્ધ committed - પ્રાધ્યાપકની અસાધારણ ઉપલબ્ધિનું પ્રમાણ. અહીંના સેવાકાળ દરમ્યાન પાટણ (હેમચંદ્રાચાર્ય...) અને સુરત (વીર નર્મદ...) ની યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિ અને કુલપતિના બંને હોદ્દાઓ ઉપર સેવાઓ આપી આ યુનિવર્સિટીઓના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. આ સાથે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની અનેકવિધ સમિતિઓ સંસ્થાઓ વગેરેમાં તેના સભ્ય કે ચેરમૅનપદે નિયુકત થતાં પ્રશસ્ય સેવાઓ આપી છે, જેમ કે યુજીસીની Guidelines For Learning Outcomes Based Curriculum' ની કોમર્સ વિદ્યાશાખાના ચેરમેન, ભારત સરકારના નાણાં મંત્રાલયના પ્રતિનિધિ તરીકે મહેસાણા - બનાસકાંઠા (દેના બૅન્ક) ગ્રામણી બૅન્કમાં ડાયરેકટર, એસોસિએશન ઓફ ઇન્ડિયન મૅનેજમેન્ટ સ્કૂલ્સના કારોબારી સભ્ય, ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓના બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય, NAAC, જી.એસ.પી.સી., યુ.જી.વી.સી.એલ. વગેરેમાં.

પ્રોફેસર પ્રજાપતિએ મૅનેજમેન્ટના તજજ્ઞ હોવાના નાતે વિવિધ સંસ્થાઓના વ્યવસ્થાપનમાં દષ્ટિવંત સેવાઓ આપવાની સાથે એક અધ્યાપક અને કુલપતિ તરીકેના સ્વધર્મનું પણ નિષ્ઠાપૂર્વક પાલન કર્યું છે, જેની પ્રતીતિ તેમનાં મૅનેજમેન્ટ વિષયક સંશોધનાત્મક પ્રકાશનો ઉપરાંત પાટણ યુનિવર્સિટીના વૃત્તપત્ર 'ઉદીચ્ય' અને સુરત યુનિવર્સિટીના વૃત્તપત્ર 'દક્ષિણાયન' માં લખેલાં 'આદિવચનો' ના માધ્યમથી પણ થાય છે. આ બધાં વૈવિધ્યસભર અને ખરાઅર્થમાં દષ્ટિપૂત 'આદિવચનો' માં અભિવ્યકત કરેલ વિચારો - સૂચનોને યથાસંભવ અમલીકૃત કરવા પ્રયત્નશીલ બની રહી પાટણ યુનિવર્સિટીના વ્યવસ્થાતંત્રને સારી રીતે પ્રસ્થાપિત કરવામાં અહમ ભૂમિકા નિભાવી હતી, જેનો આ લખનાર સાક્ષી રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથ પૂર્વે સુરત યુનિવર્સિટીના વૃત્તપત્ર 'દક્ષિણાયન' માં લખેલાં આદિવચનો 'જ્ઞાનશકિત' (૨૦૧૩) શીર્ષક હેઠળ ગ્રંથસ્વરૂપે પ્રગટ થતાં તેને આવકારતાં અંગ્રેજી સાહિત્ય અને તુલનાત્મક સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ પ્રોફેસર અવધેશ કુમાર સિંહે નોંધેલ શબ્દો : 'Equipped with his knowledge of management as a teacher and scholar, he has dealt with various issues pertaining to higher education – changes, challenges and reforms and initiatives'. The choice of the articles and reflections on them speak volumes about the concern and commitment of Professor Prajapati for education and his understanding of the issue'. It speaks of his keen awareness of events taking place around in the university, the state of Gujarat, country and beyond with full preparedness for managing the change. In many senses, he justifies his surname 'Prajapati' and the position 'Kulpati with equal measure' સમીક્ષા હેઠળના ગ્રંથ **'કુલપતિની કલમે'** ને પણ તેટલા જ લાગુ પડે છે.

કુલપતિપદની ગરિમાને ખરા અર્થમાં પ્રોજ્વલિત કરતા આ ગૌરવપ્રદ, સુચિંતનીય અને દિશાપ્રેરક ગ્રંથ માટે પ્રો. પ્રજાપતિ અભિનંદનના અધિકારી બની રહે છે.

❖

**અભિષેક : રમેશ ત્રિવેદીની લઘુકથાઓ અને આસ્વાદ / સંપા. રમેશ ત્રિવેદી. ભાવનગર : લટુર પ્રકાશન, ૨૦૧૮, ૮, ૧૩૫ પૃ. કિં. રૂ. ૨૦૦/- ISBN : ૯૭૮-૯૩-૮૫૪૭૯-૨૯-૮.**

'સોનેટનું સગોત્ર' એવું ગુજરાતી લઘુકથા સાહિત્યસ્વરૂપ તેના આવિર્ભાવના પ્રાયઃ છ દશક પૂર્ણ કરવાના આરે પહોંચવાની સાથે સાથે તેની સંવેદનશીલ અને કલાત્મક અભિવ્યક્તિના કારણે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શક્યું છે, જે ગુજરાતી સાહિત્યની એક ગૌરવપૂર્ણ ઘટના સમાન છે. આ સંબંધી ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે આ સાહિત્યસ્વરૂપના પ્રવર્તક / જનક અને લઘુકથાના મૂઠી ઊંચેરા સર્જક શ્રી મોહનલાલ પટેલ (૧૯૨૬) આજે પણ સક્રિય રહી આ ક્ષેત્રે સત્ત્વશીલ કૃતિઓનું સર્જન કરી રહ્યા છે, તેમ જ આ સાથે અન્ય સંનિષ્ઠ સર્જકો પણ પ્રભાવક લઘુકથાઓનું સર્જન કરીને આ સ્વરૂપને સમૃદ્ધ કરવામાં નોંધપાત્ર ફાળો આપી રહ્યા છે, જેમાં રમેશ ત્રિવેદીનું નામ અને કામ મોહનલાલોત્તર સર્જકોમાં સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ સંદર્ભે ગુજરાતી લઘુકથાની 'કડી સ્કૂલ' અને તેના પ્રદાનનું અવલોકન કરતાં ભગવતીકુમાર શર્માનું મંતવ્ય : 'ઉત્તર ગુજરાતનું નાનકડું

નગર કડી ગુજરાતી લઘુકથાનું 'કાશી' સિદ્ધ થયેલું છે. માનનીય શ્રી મોહનલાલ પટેલ તેના અધિષ્ઠાતા છે. કડીમાંથી ગુજરાતી ભાષાને કેટલા બધા અને સમર્થ લઘુકથાકારો સાંપડ્યા તેનો વિચાર કરતાં આનંદાશ્ચર્ય અનુભવાય છે. શ્રી રમેશ ત્રિવેદી તે પૈકીના એક અને અગ્રણી. તેમણે લઘુકથાની એકનિષ્ઠ આરાધના કરી છે અને લઘુકથાની અનેકાનેક શક્યતાઓ તાગી બતાવી છે. લઘુકથાના સ્વરૂપનો સૈદ્ધાંતિક અભ્યાસ પણ તેમનો ઊંડો છે. આ સર્વને પ્રતાપે ગુજરાતી લઘુકથામાં તેમનું નામ મોટું છે.' આ ઉપરાંત આ જ વાત શબ્દાન્તરે મોહન પરમારે સુસ્પષ્ટ રીતે નોંધી છે કે 'મોહનલાલ પટેલ પછી લઘુકથામાં જો કોઈ લેખકે કળાત્મક અભિવ્યક્તિથી પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હોય, તો તે છે રમેશ ત્રિવેદી. આ વાતની પ્રતીતિ આપણને 'ઉદ્ધવ કહોને !' લઘુકથામાં થાય છે,' જે ધ્યાનાર્હ બની રહે છે.

રમેશ ત્રિવેદી (૧૯૪૧) કલાનિપુણ લઘુકથાકાર તરીકે ખ્યાત છે કે જેમણે ગુજરાતીમાં લઘુકથા સ્વરૂપના સ્થાયી વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમણે લઘુકથા ઉપરાંત ટૂંકી વાર્તા અને બાળસાહિત્ય સ્વરૂપોને પણ સમૃદ્ધ કર્યાં છે. સમીક્ષિત ગ્રંથ 'અભિષેક'માં તેમના લઘુકથા સંગ્રહો 'આઠમું પાતાળ' (૧૯૮૦), 'આઈસબર્ગ' (૧૯૮૫) 'તંતુ' (૨૦૦૭) અને 'પોયણું' (૨૦૧૧)માંથી ૩૧ લઘુકથાઓનો મૂળપાઠ અને પ્રત્યેકનો આસ્વાદ સમાવિષ્ટ છે. આ બધી લઘુકથાઓનો સ્પર્શી જાય તેવો સ-રસ અને પ્રભાવક આસ્વાદ લઘુકથાના અગ્રણી સર્જકો અને વિવેચકો જેમ કે મોહનલાલ પટેલ, રાધેશ્યામ શર્મા, ચંદ્રકાન્ત શેઠ, પ્રવીણ દરજી, ચિનુ મોદી, પ્રસાદ બ્રહ્મભટ્ટ, મણિલાલ હ. પટેલ, નીતિન વડગામા, ઈશ્વર પરમાર, મોહન પરમાર, ભગીરથ બ્રહ્મભટ્ટ વગેરે દ્વારા કરાવવામાં આવ્યો છે. આ બધા આસ્વાદોમાં પ્રત્યેક લઘુકથામાં અભિવ્યક્ત વિચાર સમૃદ્ધિ અને કથનકલાનું હાર્દ – સમાજજીવનનાં બહુવિધ ક્ષેત્રોમાંથી વિષયવસ્તુની પસંદગી કરી સંવેદનશીલ ક્ષણોના પરિવેશ અને પાત્રાનુસારી બોલી અને ભાષાનો વિનિયોગ કરવો ઉદા. તરીકે 'હડદોલો', 'પડઘો' વગેરે શબ્દો અને પ્રતીકોની પસંદગીના કસબી અર્થાત્ લઘુકથા શબ્દોમાં વ્યંજનાની ધારદાર અભિવ્યક્તિ, ઉદા. તરીકે 'પોયણું'માં લક્ષ્મણના મુખે મૂકેલ સહજોદ્ગાર 'ઊર્મિલે !', 'વિશ્રંભકથા'માં શકુંતલાએ વીંટીને કહ્યું કે 'આર્યપુત્ર ! તમેય સાંભળ્યું ?', 'ઠેસ'માં 'ભંગાર' શબ્દ વગેરે, નાટ્યાત્મકતા, સ્ત્રી સ્વભાવના પારખુ, લઘુકથાનાં ધ્વન્યાત્મક શીર્ષકો વગેરે – સોદાહરણ અને સટિપ્પણ ખોલી આપવાની સાથે જ તેના સર્જકની ઊંચાઈ પ્રસ્થાપિત કરી આપતાં રમેશ ત્રિવેદીને મોહનલાલ પટેલ પછીના શ્રેષ્ઠ લઘુકથાકાર તરીકે ગણાવ્યા છે. આ ઉપરાંત ખ્યાત કથાવસ્તુની પસંદગી કરીને મૂળમાં ન હોય તેવી સંવેદનશીલ પરિસ્થિતિનું નિર્માણ કરી 'પોતાના કૌશલને કસોટીએ ચઢાવ્યું છે. ઉદા. તરીકે ચીનુ મોદીએ 'અભિષેક'નો આસ્વાદ કરાવતાં નોંધ્યું છે કે 'રમેશ ત્રિવેદીએ મૂળ મહાભારતમાં નહીં, એવી આ ક્ષણ સર્જીને, 'મિથ'ને પુન; સર્જી છે. અને આ જ હિસાબ મિથ સાથે પનારું પાડનારે, પોતાની કૃતિ દ્વારા આપવાનો હોય છે. આ ક્ષણ પછીના સંવાદો રમેશ ત્રિવેદીએ મહાભારતની કથાથી અજાણ્યા ભાવકો માટે કહ્યા છે. પણ, સુજ્ઞ ભાવકો એને હડસેલીને રમેશ ત્રિવેદીએ રચેલા અંતિમ સંવાદ પાસે પહોંચી જઈ શકે – દ્રૌપદી કહે છે : 'નાથ, .... માત્ર પાર્થ જ નહીં, કિન્તુ આકાશમાં ઉદયમાન થતા ભગવાન આદિત્ય સામે જોતાં પણ હવે તો...' અહીં કર્ણનો સૂર્યપુત્ર તરીકેનો સંદર્ભ લઘુકથાને સ-ચોટ બનાવે છે. રમેશ ત્રિવેદીએ આ લઘુકથા દ્વારા આટલું બધું લખવા ઉશ્કેર્યો છે, હોં.' આ જ રીતે બાબુ દાવલપુરાએ 'પોયણું'નો આસ્વાદ કરાવતાં નોંધેલ શબ્દો : 'મહાકવિ વાલ્મીકિરચિત રામાયણમાં પ્રોષિતભર્તૃકા ઊર્મિલાનું પાત્ર લગભગ ઉપેક્ષિત રહેવા પામ્યું છે, એવી કવિવર રવીન્દ્રનાથે માર્મિક ટકોર કરેલી. અલબત્ત, પછીનાં વર્ષોમાં કવિ બોટાદકરના ખંડકાવ્ય 'ઊર્મિલા'માં વિરહપીડિત ઊર્મિલાની વેદના સાકાર થઈ છે. પરંતુ એના હૃદયનાથ લક્ષ્મણની વિયોગવેદનાને આપણા કથાસાહિત્યમાં આ લઘુકથામાં પહેલી જ વાર કળામય અભિવ્યક્તિ સાંપડી છે.' અહીં ગ્રંથસ્થ લઘુકથાઓ અને આસ્વાદોનું પઠન કરતાં પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ પ્રતીત થાય છે કે અહીં પસંદ કરવામાં આવેલ લઘુકથાઓ ખરા અર્થમાં ગુજરાતી લઘુકથા સાહિત્યના ઘરેણા સમ છે. ગ્રંથસ્થ લઘુકથાઓના રોચક આસ્વાદોના પરિણામસ્વરૂપે પ્રત્યેક લઘુકથા હૃદિયાને સ્પર્શી જાય છે. અન્યથા લઘુકથાને પામવા માટે ભાવક પાસે એક વિશેષ પ્રકારની અપેક્ષિત સજ્જતાના અભાવમાં આ બધી લઘુકથાઓનું રસપાન કઠિન બની રહેત !

આ બધા આસ્વાદોની મહત્ત્વપૂર્ણ બાય-પ્રોડક્ટ એ છે કે અહીં ગુજરાતી લઘુકથા સાહિત્યસ્વરૂપના પ્રવર્તક મોહનલાલ પટેલનું આ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ પ્રદાન, ગુજરાતી લઘુકથાનું 'કાશી' અથવા પિઅર એવી 'કડી સ્કૂલ'ની

ગુજરાતી લઘુકથાના વિકાસમાં ભૂમિકા અને ગુજરાતી લઘુકથાની વિકાસગાથા ઉપરાંત સમગ્ર ભારતીય ભાષાઓમાં આ સાહિત્યસ્વરૂપના ખેડાણ પૈકી ગુજરાતી લઘુકથાનું મૂઠી ઊંચેરું સ્થાન હોવા સંદર્ભેની પ્રસંગોપાત્તની ચર્ચા ઉપરાંત લઘુકથા સાહિત્યસ્વરૂપનાં લક્ષણો જેમ કે વિષયવસ્તુ અને કાવ્યાત્મક લાઘવ, સંવેદનશીલતા, સાંસ્કૃતિક સંદર્ભો સહિતની ચમત્કૃતિ, વ્યંજના વગેરે વિશેનો વિચાર-વિમર્શ રમેશ ત્રિવેદીની લઘુકથાઓ સંદર્ભે વિવિધ આસ્વાદકોએ કર્યો છે. આ સાથે જ લઘુકથા અને ટૂંકી વાર્તા, લઘુકથા અને ટુચકો વગેરેની ભેદરેખા વિશેની ચર્ચા પણ જોવા મળે છે. આમ, પ્રસ્તુત ગ્રંથ ઉભય દૃષ્ટિએ – સમર્થ લઘુકથાકાર રમેશ ત્રિવેદીના લઘુકથા વૈભવને માણવા અને લઘુકથા સાહિત્યસ્વરૂપ તથા ગુજરાતી લઘુકથાની વિકાસરેખા અને હાર્દને પામવા માટે – મૂલ્યવાન બની રહે છે.

❖

**પ્રકાશ ન. શાહ : માતબર મુલાકાતો સ્વરૂપે વ્યક્તિવિશેષના જીવન-સર્જનનું અંતરંગ આલેખન / ઉર્વીશ કોઠારી. અમદાવાદ : સાર્થક પ્રકાશન, ૨૦૧૯. (સાર્થક સંવાદ શ્રેણી). ૧૬૦ પૃ. ISBN : ૯૭૮-૯૩-૮૪૦૭૬-૩૭-૫. કિં. રા. ૧૫૦/-**

પ્રકાશ ન. શાહ એટલે પ્રવર્તમાનકાલીન ગુજરાતની એક મૂઠી ઊંચેરી જાહેર બૌદ્ધિક સંપદા. સમાજના એક જાગરૂક અને નિર્ભીક તંત્રી તથા સંત્રી. એક વિચક્ષણ અને પ્રજ્ઞાશીલ પત્રકાર તરીકે 'સ્વધર્મ'નું પાલન જાહેર હિતોના રક્ષણની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને (અર્થાત્ સરકારનાં લોકશાહી વિરોધી પગલાં ઉદા. તરીકે અકાદમીઓની સ્વાયત્તતા ભંગ કરવાનો પ્રશ્ન વગેરે અનેકાનેક પ્રવર્તમાન સમયના પ્રશ્નો સંદર્ભે સરકારનો વિરોધ કરી પ્રજાજાગૃતિ આણવાના પ્રયાસો કરવા) કોઈની પણ શેહમાં આવ્યા સિવાય કરી રહ્યા છે, જેની પ્રતીતિ તેમના તંત્રીપણા હેઠળ પ્રકાશિત 'ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર નિરીક્ષક'માં પ્રગટ થતા તેમના તંત્રીલેખો અને અન્યોના લેખો તથા તેમનાં જાહેર વ્યાખ્યાનો થકી સહજમાં થાય છે. તેમનાં લખાણોમાં વિષયવૈવિધ્ય જેમ કે રાજકારણ, સમાજ, અર્થશાત્ર, ભારતીય અને વિદેશી સાહિત્ય અને સાહિત્યકારો, સમાજના બૌદ્ધિકો, જાહેર હિતની ચળવળો વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે અને તેની સાથે આ બધા વિષયોનો અર્થસભર અભ્યાસ અને આધિકારિક લખાણ દ્રષ્ટવ્ય બની રહે છે. હાથ ઉપરના વિષયનું વ્યાપક અને સઘન વાચન અને સાહજિક છતાં પ્રભાવક પ્રસ્તુતિ એ તેમની પ્રકૃતિ રહી છે.

પ્રકાશભાઈએ વ્યવસાવિક કારકિર્દીનો પ્રારંભ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં રાજ્યશાત્રના અધ્યાપક તરીકે જોડાઈને (૧૯૬૫) કર્યો હતો અને અહીં થોડાંક જ વર્ષો (૧૯૬૫-૧૯૭૧) સુધી સેવાઓ આપ્યા બાદ સ્વેચ્છાએ આ વ્યવસાયમાંથી મુક્ત થયા હતા. પરંતુ, તેમણે અધ્યાપકનો સ્વધર્મ-આજીવન વિદ્યા-અર્થી બની રહેવાનો ચાલુ રાખ્યો છે. પરિણામે, આજે એક પ્રબુદ્ધ અને વિચારક પત્રકાર તરીકેની સ્વીકૃતિ પામ્યા છે. આવા વિચારશીલ અને ખમતીધર પત્રકારનાં જીવન અને વિચાર-વૈભવ પ્રજા સમક્ષ ઉજાગર થાય તે અપેક્ષિત છે. અને તેથી જ આ પુસ્તક. આ સંદર્ભે પ્રસ્તુત પુસ્તકના આયોજક ઉર્વીશ કોઠારીનું મંતવ્ય : 'ગુજરાતના જાહેર જીવનમાં આટલાં બધાં ક્ષેત્રોમાં રસ, અધિકાર અને સંપર્કો ધરાવનારા અને એ રીતે ગુજરાતના જાહેર જીવનનો વૈશ્વિક દૃષ્ટિકોણ સાથેનો પરિચય ધરાવતા પ્રકાશભાઈ કદાચ છેલ્લા છે. તેમની પાસેથી લેવાય એટલું લઈ લેવું જોઈએ, એવી લાલચ હંમેશાં રહે છે. તેના એક ભાગ તરીકે મુલાકાતો લીધી હતી... પ્રકાશભાઈથી સાવ અપરિચિત હોય તેમને ગુજરાતના એક વિરલ વ્યક્તિત્વ વિશે જાણ્યાનો આનંદ થાય, પ્રકાશભાઈ વિશે પૂર્વગ્રહો ધરાવતા ઘણાને તેમના બહુરંગી વ્યક્તિત્વનો પરિચય મળે અને તેમના સ્નેહીજનોને 'ઓહો, એમ ? આ તો અમને ખબર જ નહીં ?' એવું લાગે, એ આ પહેલા પડાવ જેવા પુસ્તક પાછળનો આશય છે' યથાર્થમાં પુરવાર થયું છે, જેની પુસ્તકના સાદ્યંત વાંચનથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

અહીં આપણને ઉર્વીશ કોઠારીએ પ્રકાશ ન. શાહની પ્રસંગોપાત્ત લીધેલ મુલાકાતો દરમ્યાન તેમને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો સ્વરૂપે તેમના કૌટુંબિક જીવન, શિક્ષણ, વ્યવસાયિક કારકિર્દી, વાંચન-સંસ્કાર અને વૈચારિક-સમૃદ્ધિ, સંઘપરિવાર સાથે નિકટનો નાતો અને સમજીને છૂટા પડવું, છેલ્લા પાંચ દસકના ગુજરાતના જાહેરજીવન અને રાષ્ટ્રીય પ્રવાહો અંતર્ગત સવિશેષતઃ નવનિર્માણ આંદોલન, આચાર્ય કૃપાલાણી, જયપ્રકાશ નારાયણ, લોહિયા અને ભોગીલાલ ગાંધી સાથેના સંબંધો, કટોકટી અને જેલવાસ, ચૂંટણીના અનુભવો, પત્રકારત્વ ક્ષેત્રના અનુભવો અને આ ક્ષેત્રનું ઑફિસ પોલિટિક્સ, લેખનપ્રવૃત્તિ, પોતીકી ઊર્જાશીલ ભાષા વગેરે સંબંધી First hand માહિતી મળી રહે છે. આ બધી માહિતીને ઉર્વીશભાઈએ સુગ્રથિત ૧૧ પ્રકરણો હેઠળ

વિભાજિત કરીને આપી છે. આ સાથે જ પ્રશ્નકર્તા અને ઉત્તરદાતા વચ્ચે સધાયેલ સાર્થક સંવાદકળા અર્થાત્ સાહજિક વાર્તાલાપ કે જેમાં કયાંય કૃતકતા ડોકાતી જોવા ન મળે તે એટલે કે સીધો જ પ્રશ્ન અને તેની સાથે અનુબંધ ધરાવતા પેટાપ્રશ્નોની હારમાળા અને તેના તેટલા જ ધારદાર અને સુસ્પષ્ટ હૃદયંગમ ઉત્તરો દ્રષ્ટવ્ય બની રહે છે. અહીં પ્રકાશભાઈ પાસેથી ક્રમશઃ અપેક્ષિત માહિતી મેળવવાની ઉર્વીશભાઈની સાહજિક છતાં ચાતુરીપૂર્ણ શીઘ્ર પ્રશ્નકળા પણ ધ્યાનાર્હ બની રહે છે.

અહીં પ્રકાશભાઈના અંગત જીવન અને વ્યક્તિત્વ સંબંધી તથા ગુજરાતના જાહેરજીવન વિશેની કેટલીક અલ્પજ્ઞાત એવી માહિતી વાચકને તરોતાજા રાખે તેવી છે અને તેનો ઉર્વીશભાઈના શબ્દોમાં સહજમાં હૃદયોદ્ગાર સાંભળવા મળે 'ઓહો, એમ ? આ તો અમને ખબર જ નહીં ?' તે સ્વાભાવિક બની રહે છે. આ પૈકી તેમના વ્યક્તિત્વ સંબંધી કેટલીક વિગતો આ રહી : માધ્યમિક અને કૉલેજ શિક્ષણ દરમ્યાન સંઘ શાખામાં જવું અને વકીલ સાહેબ - લક્ષ્મણરાવ ઇનામદાર - દ્વારા પૃચ્છા કરવામાં આવતાં રાધાકૃષ્ણનના 'હિંદુ વે ઓફ લાઈફ'નું વાંચન કરું છું તેના પ્રત્યુત્તરમાં વકીલસાહેબનું કહેવું કે 'આમાં બધું છે, પણ હિંદુ રાષ્ટ્ર નથી'. આ 'નેત્રદીપક' વાક્ય સાંભળતાં મનમાં ઝબકારો થવો - 'સેમેટિક ધંધો અહીં શરૂ થયો છે' - અને સમજીને ક્રમશઃ છૂટા પડવું, વર્ષો બાદ આ જ મતલબનું વિધાન 'હમારી પહેચાન તો હમારે હિંદુત્વ મેં હૈ' અડવાણીજીના મુખે સાંભળતાં મનોમન તાળો મેળવી લેવો, સંઘ પરિવારના નાનાજી દેશમુખ, બાળાસાહેબ દેવરસ, નરેન્દ્ર મોદી વગેરે સાથેના સંબંધો અને તેમની વિચારસરણી અને વ્યક્તિત્વની ખાસિયતો રજૂ કરતું સ્પષ્ટ અને નિર્ભીક અવલોકન, 'હિંદ સ્વરાજ્ય' વાંચવાથી નહીં પરંતુ આર. સી. દત્તના 'ઇકોનોમિક હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા'ના વાચનથી ખાદી તરફ આકર્ષાવું - 'મે લોહિયાને વાંચ્યા ન હોત તો ગાંધી માટે મારું ખેંચાણ આટલું ન થયું હોત. આઈ સ્ટાર્ટેડ અપ્રિશિયેટિંગ માય ગાંધી થ્રૂ લોહિયા એન્ડ માય માર્ક્સ થ્રૂ જે. પી., જેલવાસ દરમ્યાન ટૉયન્બી, ટૉલ્સ્ટાય, રેમન્ડ એરન, રૉય પિયર્સ, ડી. પી. ચટોપાધ્યાય, ઈરાવતી, દૂર્ગા ભાગવત વગેરેના ગ્રંથો વાંચવા, 'વંદે માતરમ' વાંચવાનો વિવાદ જાગવો વગેરે અને જાહેરજીવન વિષયક બાબતો, જેમાં મૌલાના આઝાદની આત્મકથા 'ઇન્ડિયા વીન્સ ફ્રીડમ'ના કૃપાલાણી ટીકાકાર હોવા, કૃપાલાણી વલ્લભભાઈ માટે કહેતા કે એ મિત્ર તરીકે બરાબર, પણ આપણે સામે હોઈએ તો પછી બરાબર ખબર રાખે... કૉંગ્રેસ પ્રમુખ તરીકે બીજી વાર ઊભો રહ્યો ત્યારે ગુજરાતમાંથી મને એક પણ મત મળ્યો નહોતો. ઈટ વૉઝ ઓન્લી પટેલ (તેના માટે પટેલ કારણભૂત હતા), કટોકટી દરમ્યાન રવિશંકર મહારાજને પકડવાની હિલચાલ, પરંતુ ગવર્નર વિશ્વનાથનનું તેમ ન થવા દેવું, બાબુભાઈ જ. પટેલને 'રઘુવંશ'ના સર્ગ કંઠસ્થ હોવા અને સંસ્કૃતમાં સરળતાથી વાર્તાલાપ કરવાની ક્ષમતા, તિરંગા ધ્વજને સલામી કઈ સ્ટાઈલમાં આપવી તે અંગે ભાજપ અને સંઘના લોકોમાં અવઢવ (૭૦-૭૧), પાકિસ્તાન ઉપર હુમલો કરવા માટે રશિયાના પ્રેસરને મોરારજીભાઈ દ્વારા મચક ન આપવી તથા ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સલેર માવળંકર કે બી.કે. મજમુદાર થઈ શક્યા હોત પરંતુ એવું ન થાય તેનું ધ્યાન મોરારજીભાઈએ રાખેલ નવી પેઢીને એક્સપૉઝર આપવા માટે લેસ્કી ઇન્સ્ટિટ્યૂટ થકી માવળંકરનું પ્રદાન વગેરે. આ પ્રકારની અનેકાનેક વિગતોનો ખજાનો પ્રકાશભાઈએ અહીં સુલભ કરાવ્યો છે. આ બધી વૈવિધ્યસભર દસ્તાવેજી સામગ્રી સામ્પ્રતકાલીન ગુજરાતના રાજકારણ અને ઇતિહાસના સંશોધકો તથા પ્રકાશભાઈના ભાવિ જીવનચરિત્રકારો માટે સોનાની ખાણ પુરવાર થશે. આ ઉપરાંત એક પત્રકાર તરીકે પોતાની મર્યાદાનો એકરાર કરતું તેમનું વિધાન 'મારું વ્યક્તિગત ખુલ્લાપણું તંત્રી તરીકેની મર્યાદા ન બનવું જોઈએ. તંત્રીએ તંત્રી તરીકે ક્યાંક દાખલ થવું જોઈએ એ ઘણી વાર હું થાઉં છું ને ઘણી વાર નથી થતો. મારા સ્વભાવની જે ખરીખોટી, કેથોલિસિટિ (ઉદારતા) છે તે આમાં લાગુ ન પડવી જોઈએ' એક મૂઠી ઊંચેરા વિચારક અને પત્રકાર તરીકે પ્રસ્થાપિત કરે છે. આ સાથે જ તેમની સેન્સ ઓફ હ્યુમર - સહજ રમૂજ વૃત્તિ અથવા કહીશું કે હાસ્યની છોળો ઉડાડવાની પ્રકૃતિ લોહીનો લય બની ગઈ છે તેની પ્રતીતિ ઠેર ઠેર પથરાયેલાં તેમનાં સાહજિક વિધાનો થકી સહજમાં થાય છે. ગ્રંથમાં અત્રતત્ર અને ગ્રંથાન્તે મૂકવામાં આવેલ દસ્તાવેજી સામગ્રી સમાન ફોટોગ્રાફ્સ, કાળજીપૂર્વકની પ્રકાશભાઈની તવારીખી અને ગુજરાતના જાહેરજીવનના જ્ઞાતા અને Public intellectual પ્રકાશભાઈ વિશેની અણમોલ સામગ્રી પ્રજા સમક્ષ હાથવગી કરી આપવા બદલ ઉર્વીશ કોઠારી અભિનંદનના અધિકારી બની રહે છે. આમ છતાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આ એક દસ્તાવેજી ગ્રંથ હોઈ ગ્રંથાન્તે ચાવીરૂપ શબ્દસૂચિ અને પરિશિષ્ટમાં પ્રકાશભાઈના મહત્ત્વપૂર્ણ લેખોની સૂચિ આપવામાં આવી હોત તો પ્રકાશભાઈને જાણવા અને માણવા માટે વિશેષ ઉપકારક બની રહેત !

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર

ઝGPSC CLASS 1 & 2 Exam - 2018/2019 ની ૨૯૪ જગ્યાઓ પૈકી મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના ૨૦ વિદ્યાર્થીઓ અંતિમ યાદીમાં નિમણૂક માટે પસંદગી પામ્યા છે. આ પૈકી વર્ગ-૧ માં કુલ ૭ ઉમેદવાર પૈકી યોગરાજસિંહ જાડેજા, પરેશ પ્રજાપતિ, જિગ્નેશ પાંડે, સંજય કેશવાલા, હર્ષિલ મહેતા, નિકુંજ ગજ્જર અને પાર્થ તલસાણિયા, જ્યારે વર્ગ-રમાં પ્રીતિ બ્રહ્મભટ્ટ, મિલિન્દ્ર પટેલ, અક્ષય ઝરે, જય પટેલ, જૈમિનિ પટેલ, આનંદ મકવાણા, મૌસમ જાસપુરિયા, મેઘાંસી પંચાલ, નિસર્ગ શુકલા, પ્રણવ અગજા, ચંદ્રરાજ સોલંકી, ખુશ્બૂ સુથાર અને પ્રીતિ મોઢવાડિયા પ્રસંદગી પામ્યાં છે. ઉલ્લેખનીય છે કે ૧.૯૪ લાખ ઉમેદવારોએ પ્રીલિમ પરીક્ષા અને ત્યારબાદ આ પૈકી ૫૦૦૯ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા આપી હતી. અને આ પૈકી લાયક ફકત ૯૧૨ ઉમેદવારોનું મૌખિક ઈન્ટવ્યું લેતાં ૨૯૪ ઉમેદવારોની ભરતી માટે પસંદગી કરવામાં આવી છે.

### આવકારોત્સવ

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૨૯-૬-૧૯ના રોજ શેઠ ખીમજી વિશ્રામ હૉલમાં એફ.વાય. બી.કોમ. અને એમ.કોમ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર ૩૭૦ જેટલા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે વિદ્યાર્થીઓને આવકાર આપી કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ અને નીતિ-નિયમોથી માહિતગાર કરવા ઉપરાંત અધ્યાપકોનો પરિચય કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ વિદ્યાર્થીઓને NSSમાં આવકારવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં NSSના કો-ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીએ NSSની સિદ્ધિઓની ઝાંખી કરાવી જીવનમાં અને સમાજમાં તેનું મહત્ત્વ જણાવ્યું હતું. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં આચાર્યાશ્રી ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓ NSSમાં જોડાય તે માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે NSSના સ્વયંસેવકોએ વિવિધ વિષયો પર દશ્યકલાના માધ્યમથી સામાજિક સમસ્યાઓ અને તેના ઉપાયો ઉજાગર કર્યા હતા. તા. ૨૦-૭-૧૯ના રોજ ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓની પ્રતિભાને ઉજાગર કરતી પ્રવૃત્તિઓ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો.

● એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓના આવકારોત્સવનું આયોજન તા. ૨૮-૬-૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાબહેન જોશીએ સમારોહના અધ્યક્ષ અને મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને ફેકલ્ટીનાં ડીન પ્રો. વીણાબહેન પટેલનો પરિચય કરાવ્યો હતો. પ્રો. વીણાબહેન પટેલે બંને કૉલેજોના એચ.ઓ.ડી. તેમજ અધ્યાપકોનો પરિચય આપીને વર્ષ દરમિયાન કરવાની કામગીરીની માહિતી આપી હતી. ડૉ. કનુભાઈ પટેલે શિક્ષક પાસે પાણી, વિજળી, અને પર્યાવરણ બચાવો જેવા કાર્યની અપેક્ષાઓ રાખી શકાય તેમજ વાત્સલ્ય તથા નિપુણતા જેવા શિક્ષકના ગુણો વગેરેની આવશ્યકતા વિશે વાત કરી હતી. અધ્યાપકોએ તેમની ફરજોની પ્રસ્તુતિ કરી હતી. તાલીમાર્થીઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતા તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ઝબી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકારવાના કાર્યક્રમનું તા. ૭ જુલાઈએ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશભકિત થિમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બહુમુખી પ્રતિભા ધરાવનાર આયુર્વેદિક ડૉક્ટર તથા મ્યુઝિક થેરાપિસ્ટ અને ગુજરાતી ફિલ્મ-જગતમાં મ્યુઝિક ડાયરેકટર તરીકે સેવાઓ આપતા ડૉ. કેદાર ઉપાધ્યાયે પ્રેરણાદાઈ વક્તવ્યમાં જીવનમાં આવનાર સંઘર્ષો બાબતે સજજ થઈ ટીઈએનઓ એસએએમએનઓ કરવા સૂચવ્યું હતું. તેમજ મૅનેજમેન્ટ

કોર્સના મહત્ત્વ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કોલેજનો પરિચય આપ્યો હતો. ડૉ. જયેશ તન્નાએ આભારવિધિ કરી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક સાથે વ્યવહારિક જ્ઞાન આપવાના હેતુસર એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓને જૂન-જુલાઈ દરમિયાન જી.વી.કે. ઇમરજન્સી, અમૂલ ડેરી, પારલે જી, કોકા-કોલા, હેવમોર, વાડીલાલ વગેરે ઉદ્યોગગૃહોની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાતો દરમિયાન વિદ્યાર્થીઓને જે-તે ઉદ્યોગગૃહના વ્યવસ્થાપન સંબંધી માહિતગાર કરવામાં આવ્યા હતા.

● બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓને જુલાઈ - ઑગષ્ટ માસ દરમ્યાન પ્રાંતિજ સ્થિત એશિયન ગ્રાંનીટો, અમૂલ ડેરીની અને સહજાંનદ લેસર ટેકનોલોજી પ્રા.લિ. ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ ત્રણેય ઉદ્યોગગૃહોની મુલાકાતો દરમ્યાન વિદ્યાર્થીઓએ બિઝનેસ મૅનેજમેન્ટની દષ્ટિએ વિવિધ પ્રકારની માહિતી મેળવી હતી તથા પ્લાન્ટોનું નિરીક્ષણ કર્યું હતું.

### કારકિર્દી માર્ગદર્શન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૨૯-૭-૧૯ના રોજ બ્રહ્માણી કૃપા હૉલમાં બૅન્કિંગ ક્ષેત્રમાં કારકિર્દી વિશે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે SBIના સિનિયર ક્લાર્ક શ્રી હર્ષલ માંકડે નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહી બૅન્કિંગ ક્ષેત્રની વ્યવસાયિક કામગીરી, યોજનાઓ, નીતિઓ, ઓનલાઈન બૅન્કિંગ, ઇલેક્ટ્રનિક ચૂકવણીની પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓનાકારકિર્દીની તકની વિગતવાર માહિતી આપી હતી.

### કેન્દ્રીય અંદાજપત્ર

● રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ‘કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯’ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેના માર્ગદર્શન માટે જાહેર કાર્યક્રમનું શેઠ ખીમજી વિશ્રામ હૉલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં છેલ્લાં ૪૦ વર્ષથી કેન્દ્રીય અંદાજપત્રનું વિશ્લેષણ કરતા ખ્યાતનામ એડવોકેટ અને ટેક્સ કન્સલટન્ટ શ્રી મુકેશભાઈ પટેલે અંદાજપત્ર વિષયક વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે નવા ભારતના નિર્માણ માટે આ યોગ્ય બજેટ છે. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનો, રોટરી ક્લબના સભ્યશ્રીઓ, વિવિધ કૉલેજોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુરુપૂર્ણિમા

● સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા સેક્ટર-૧૫ સ્થિત ફતેપુરા પ્રાથમિક શાળાનાં બાળકો સાથે ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ કરી વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાનો મહિમા જણાવી જીવન ઘડતરની વાતો કરી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર શાળા પરિવાર જોડાયો હતો.

● એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં તા. ૧૬-૦૭-૧૯ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત તાલીમાર્થીઓએ ગુરુનું મહત્ત્વ, ગુરુ-શિષ્ય ભાવના અને ગુરુનું મહત્ત્વ કેવી રીતે જાળવી શકાય તે વિશે વિચારો વ્યક્ત કર્યા હતા, તેમજ ગુરુ ભજન, ધૂન, સુવિચાર તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના આદ્ય સ્થાપક પૂજ્ય છગનભાના આદર્શોને તાલીમાર્થીઓએ નાટક સ્વરૂપે રજૂ કર્યા હતા.

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૧૩-૭-૨૦૧૯ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ‘રામકૃષ્ણ મિશન’, રાજકોટના અધ્યક્ષ સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે ‘એકવીસમી સદીના આદર્શ વિદ્યાર્થી’ વિષય સંદર્ભે શુદ્ધ આહાર, શુદ્ધ વિચાર, શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસની ચર્ચા કરી ભણતર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે યોગ અને વ્યાયામ કરવાની પ્રેરણા આપીને સારું બોલવા, સારું જોવા અને સારું સાંભળવા અનુરોધ કર્યો હતો.

### જોડણી નિયમો

● ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો તથા બી.એડ્.ના તાલીમાર્થીઓ વ્યાકરણ અને જોડણીથી સજ્જ થાય તે હેતુથી તા. ૧૩-૦૭-૧૯ના રોજ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉમા આર્ટ્સ કૉલેજનાં વિદુષી પ્રા. ડૉ. હીનાબહેન મહેતાએ જોડણી કોશ વિશે માહિતી આપી શબ્દોની ગોઠવણી, શબ્દોનું ઉચ્ચારણ, ચાર, ત્રણ અને બે શબ્દોની જોડણી, જોડણીમાં આવતા હસ્વ-દીર્ઘ ઇ, ઈ, ઉ, ઊ વગેરે વિશે ઉદાહરણો આપી સમજ આપી હતી.

## દાંડીકુટીર

● એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓએ તા. ૧૦-૭-૧૯ના રોજ ખ-૪ સર્કલ પાસે સ્થિત દાંડીકુટીરની મુલાકાત લઈ ગાંધીજીનું બાળપણ, તેમના જીવનને અસર કરતાં પરિબળો, ગાંધીજીનો વકીલાત તરીકેનો અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, ભારત પરત આવ્યા પછી ભારતમાં સ્વતંત્રતા સંગ્રામ માટે યોજેલી ચળવળો વગેરે સંબંધી પ્રદર્શન નિહાળ્યું હતું.

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચના B.Sc.(c.s.) ના વિદ્યાર્થીઓ માટે દાંડી કુટીરની મુલાકાતનું આયોજન તા. ૨૭/૭/૧૯ના રોજ કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ ઓડિયો, વિડિયો, 3D માં રજૂ કરવામાં આવેલ ગાંધીજીવન અને દર્શન સંબંધી માહિતી મેળવી હતી.

## પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Biotechnology :**

1. Shelat, Margi Jayshkumar : "Molecular Analysis of Tomato Varieties Resistant to Tomato Leaf Curl Geminivirus Causing Leaf Curl Viral Disease in Tomatoes and Development of New Ways for Tomato Protection" / Subject : Biotechnology / Guide : Dr. Bushra Avesh Murshi. Ref. No. Ph.D. / 380 / 2019. 12-6-2019.

**Chemistry :**

2. Shah, Nilay Ashvinbhai : "Synthesis and Lead Optimization Study of Some Novel Bioactive Agents" / Subject : Chemistry / Guide : Dr. Denish C. Karia. Ref. No. Ph.D. / 379 / 2019. 11-06-2019.

3. Sheeba, T V : "Approach Towards Seperation of Drugs and its Metabolites in Plasma by Various Analytical Techniques and its Application to Pharmacokinetic Study" / Subject : Chemistry / Guide : Dr. Denish C. Karia. Ref. No. Ph.D. / 375 / 2019. 23-03-2019.

**Commerce :**

4. Soni, Prerak Kiritbhai : "A Study on Investment and Financial Protection in Life Insurance Sector in Gujarat With Respect to Investors' Aspect & Family Aspect – Comparative Analysis" / Subject : Commerce / Guide : Dr. Vigna M. Oza. Red. No. Ph.D. / 382 / 2019. 24-06-2019.

5. Vyas, Jaimini Naimish : "A Study on Customer relationship Management Practises of Selected Public Sector & Private Sector Banks (A Comparative Analysis Between Selected Commercial Banks in Gujarat)" / Subject : Commerce / Guide : Dr. Vigna M. OZa. Ref. No. Ph.D. / 385 / 2019. 10-07-2019.

**Education :**

6. Dave, Ashishkumar Mahendrabhai : 'A Study of Civic Value of Teachers Working in Primary School of Gandhinagar District' / Subject : Education / Guide : Dr. Veenaben Patel. Ref. N0. Ph.D. / 388/ 2019. 19/07/2019.

7. Soni, Hetalben Hasmukhbhai : "The Study of Values Inherent from the Ramayana Written by Maharshi Valmiki" / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah. Ref. No. Ph.D. / 378 / 2019. 10-06-2019.

8. Yadav, Sudhir Kumar : "Construction and Standardization of Differential Ability Test Battery for School Studentsઞ / Subject : Education / Guide : Dr. Sanjay M. Gupta. Ref. N0. Ph.D. / 390/ 2019. 03/08/2019.

**Electrical Engineering :**

9. Patel, Vardhamankumar Ranchhodbhai : "Voltage Stability Enhancement Based on Proximity and Mechanisam Analysis" / Subject : Electrical Engineering / Guide : Dr. Bhavik N. Suthar. Ref. No. Ph.D. / 383 / 2019. 05-07-2019.

**English :**

10. Desai, Mitali Jitendrakumar : 'Translating Selected Short Stories of Gujarati Female Writers" / Subject : English / Guide : Dr. Moghajibhai F. Patel. Ref. N0. Ph.D. / 387/ 2019. 17/07/2019.

**Library & Information Science :**

11. Patel, Mahendrakumar Baldevbhai : 'A Study of Information Needs and Information Seeking Behaviour of the Sabarkantha District Farmers of Gujarat State' / Subject : Library & Information Science / Guide : Dr. Priyankiben R. Vyas. Ref. N0. Ph.D. / 391/ 2019. 03/08/2019.

**Management :**

12. Shah, Shweta Ishwerbhai : ''Role of Banks in Achieving Financial Inclusion and its Impact on Socio-Economic Aspects of Villages in Gandhinagar District, Gujarat'' / Subject : Management / Guide : Dr. Sneha Shivang Shukal. Ref. No. Ph.D. / 376 / 2019. 17-04-2019.

13. Thakkar, Jalpa Shyamkumar : ''A Comparative Study on Gold Loan and Personal Loan Market in India W.R.T. Western and Southern Region'' / Subject : Management / Guide : Dr. Ramakanta Prusty. Ref. No. Ph.D. / 374 / 2019. 15-03-2019.

14. Upadhyay, Shruti Dilipkumar : 'An Empirical Study on Effectiveness of E-Governance Projects in India With Specific Focus on Gujarat" / Subject : Management / Guide : Dr. Parag K. Sanghani. Ref. N0. Ph.D. / 389/ 2019. 27/07/2019.

**Mechanical Engineering :**

15. Bhavsar, Kaushal Harshadkumar : ''Influence of FSW Process Parameter on Mechanical Properties of Bi-Directional, Multipass Welded 7XXX Aluminium Alloy'' / Subject : Mechanical Engineering / Guide : Dr. Ghanshyam D. Acharya. Ref. No. Ph.D. / 381 / 2019. 20-06-2019.

**Pharmaceutical Science :**

16. Anoop Kumar : ''Evaluation of the Importance of Toll Like Receptors in the Pathogenesis of Bronchial Asthma Using Various Bacterial Species as the Ligands'' / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah. Ref. No. Ph.D. / 386 / 2019. 13-07-2019.

**Sanskrit :**

17. Dalvi, Sanjaybhai Shivabhai : ''સંસ્કૃત નાટકોમાં હાસ્યરસ (ભાસ-કાલિદાસ-શુદ્રકનાં નાટ્યકૃતિઓનાં સંદર્ભે)'' / Subject : Sanskrit / Guide : Dr. Yogini H. Vyas. Ref. No. Ph.D. / 384 / 2019. 06-07-2019.

**Statistics :**

18. Parikh, Yatinkumar Ashokbhai : ''A Comparative Study of Educational Achievement of General Stream Student's of GRANT-In-AID and Self Finance Higher Secondary Schools of Ahmedabad city'' / Subject : Statistics / Guide : Dr. Chirag. J. Trivedi. Ref. No. Ph.D. / 377 / 2019. 01-06-2019.

## મહિલાઓ અને કાનૂન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. 27-7-19ના રોજ શેઠ ખીમજી વિશ્રામ હૉલમાં વિદ્યાર્થિનીઓ માટે વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે મહિલાઓ સંબંધી કાયદાઓ અને જોગવાઈઓની જાણકારી હેતુ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જોશ ટોક્સ અને વિવેલ ITC પ્રોગ્રામર શ્રી દેવયાની વર્માએ મહિલાઓની તરફેણ કરતા કાયદા, કાનૂની દાવા, ચુકાદા અને જોગવાઈઓની જાણકારી આપી હતી, જાતિ ઓળખ, અસમાનતા, સાયબર ક્રાઇમ વિશે જાગરૂકતા લાવવા અનુરોધ કર્યો હતો.

## યોગ દિવસ

● આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજમાં તા. 21-6-19ના રોજ કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. આરતી બી. પાટીલે યોગની પ્રેક્ટિસ કરાવી હતી. જેમાં સમગ્ર સ્ટાફ, તેમજ વિદ્યાર્થિનીઓ સહિત 508

વ્યક્તિઓએ ભાગ લીધો હતો. યોગ ડે પૂર્વે તા. 18થી 20-6-19 દરમિયાન વિદ્યાર્થિનીઓ અને સમગ્ર કર્મચારીગણને કુ. આરતી દ્વારા યોગની તાલીમ આપવામાં આવી હતી.

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા કૉલેજ કેમ્પસમાં તા. 21-6-19ના રોજ અધ્યાપકો અને 400 વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોગનાં વિવિધ આસનો કરવા ઉપરાંત આચાર્યાશ્રી ડૉ. વિજ્ઞા ઓઝાએ યોગને જીવનનો ભાગ બનાવવા પ્રેરક ઉદ્બોધન કર્યું હતું.

## વુમન ડેવલોપમેન્ટ સેલ

● કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા સ્ટ્રેસ મૅનેજમેન્ટ અંતર્ગત પરિસંવાદનું આયોજન સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં કરવામાં આવતાં શાળા / કૉલેજોમાં ફરજ બજાવતાં 125 જેટલાં મહિલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. જાણીતા મોટિવેશનલ ટ્રેનર શ્રી જે. સી. પટેલે જીવનમાં સ્ટ્રેસને કઈ રીતે નિયંત્રિત કરવો તે સંબંધી અલગ અલગ કસરત કરાવી મેડિટેશન કરાવ્યું હતું, તેમ જ શરીરના દરેક અંગોનું મહત્ત્વ તથા વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે કેવી રીતે રહેવું જોઈએ તે અંગે સમજણ આપી હતી.

### વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા મૅનેજમેન્ટ વિશે તજજ્ઞ વક્તાશ્રી Richard Bahalianના વ્યાખ્યાનનું આયોજન કે. બી. ફાર્મસી હૉલમાં કરવામાં આવતાં, Jet Airways અને Kingfisher કંપનીના અનુસંધાનમાં કેસ સ્ટડી સમજાવ્યો હતો.

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ દ્વારા એમ.એસસી. (આઈટી) અને બી.એસસી. (કમ્પ્યૂટર સાયન્સ) ના વિદ્યાર્થીઓ માટે શ્રી હર્ષ મહેતાના Knowledge Sharing on Spring Frame Work વિશેના વ્યાખ્યાનનું આયોજન તા. ૨૭/૭/૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાશ્રીએ Spring Framework, Rest, Web Services, Nieroservices વગેરે વિશે વિદ્વત્તાપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત તા. ૬ અને ૭ ઑગસ્ટના દિવસોમાં એચ. એન્ડ બી. કમ્પ્યૂટર, ગાંધીનગરના તજજ્ઞોના સાંનિધ્યમાં સાયબર સિક્યુરિટી વિશે તજજ્ઞ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સર્વ નેતૃત્વ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 'સર્વ નેતૃત્વ'ના ઉપક્રમે 'સંઘર્ષ સે શિખર તક' વિષય પર ભારત – મ્યાનમાર ચેમ્બર ઓફ કૉમર્સ, આર્ટ ઓફ લિવિંગ અને મ્યાનમાર હિંદી ન્યૂઝ ચૅનલના પ્રતિનિધિ શ્રી રવીન્દ્ર જૈનના વ્યાખ્યાનનું આયોજન તા. 25 જૂનના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમણે જણાવ્યું હતું કે મહેનતનો કોઈ વિકલ્પ નથી. બીજા સાથે પોતાને ક્યારેય સરખાવશો નહિ પરંતુ જાત સાથે સ્પર્ધા કરો, સજીવને વધુ મહત્ત્વ આપો, જીવનમાં નિયમિતતા રાખો, શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે દરરોજ કસરત કરો અને ક્યારેય પ્રયત્ન છોડશો નહિ. વધુમાં તેમણે ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે આગળ આવવા અને ભારતીય હોવાની ગૌરવની લાગણી અનુભવવા અપીલ કરી હતી.

● 47મી 'સર્વ નેતૃત્વ' તાલીમ શિબિરનું આયોજન કડી સ્થિત સર્વ વિદ્યાલય કૅમ્પસ ખાતે કરવામાં આવતાં વિશ્વવિદ્યાલયની 14 કૉલેજોના 64 વિદ્યાર્થીઓ જોડાયા હતા. ટ્રેનર શ્રી હરેશ પટેલે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વ અને જીવન ઘડતરના પાઠ શીખવ્યા હતા. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર શ્રી અમિતભાઈ ખત્રી દ્વારા ટ્રાફિકની સમસ્યાના ઉકેલ, વાહન ચલાવતાં સમયે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું, તેની ટ્રાફિકના નિયમો પર બનાવેલ ગીતો, શાયરીઓ અને ગરબા દ્વારા માહિતી આપી હતી. શ્રી પંકજ મલ કે જેઓ સમગ્ર ભારતમાં સાઇકલ લઈ યુવાનોને દેશ માટે જીવવાની પ્રેરણા પૂરી પાડવી, સ્વચ્છતા અભિયાન, સ્ત્રીસશક્તિકરણ, ગરીબ બાળકોને ભણાવવાં વગેરે કાર્યો દ્વારા સમાજ સેવા કરે છે તેમણે સમાજસેવાને જીવનનો હિસ્સો બનાવવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે તાલીમાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન આપીને શુભેચ્છાઓ પાઠવવાની સાથે સમાજ ઉત્થાનનાં કાર્યોમાં લાગી જવા આહ્વાન કર્યું હતું. સમાપન સમારંભમાં શ્રી પરાગભાઈ પટેલ, હાર્ટફૂલનેસ ઇન્સ્ટિટ્યૂટનાં એકતાબહેન અને તેમની ટીમ દ્વારા જીવનમાં સફળ થવા પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

● "48મી સર્વ નેતૃત્વ" તાલીમ શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી ખાતે તા. 05થી 09 જુલાઈ, 2019 દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલયની 14 કૉલેજોના 64 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રેનર શ્રી દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયાએ

વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રૂપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વનાં વિવિધ પાસાઓને સાંકળી લઈ જીવનલક્ષી વિષયોની તાલીમ આપી હતી. વધુમાં, મૌન રહીને પોતાની અંદર ડોકિયું કરી સંબંધોનું મહત્ત્વ સમજાવતાં ''વસુધૈવકુટુમ્બકમ''નો ભાવ જગાડવા જ્ઞાતિવાદ અને કોમવાદથી ઉપર ઉઠવા શીખ આપી હતી. આમંત્રિત મહેમાન શ્રી નિષ્ઠાબહેન ઠાકરે પોતાના જીવન સંઘર્ષની વાતો કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. ડૉ. કપિલ ત્રિવેદીએ પ્રતિદિન સવારે યોગ, પ્રાણાયામ અને વ્યાયામનું મહત્ત્વ સમજાવી તેનો અનુભવ પણ કરાવ્યો હતો. મંડળના ચેરમૅનશ્રી વલ્લભભાઈ પટેલે અભિનંદન પાઠવી શ્રેષ્ઠ પુસ્તક આપીને સન્માનિત કર્યા હતા. કાર્યક્રમના અંતે ઉવારસદ સ્થિત સદ્વિચાર વિકલાંગ કેન્દ્રની મુલાકાત કરાવી હતી આ બંને શિબિરોનું સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ, શ્રી ખુશ્બૂ પટેલ અને શ્રી ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### ગાંધી આશ્રમ

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલનાં ધોરણ-૬ના ૩૦૦ વિદ્યાર્થીઓને સાબરમતી સ્થિત ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જવામાં આવતાં ગાંધીજીના જીવન પર આધારિત પ્રદર્શન નિહાળી તેમના વિશે માહિતી મેળવી હતી.

### ગુરુપૂર્ણિમા

● શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા, કડીમાં તા. ૧૬-૭-૧૯ ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી સંસ્થા, કડી તરફથી દિવ્યઆત્માસ્વરૂપ રાજયોગીની સંગીતાદીદીએ અમીવચનોનો લાભ આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હૃદયમનને પ્રકાશિત કર્યો હતો. આ પ્રસંગે ગુરુ-શિષ્યનો મહિમા રજૂ કરતી નાટ્યકૃતિ 'એકલવ્ય' અને ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં. આચાર્યશ્રી ડૉ. બાબુલાલ પટેલે પ્રસંગોચિત વક્તવ્યમાં ગુરુમહિમા સમજાવ્યો હતો.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ અન્વયે વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા પર્વ આધારિત 'અંધેરી નગરી ચૌપટ રાજા' નાટકની અને વિદ્યાર્થિનીઓએ ગણપતિ સ્તુતિ તથા ગુરુબ્રહ્મા ગુરુ વિષ્ણુ આધારિત નૃત્ય રજૂ કર્યું હતું. શિક્ષિકા શ્રી આશાબહેને ગુરુપૂર્ણિમાનું મહાત્મ્ય સમજાવ્યું હતું. બ્રહ્માકુમારી સંસ્થાનાં કૈલાસદીદી અને મોનાલીદીદીએ શિષ્યના જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવતું પ્રેરક ઉદ્બોધન કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવતાં જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ ગુરુઓને શ્લોકના સુમધુર ગાન સાથે સ્વપ્રયત્ને તૈયાર કરેલ પુષ્પગુચ્છ અર્પણ કરી આરતી સાથે પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા, તેમજ ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત ગુરુપૂજન તથા ભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહારમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત બાળકોને એકલવ્યની વાર્તા કહીને ગુરુશિષ્યની ઓળખ કરાવી હતી. ગૌરીવ્રત નિમિત્તે બાળાઓને પૂજા કરાવી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં બાળકો દ્વારા પિતૃપૂજન કરી ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત બાળકોમાં ઉત્તમ મૂલ્યોનું સિંચન થાય તે માટે ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવી બાળગીતો ગવરાવ્યાં હતાં. આ ઉપરાંત ગૌરીવ્રતની ઉજવણી પણ કરવામાં આવી હતી.

### ચિત્ર સ્પર્ધા

● ગાંધીનગરના ૫૫મા સ્થાપના દિન નિમત્તે તા. ૨ ઑગસ્ટના રોજ 'બાળચિત્ર સ્પર્ધા-૨૦૧૯'નું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં સાત વિદ્યાર્થીઓએ ભાગ લઈ 'ગ્રીનગાંધીનગર' વિષય અંતર્ગત કલાકૃતિઓનું સર્જન કર્યું હતું. સેક્ટર-૭ ની લગ્નવાડીમાં યોજાયેલ આ ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને મહાનગરપાલિકાના સંયુક્ત સૌજન્યથી વિદ્યાર્થીઓને

કલરકીટ, ડ્રોઇંગપેપર, પીંછી તેમ જ પ્રસંગને અનુરૂપ કેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## તરુણાવસ્થા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં W.D.C. અંતર્ગત તા. ૧૦-૭-૧૯ના રોજ બ્રહ્માણી કૃપા હૉલમાં ગાંધીનગરનાં પ્રખ્યાત ગાયનેક ડૉક્ટર શ્રી નીતાબહેન શેખાતે ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓને તરુણાવસ્થા દરમિયાન માસિક ચક્રને લીધે જોવા મળતાં ચિન્હો, તથા પ્રશ્નો તેમજ તે દરમિયાન રાખવી પડતી તકેદારી વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આહારમાં શાકભાજી, કઠોળ, ભાજી, દૂધ, દહીં, છાશનો ઉપયોગ કરવા, જંકફૂડનો ત્યાગ કરવા, વધારે સાઇકલ ચલાવવા અને દોરડાં કૂદવાનું સૂચન કર્યું, તેમજ કેટલીક રસીઓની અગત્યતા વિશે સમજ આપી હતી. વધુમાં, પોતાનું રક્ષણ પોતે જ કરવાનું છે તે સમજાવતાં કોના કોનાથી સાવધાન રહેવું ? શારીરિક – માનસિક લક્ષણોમાં બદલાવ વિશે જાણકારી આપવા ઉપરાંત કંઈ અજુગતું થયું હોય તો સૌ પ્રથમ પોતાની માતાને સંકોચ રાખ્યા વગર કહી દેવા જણાવ્યું હતું.

## પરિસંવાદ

● તા. ૨૫-૭-૧૯ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર અને આર. જી. ગર્લ્સ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ‘આવર્ત કોષ્ટકમાં રહેલા રાસાયણિક મહત્ત્વની માનવ કલ્યાણ પર અસરો’’ એ વિષય અંતર્ગત સુંદર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે હાર્ટફૂલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રિલેક્સેશન તથા મેડિટેશન દ્વારા આંતરિક જાગ્રતતાનો અનુભવ કરાવવા માટે તા. ૧૧ અને ૧૨ જુલાઈના દિવસોમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમ જ વિદ્યાર્થીઓ સાથે પ્રેમ, કરુણા, દયા, સહાયતા, પ્રકૃતિ સાથે સંવાદિતા તથા આધ્યાત્મિકતા જેવાં નૈતિક મૂલ્યો સહ હાર્ટફૂલ શિક્ષક બનવાની પ્રેરણા તથા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે કેશકલા ગૂંથણ અને મેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રવેશોત્સવ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૧નાં બાળકોના પ્રવેશોત્સવનું આયોજન તા. ૨૦-૬-૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. ‘‘વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે, દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો’’ જેવા નારાઓ સાથે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને દરેક બાળકે વિદ્યાની દેવી સરસ્વતીને વંદન સહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઈ કાર્યક્રમને અનોખો રંગ આપી દીપાવ્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી, સુપરવાઈઝરશ્રીઓ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવી તેજસ્વી બને અને શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૨૯-૦૬-૨૦૧૯ના રોજ ધોરણ-૧નાં બાળકોનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં તમામ બાળકોને પેન્સિલ, રબર અને સંચાની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં બાળકોને જીવનઘડતર વિશે બાળભાષામાં સમજ આપી હતી. આ ઉપરાંત આ બધાં બાળકોના વાલીશ્રીઓની સભાનું તા. ૧ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા તા. ૧૫-૬-૧૯ના રોજ ધો.-૧ની વિદ્યાર્થિનીઓના પ્રવેશોત્સવની ઊજવણી કરવામાં આવતાં આચાર્યાશ્રી દ્વારા બાળકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ભારતીય સંસ્કૃતિ

● શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા તા. ૨૯-૯-૧૯ના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૫૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપતાં આ શાળાના પનારા પ્રિયાંશુ ભાવેશકુમારે સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

## મુલાકાત

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલનાં ધોરણ-૫ના ૩૦૦ વિદ્યાર્થીઓને લકુલીશ યોગ યુનિવર્સિટીની મુલાકાતે લઈ જતાં બાળકોને યોગ અને પ્રાણાયામ વિશે જાણકારી મેળવી હતી.

● એસ. જી. એસ. વી. અંગ્રેજી મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ ૧ના ૪૮૦ વિદ્યાર્થીઓને કાંકરિયાના પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે લઈ જઈ વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓથી પરિચિત કરાવવામાં આવ્યા હતા.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ ૧-૨નાં ૩૬૩ જેટલાં બાળકો માટે તા. ૯-૧૦, જુલાઈ, ૨૦૧૯ના રોજ સેક્ટર-૨૮ના બાલોદ્યાનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ રાઇડ્સમાં આનંદ માણી ખુશી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ધોરણ ૬-૭નાં વિદ્યાર્થીઓને બ્લીસ વૉટર પાર્ક, મહેસાણાની પિકનિકે લઈ જતાં વિદ્યાર્થીઓએ વિવિધ રાઇડ્સ, રેઈન ડાન્સ વગેરેનો આનંદ માણ્યો હતો.

## યોગદિન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૧-૦૬-૨૦૧૯ના રોજ વિશ્વયોગદિનની ઉજવણીનું આયોજન કરવામાં આવતાં યોગાસનોમાં શ્રેષ્ઠ હોય તેવાં બાળકોની આગેવાનીમાં અને વ્યાયામ શિક્ષકો શ્રી મનીષાબહેન પટેલ અને કે. કે. પટેલેની રાહબરીમાં શાળાના અન્ય વિદ્યાર્થીઓની સાથે પ્રાર્થના, હળવી એક્સરસાઈઝ, પ્રાણાયામ અને જુદાં જુદાં આસનોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય લાભની માહિતી રજૂ કરવામાં આવી હતી.

● તા. ૨૧-૬-૧૯ના રોજ એસ. જી. એસ. વી. અંગ્રેજી મીડિયમ પ્રાઇમરી સ્કૂલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આર્ટ ઑફ લિવિંગના શ્રી વિરલ ત્રિવેદીની ટીમ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તેમની વય અનુસાર વિવિધ યોગ કરાવ્યા હતા.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૧-૬-૧૯ના રોજ વિશ્વયોગદિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યોગ નિષ્ણાત શ્રી જે. સી. પટેલે શાળા પરિવારને યોગાભ્યાસ કરાવ્યો હતો.

## વાલીસભા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૯-૭-૧૯ના રોજ આંતરિક ગુણવત્તા સુધારા બાબતે વાલીશ્રીઓની ભાગીદારી વધે તે હેતુથી મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને એજ્યુકેશન ડિપાર્ટમેન્ટનાં ડીન ડૉ. વીણાબહેન પટેલની ઉપસ્થિતિમાં વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગત વર્ષે શાળાએ કરેલાં આયોજનો અને ચાલુ વર્ષનાં નવીન આયોજનો પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ગાંધીનગર રોટરી ક્લબનાં સભ્યશ્રી અલકાબહેન પટેલ તથા જાણીતા ડેન્ટીસ્ટ ડૉ. શ્રી અમીબહેન ભાવસારે હાજરી આપી શાળા પરિવારને પ્રોત્સાહિત કર્યો હતો.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૧ના વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓની સભાનું આયોજન તા. ૨૫ જૂનના રોજ કરવામાં આવતાં મોટી સંખ્યામાં વાલીશ્રીઓએ હાજરી આપી હતી, જેમાં બાળકોના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલ અને શાળાના શિક્ષકો દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન સહ સંસ્થાની માહિતી આપવામાં આવી હતી. સદર હેતુસર ધોરણ-૨ના વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓની સભાનું આયોજન તા. ૧૩ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સેક્ટર-૨૩માં સ્થિત ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીશ્રીઓની સભાનું આયોજન તા. ૭-૭-૧૯ના દિવસે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સોમભાઈ પટેલ, શ્રી કૌશલ્યાબહેન પરીખ અને પ્રિ. ડૉ. ચેતનાબહેન બુચે પ્રસંગોચિત ઉદ્‌બોધનો કર્યાં હતાં. સર્વે ગૃહમાતાઓ અને સુપરિન્ટેન્ડેટશ્રી વસંતીબહેને કાર્યક્રમનું કુશળતાપૂર્વક આયોજન કર્યું હતું.

## વૃક્ષારોપણ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરનાં બાળકો દ્વારા ફૂલછોડ રોપવાના કાર્યક્રમનું આયોજન તા. ૨૫ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૪-૭-૧૯ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં સ્કાઉટ ગાઇડની વિદ્યાર્થિનીઓ દ્વારા શાળાના પ્રાંગણમાં રોપાઓ રોપવામાં આવ્યા હતા. આચાર્યા શ્રી નીરૂબહેન પટેલે રોપાના જતન અને મહત્ત્વ વિશે માર્ગદર્શન આપી તેના જતનની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૯-૦૭-૨૦૧૯ના રોજ વિદ્યાર્થીઓ અને ટ્રાફિક પોલીસ સ્ટેશન સેક્ટર-૨૨, ગાંધીનગરના પોલીસ કર્મીઓએ સાથે મળી પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં વિવિધ ફૂલછોડનું રોપણ કર્યું હતું, તેમજ વાવેલા છોડનું જતન કરવાની પ્રતિજ્ઞા પણ

લીધી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૬-૦૭-૨૦૧૯ના રોજ શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ૭૦ જેટલા છોડવા રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ બાદ વિદ્યાર્થીઓએ દરેક છોડની સાર-સંભાળ રાખવાની જવાબદારી સ્વીકારી હતી. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે વૃક્ષોનું મહત્ત્વ સમજાવી તેનું જતન કરવાની શીખ આપી અભિનંદન પાઠવ્યા હતા.

## સર્જનાત્મક તાલીમ

● શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા, એસ. વી. કૅમ્પસ, કડીના શિક્ષકોએ બાળકોને સર્જનાત્મક કૌશલ્ય કેળવવા માટે માટીકામ, કાગળકામ, અને છાપકામમાંથી જુદાં જુદાં રમકડાં, પ્રાણીઓ, મોબાઇલ, ગણેશજી વગેરે વસ્તુઓ બનાવવાની તાલીમ આપી હતી. આ જ પ્રકારની તાલીમનું આયોજન એસ. વી. એસ. જી. અંગ્રેજી મીડિયમ પ્રાયમરી સ્કૂલ અને શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં પણ કરવામાં આવ્યું હતું.

## સ્વાતંત્ર્ય પર્વ

● રાષ્ટ્રના ગૌરવવંતા ૭૩મા સ્વતંત્રતા-પર્વની ઉજવણી તા. ૧૫ ઑગસ્ટના રોજ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં કરવામાં આવતાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના મંત્રીશ્રી ડૉ. જયંતીભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સ્વતંત્રતા દિન અને રક્ષાબંધનની હાર્દિક શુભકામનાઓ પાઠવતા હાથ ધરવામાં આવતું પ્રત્યેક કાર્ય રાષ્ટ્રગૌરવ અને રાષ્ટ્રહિતને ધ્યાને લઈને કરવા શીખ આપી હતી. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ તથા કેમ્પસની તમામ શાળા / કૉલેજોના કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને NCC અને NSS યુનિટ્સના સ્વયંસેવકોએ ખાસ હાજર રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. પ્રમુખ સ્વામી સાયન્સ અને આર્ટ્સ કૉલેજના N.C.C. કેડેટ્સ દ્વારા કડી બસ સ્ટેશનમાં ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ, ગાંધીનગરમાં ૭૩ મા સ્વાતંપ દિનની ઉજવણી અંતર્ગત કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ડૉ. સોમભાઈ પટેલે રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંઘર્ષ વર્ણવીને સ્વાતંત્ર્ય-પર્વનો મહિમા સમજાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યા શ્રી નીરૂબેન પટેલે મુખ્ય મહેમાનશ્રીનું સ્વાગત કરી તેમનો પરિચય કરાવ્યો હતો.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૫/૦૮/૨૦૧૯ ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ કર્મચારીગણે હાજરી આપી ધ્વજવંદન કર્યું હતું. આચાર્ય શ્રીમતી નીવાબહેન પટેલે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સ્વાતંત્ર્યદિનની શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત તા. ૧૪/૮/૧૯ ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા ભારતનાં જુદાં-જુદાં રાષ્ટ્રીય પ્રતીકોની કલાકૃતિઓનું સર્જન કરી તેને સુશોભિત કરવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના યજમાન પદે ૭૩મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી તા. ૧૫ ઑગસ્ટના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભગિની સંસ્થાઓનો પરિવાર મોટી સંખ્યામાં જોડાયો હતો. આ પ્રસંગે શેઠ સી. એમ. સ્કૂલનાં આચાર્યા ડૉ. ચેતનાબહેન બુચે મનનીય પ્રવચન આપીને રાષ્ટ્રીય ચેતના જગાવવાની અહલેક જગાડી હતી. આચાર્ય શ્રી અર્પિત ક્રિશ્ચયને દેશ માટે જીવવાની શીખ આપીને ઉત્સાહનો સંચાર કર્યા હતો.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૯, અંક : ૩, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૯, સળંગ અંક : ૫૨**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**





શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા પર્વ પ્રસંગે રાજયોગિની સંગીતાદીદી ગુરુમહાત્મ્ય વિશે ઉદ્‌બોધન કરી રહ્યાં છે તથા 'એકલવ્ય' નાટિકાનું દ્રશ્ય.




શ્રીમતી એમ. બી .પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા આયોજિત વૈજ્ઞાનિકોની વેશભૂષા સ્પર્ધાનું દ્રશ્ય.



શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા આયોજિત વિશ્વ યોગદિનની ઉજવણીનું દ્રશ્ય.



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર દ્વારા આયોજિત રથયાત્રાનું દ્રશ્ય.



મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર, કડી દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા અને ગૌરીવ્રતની ઉજવણીનું દ્રશ્ય.





શ્રી કડી નાગરિક સહકારી બેંક દ્વારા આયોજિત સર્જનાત્મક કૌશલ્યની તાલીમનાં બે દ્રશ્યો.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 9, Issue No. 4 July-August 2019**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી દ્વારા ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજનાં સંસ્કૃતનાં વિદુષી પ્રાધ્યાપિકા તથા વિભાગનાં અધ્યક્ષા ડૉ. યોગિનીબેન વ્યાસને ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રદત્ત **'સાહિત્ય ગૌરવ'** પુરસ્કારથી વિભૂષિત કરી રહયા છે તે પ્રસંગની તસવીર. આ અવૉર્ડ અન્વયે ડૉ. યોગિનીબેનને રૂપિયા એક લાખ, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહન એનાયત કરવામાં આવ્યાં હતાં.

